દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 309 ■ વિક્રમ સંવત ૨૦૮૨
પૌષ સુદ-૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 31 December 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26
બુધવાર, ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભારત ચોથું સૌથી મોટું અર્થતંત્રઃ જાપાનને પછાડ્યું

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 12,492/-
PER 1 GRAM OF 22KT
BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે જાહેરાત કરી છે કે ભારત ૪.૧૮ ટ્રિલ્યન ડોલરના કદ સાથે જાપાનને પાછળ છોડીને વિશ્વનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે.

મજબૂત વૃદ્ધિના આંકડાઓને આધારે ભારત ૨૦૩૦ સુધીમાં જર્મનીને પાછળ છોડીને ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવા માટેની દિશામાં છે અને તે વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર બની રહેશે.

પ્રેસ રિલીઝ અનુસાર, ૪.૧૮ ટ્રિલ્યન ડોલરના જીડીપી મૂલ્ય સાથે ભારત જાપાનને વટાવીને વિશ્વનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર બન્યું છે અને આગામી અઢીથી ત્રણ વર્ષમાં જર્મનીને ત્રીજા સ્થાનેથી હટાવવા માટે સજ્જ છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતનો જીડીપી ૭.૩ ટ્રિલ્યન ડોલર થવાનો અંદાજ છે. હાલમાં જીડીપી મૂલ્યોના આધારે અમેરિકા અને ચીન વિશ્વના (જુઓ પાનું ૨) ▶▶

## ફોકસ આર્થિક સુધારાઃ મોદી

નવી દિલ્હીઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના વિઝનને હાંસલ કરવા અને લાંબાગાળાની આર્થિક વૃદ્ધિ જાળવી રાખવા માટે વિવિધ ક્ષેત્રોમાં મિશન-મોડ સુધારા કરવાનું આહવાન કર્યું હતું.

કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ પહેલા નીતિ આયોગમાં અગ્રણી અર્થશાસ્ત્રીઓ અને નિષ્ણાતો સાથે વાતચીત કરતા મોદીએ વિશ્વસ્તરીય ક્ષમતાઓ ઉભી કરવા અને વૈશ્વિક એકીકરણ હાંસલ કરવા પર ભાર મૂક્યો હતો.

આ સંવાદનો મુખ્ય વિષય 'આત્મનિર્ભરતા અને માળખાકીય પરિવર્તનઃ વિકસિત ભારત માટેનો એજન્ડા' હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતની નીતિ નિર્ધારણ અને બજેટિંગ પ્રક્રિયા ૨૦૪૭ ના લક્ષ્યાંકો સાથે મજબૂત રીતે જોડાયેલી હોવી જોઈએ.

'વિકસિત ભારત'ને રાષ્ટ્રીય આકાંક્ષા ગણાવતા તેમણે નોંધ્યું હતું કે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું વિઝન હવે માત્ર સરકારી નીતિ પૂરતું મર્યાદિત નથી, (જુઓ પાનું ૨) ▶▶

બીએમસી ચૂંટણી



# ગુજરાતીઓને ઠેંગો

### ભાજપને બાદ કરતા મોટા ભાગના રાજકીય પક્ષોએ ઉમેદવારી આપવામાં ગુજરાતીઓને ગણતરીમાં જ નથી લીધાઃ ભગવા પક્ષે પણ થોડા જ ગુજરાતીઓને ટિકિટ આપી છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકા ૨૦૨૬ની ચૂંટણીમાં ફરી એક વખત રાજકીય પાર્ટીઓએ ગુજરાતીઓ સાથે અન્યાય કર્યો હોવાનું જણાઈ આવ્યું છે. મંગળવારે મોડી રાત સુધી મોટાભાગના પક્ષોની સંપૂર્ણ યાદી જાહેર નહોતી થઈ પણ 'મુંબઈ સમાચાર' પાસે રહેલી માહિતી પ્રમાણે ભાજપને બાદ કરતા અન્ય રાજકીય પક્ષોએ ગુજરાતીને ગણતરીમાં લીધા ન હોવાનું મોડી સાંજે હાથમાં આવેલી ઉમેદવારીઓની યાદી પરથી જણાઈ આવ્યું છે. ગુજરાતીઓ પરંપરાગત રીતે ભાજપની વોટબેંક કહેવાય છે, છતાં ભાજપે મુંબઈના ૩૫ લાખથી વધુ ગુજરાતીઓની ફરી એક વખત અવગણના કરી છે. ભાજપે માંડ ૨૨ ગુજરાતી-મારવાડીઓને ચૂંટણી માટે ઉમેદવારી આપી છે.

મુંબઈ મહાનગરપાલિકાની ૨૦૨૬ની ચૂંટણી માટે મંગળવારે ઉમેદવારી દાખલ કરવાના છેલ્લા દિવસની યાદી મુજબ ભાજપે માત્ર ૨૨ ગુજરાતી-મારવાડી ઉમેદવારોને ટિકિટ આપી હતી. તો કૉંગ્રેસે છ ગુજરાતી-મારવાડી ઉમેદવારને ટિકિટ આપી હતી. ઉદ્ધવની યુબીટીએ એક અને શરદ પવારની રાષ્ટ્રવાદી કૉંગ્રેસે એકને ટિકિટ આપી છે, તો શિંદે સેનાએ ગુજરાતીઓની અવગણના કરી હોવાનું લાગે છે. તેની સામે ગુજરાતીઓની સામે પહેલાથી દ્વેષ ધરાવતી રાજ ઠાકરેની મનસેએ વડાલામાંથી એક માત્ર ગુજરાતી મહિલાને ઉમેદવારી આપીને ચોંકાવી દીધા હતા.

મુંબઈ મહાનગરપાલિકાની ૨૦૧૭ની ચૂંટણીમાં તમામ મોટા રાજકીય પક્ષોના ૪૦થી વધુ ગુજરાતી ઉમેદવારો મેદાનમાં હતા, તેની સામે આ વર્ષે તમામ પક્ષોના મળીને ૩૦થી ઉપર આંકડો ગયો ન હોવાનું મંગળવારે મોડી સાંજે જણાઈ આવ્યું હતું. જોકે દિવસ દરમ્યાન ગણ્યાંગાંઠ્યા ગુજરાતી ઉમેદવારોએ અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી હતી, તેમાં મુખ્યત્વે ભાજપના વડાલાના વોર્ડ નંબર ૧૭૭ના ભૂતપૂર્વ નગરસેવિકા નેહલ શાહે પક્ષે ટિકિટ નહીં આપતા અપક્ષ રીતે ચૂંટણી લડવા માટે ફોર્મ ભર્યું હતું.


ભાજપે કુલ ૨૨ ગુજરાતી-મારવાડી સમાજના ઉમેદવારને ટિકિટ આપી છે, જોકે તેની સામે ગઈ ચૂંટણીમાં જીતેલા અનેક ગુજરાતીઓનાં પત્તાં કપાઈ ગયાં છે. અનેક ગુજરાતી નગરસેવકોની (જુઓ પાનું ૪) ▶▶

# બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુ યુવકની હત્યા

ઢાકા/નવી દિલ્હીઃ બાંગ્લાદેશમાં લઘુમતીઓને વારંવાર નિશાન બનાવવામાં આવી રહ્યા છે, જેમાં વધુ એક હિન્દુ યુવકની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી છે. લઘુમતીઓમાં ખાસ કરીને હિન્દુઓ પર હુમલાઓ વધ્યા છે, જ્યારે જ્યારે વધતા હુમલાને લઈ ભારત સહિત સમગ્ર દુનિયાભરના હિંદુઓમાં બાંગ્લાદેશ પ્રત્યે ગુસ્સો વધી રહ્યો છે. હિંદુઓ પર વધતા હુમલાને લઈ માનવ અધિકાર સંગઠનોએ પણ બાંગ્લાદેશ સરકારને વખોડી નાખી હતી.

સોમવારે વધુ એક યુવકની ફેક્ટરીમાં મુસ્લિમ મિત્રએ ગોળી મારીને હત્યા કરી નાખી છે. સોમવારે રાતના ૬.૪૫ વાગ્યાના સુમારે મેહરાબારી વિસ્તાર સ્થિત સુલતાન સ્વેટર્સ લિમિટેડ (લાબીબ ગ્રુપ)માં ફાયરિંગ થયું હતું. ફેક્ટરીમાં સુરક્ષા ગાર્ડ બજેન્દ્ર બિશ્વાસનું ગોળી વાગવાથી મોત થયું હતું. પોલીસે આરોપી નોમાન મિયા (૨૯)ની ધરપકડ પણ કરી છે. બાંગ્લાદેશમાં હિંદુઓની વધતી હત્યા મુદ્દે હિંદુઓની સુરક્ષાને લઈ ગંભીર સવાલો ઊભા થયા છે.

સોમવારે રાતના ૬.૪૫ વાગ્યાના સુમારે મેહરાબારી વિસ્તારની ફેક્ટરીમાં બનાવ બન્યો હતો. પોલીસના જણાવ્યાનુસાર બજેન્દ્ર બિશ્વાસ અને નોમાન મિયા ફેક્ટરી પરિસરમાં હતા ત્યારે બંને વચ્ચે વાતચીત વખતે શોટગનથી નોમાન મિયાએ બજેન્દ્ર પર ફાયરિંગ કર્યું હતું. અચાનક ફાયરિંગમાં બજેન્દ્રને ગંભીર ઈજા પહોંચ્યા પછી હોસ્પિટલમાં (જુઓ પાનું ૨) ▶▶



# બાંગ્લાદેશનાં ભૂતપૂર્વ વડાં પ્રધાન ખાલિદા ઝિયાનું અવસાન

ઢાકાઃ બાંગ્લાદેશનાં પ્રથમ મહિલા વડાં પ્રધાન ખાલિદા ઝીયા, જેમણે તોફાની લશ્કરી શાસનના સમયગાળા પછી લોકશાહી પુનઃસ્થાપિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી અને દાયકાઓ સુધી દેશના રાજકારણ પર પ્રભુત્વ મેળવ્યું હતું, તેમનું મંગળવારે લાંબી માંદગી બાદ અવસાન થયું હતું. તેઓ ૮૦ વર્ષના હતા. ઝીયાને તેમના પતિની કબરની બાજુમાં બુધવારે (આજે) સંપૂર્ણ રાષ્ટ્રીય સન્માન સાથે દફનાવવામાં આવશે. ભારત તરફથી વિદેશ પ્રધાન એસ. જયશંકર હાજર રહેશે. ઝીયાના મોટા પુત્ર અને બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી) ના કાર્યકારી અધ્યક્ષ ત્રિક રહેમાને જણાવ્યું હતું કે મારી માતા હવે નથી રહ્યાં. ઝીયા ત્રણ વખત વડા પ્રધાન રહી ચૂક્યા હતા અને બીએનપીનું અધ્યક્ષ પદ સંભાળ્યું હતું. તેમના અંગત ચિકિત્સક, ડો. ઝાહિદ હુસૈને જણાવ્યું હતું કે તેમણે મંગળવારે વહેલી સવારે ઢાકાની એવરકેર હોસ્પિટલમાં સારવાર (જુઓ પાનું ૨) ▶▶

# ટાર્ગેટ ઈશાન ભારતઃ બાંગ્લાદેશી કટ્ટરપંથીઓના ૧૧ સાગરીત પકડાયા

### આસામ અને ત્રિપુરામાંથી ઝડપાયેલા આ લોકોનો ઉદ્દેશ ઈશાન ભારતમાં અશાંતિ ફેલાવવાનો હતો

ગુવાહાટીઃ પોલીસે મંગળવારે જણાવ્યું હતું કે બાંગ્લાદેશસ્થિત કટ્ટરપંથી જૂથો સાથે કથિત સાઠગાંઠ બદલ આસામ અને ત્રિપુરામાં અગિયાર લોકોની ધરપકડ કરવામાં આવી છે, જે ઉત્તરપૂર્વને અસ્થિર કરવાનો હેતુ ધરાવતા હતા. એક પત્રકાર પરિષદને સંબોધતા, ગુવાહાટી પોલીસ કમિશનર પાર્થસારથી મહંતે જણાવ્યું હતું કે સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ) એ કેન્દ્રીય એજન્સીઓ દ્વારા આપવામાં આવેલી ગુપ્ત માહિતીના આધારે ધરપકડ કરી છે.

તેમણે જણાવ્યું હતું કે ગઈકાલે રાત્રે ત્રિપુરા ઉપરાંત આસામના બારપેટા, ચિરાંગ, બક્સા અને દરંગ જિલ્લામાં એક ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. અમે કુલ ૧૧ જેહાદી તત્વોની ધરપકડ કરી છે, જેઓ બાંગ્લાદેશ સ્થિત જૂથોના સીધા આદેશ હેઠળ (જુઓ પાનું ૨) ▶▶

# ૨૦૨૬માં ભારત અને પાકિસ્તાન વચ્ચે થશે યુદ્ધઃ અમેરિકી થિંક ટેન્ક

વોશિંગ્ટનઃ અમેરિકન વિદેશ નીતિના નિષ્ણાતોના સર્વેક્ષણ પર આધારિત એક અમેરિકી થિંક ટેન્કના રિપોર્ટ અનુસાર, ૨૦૨૬માં ભારત અને પાકિસ્તાન વચ્ચેના વિવાદો સશસ્ત્ર સંઘર્ષમાં ફેરવાઈ શકે તેવી શક્યતા છે. 'કાઉન્સિલ ઓન ફોરેન રિલેશન્સ'એ આ સશસ્ત્ર સંઘર્ષની શક્યતાને ''મધ્યમ'' ગણાવી છે અને કહ્યું છે કે તેની અમેરિકન હિતો પર ''મધ્યમ અસર'' પડી શકે છે.

સીએફઆરના 'કોન્ફ્લિક્ટ્સ ટુ વોચ ઇન ૨૦૨૬' રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, વધતી જતી આતંકવાદી પ્રવૃત્તિઓને કારણે ભારત અને પાકિસ્તાન વચ્ચે નવેસરથી સશસ્ત્ર સંઘર્ષ થવાની મધ્યમ શક્યતા છે.

ઉલ્લેખનીય છે કે, મે મહિનામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાર દિવસીય 'મિનિ-વોર' થયું હતું, જેમાં શ્રેણીબદ્ધ ડ્રોન અને મિસાઇલ હુમલાઓ તેમજ વળતા હુમલાઓ જોવા (જુઓ પાનું ૨) ▶▶

હવે મધ્ય-પૂર્વમાં યુદ્ધની ઝાળ લાગી

# યુએઇથી યમન આવેલાં હથિયારોનાં શિપમેન્ટ પર સાઉદીનો બૉમ્બમારો

દુબઈઃ સઉદી અરેબિયાએ મંગળવારે યમનના બંદર શહેર મુકાલા પર બોમ્બમારો કરી એવા હથિયારોના શિપમેન્ટને નિશાન બનાવ્યું હતું જે અંગે દાવો કરવામાં આવી રહ્યો છે કે તે હથિયારો સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) તરફથી આવ્યા છે અને યમનના એક અલગતાવાદી સંગઠન માટે મોકલવામાં આવી રહ્યા છે. સઉદી અરેબિયાએ મંગળવારે આ સૈન્ય કાર્યવાહીની પુષ્ટી કરી હતી. બાદમાં સાઉદી અરેબિયાએ યમનમાં અલગતાવાદીઓની તાજેતરની પ્રગતિ સાથે યુએઈનો સીધો સંબંધ ગણાવ્યો હતો અને અબૂ ધાબીને ચેતવણી (જુઓ પાનું ૨) ▶▶

# ચૂંટણી જીતવા ઘૂસણખોરીને પ્રોત્સાહન આપે છે મમતા બેનરજીઃ અમિત શાહ

કોલકાતા : પશ્ચિમ બંગાળની ચૂંટણી માટે સૂર સેટ કરતા કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે મંગળવારે મુખ્ય પ્રધાન મમતા બેનરજીને લક્ષ્ય બનાવતા કહ્યું હતું કે ચૂંટણીમાં લાભ ખાટવા મમતા બેનરજી બાંગ્લાદેશીઓની ઘૂસણખોરીને પ્રોત્સાહન આપે છે.

તૃણમૂલ કોંગ્રેસે મંગળવારે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ પર વળતો શાબ્દિક પ્રહાર કર્યો હતો, અને દાવો કર્યો હતો કે ભાજપ વિધાનસભા ચૂંટણીમાં ૫૦નો આંકડો પણ પાર નહીં કરે અને શરમજનક હારનો સામનો કરશે.

તેમના પર ૨૦૨૬ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં બે તૃતીયાંશ બહુમતી મેળવવાના ખોટા દાવાઓ અને પાયાવિહોણા દાવા કરવાનો આરોપ પણ લગાવ્યો હતો. ટીએમસીના વરિષ્ઠ નેતા અને રાજ્ય શિક્ષણ પ્રધાન બ્રત્ય બાસુએ પત્રકારોને જણાવ્યું (જુઓ પાનું ૨) ▶▶



# ઉડાન ક્ષેત્રે મોટી હરણફાળઃ સ્વદેશી હેલિકૉપ્ટર 'ધ્રુવ એનજી'ને લીલી ઝંડી

બેંગલૂરુઃ દેશના સ્વદેશી એરોસ્પેસ ઉત્પાદનમાં એક સીમાચિહ્નરૂપ સિદ્ધિ હાંસલ કરતા આગામી પેઢીના મલ્ટિ-રોલ સિવિલ હેલિકોપ્ટર ધ્રુવ એનજીએ અહીં તેની પ્રથમ ઉડાન ભરી હતી. આ હેલિકોપ્ટરને હળવા ટ્વિન-એન્જિન હેલિકોપ્ટરના વિકલ્પ તરીકે જોવામાં આવી રહ્યું છે. કેન્દ્રીય મંત્રી રામ મોહન નાયડુએ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા બનાવવામાં આવેલા આ હેલિકોપ્ટરને લીલી ઝંડી આપી હતી અને તેને દેશની ક્ષમતાનું પ્રતીક ગણાવ્યું હતું. લીલી ઝંડી આપતા અગાઉ મંત્રીએ આરતી પણ કરી અને પૂજામાં ભાગ લીધો હતો.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા નાગરિક ઉડ્ડયન બજારની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે (જુઓ પાનું ૨) ▶▶

પ્રિયંકા ગાંધીનાં ઘરે તોરણ બંધાયા...

# દીકરા રેહાનની મુસ્લિમ ગર્લફ્રેન્ડ સાથે સગાઈ

નવી દિલ્હીઃ કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીના પુત્ર રેહાન વાડ્રાએ તેની ગર્લફ્રેન્ડ અવીવા બેગ સાથે સગાઈ કરી લીધી છે. બેગ દિલ્હીની જ રહેવાસી છે અને રેહાનની જેમ જ ફોટોગ્રાફર છે. અહેવાલો અનુસાર, બંને પરિવારોએ આ કાર્યક્રમને અત્યંત ખાનગી રાખ્યો હતો. આ અંગેની જાણકારી માત્ર ખૂબ જ નજીકના સંબંધીઓને જ આપવામાં આવી હતી. એવું કહેવાય છે કે અવીવાને ફોટોગ્રાફીનો શોખ છે, જ્યારે રેહાન પણ ફોટોગ્રાફી સાથે જોડાયેલા છે. મીડિયા અહેવાલ અનુસાર, કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી અને રોબર્ટ વાડ્રાના પુત્ર રેહાન વાડ્રાએ તેમની સાત વર્ષ જૂની ગર્લફ્રેન્ડ સાથે સગાઈ કરી હોવાના અહેવાલ છે. એવું (જુઓ પાનું ૨) ▶▶



## કોણ છે અવિવા બેગ?

● અવિવાએ ઓપી જિંદાલ ગ્લોબલ યુનિવર્સિટીમાંથી જર્નલિઝમ અને કમ્યુનિકેશનનો અભ્યાસ કર્યો છે અને તેની લિન્કડઇન પ્રોફાઇલ પર શેર કરવામાં આવેલી જાણકારી અનુસાર તેણે દિલ્હીની મોર્ડન સ્કૂલમાંથી હ્યુમેનિટીઝમાં પોતાનું સ્કૂલનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો.

● તેણી એટેલિયર ૧૧ની કો-ફાઉન્ડર છે જે એક ફોટોગ્રાફી સ્ટુડિયો અને પ્રોડક્શન કંપની છે જે ભારતભરમાં એજન્સીઓ, બ્રાન્ડ્સ અને ક્લાયન્ટ્સ સાથે કામ કરે છે. તેનું મુખ્યરૂપે રોજિંદા જીવનને કેમેદામાં કેદ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

● રિપોર્ટ્સ અનુસાર, આ કપલ લગભગ સાત વર્ષથી સાથે છે. એક રિપોર્ટ અનુસાર, અવિવાએ (જુઓ પાનું ૨) ▶▶

# અમેરિકામાં એન્ટ્રી અને એક્ઝિટ માટે ટીવીએસ સિસ્ટમ

વોશિંગ્ટનઃ ડોનલ્ડ ટ્રમ્પના પ્રમુખ બન્યા બાદ અમેરિકામાં ઘણા ફેરફાર થઈ રહ્યા છે. ખાસ કરીને વિઝાના નિયમોમાં મોટા ફેરફાર થયા છે. એચ-વનબી વિઝાના નિયમમાં ફેરફારને કારણે ભારતીયોને ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે ત્યારે હવે અમેરિકામાં એન્ટ્રી-એક્ઝિટને લઈને નવા ફેરફાર કરવામાં આવ્યા છે.

ટ્રમ્પે અમેરિકામાં પરદેશીઓના એન્ટ્રી-એક્ઝિટના નિયમો કડક બનાવી દીધા છે. અમેરિકા જનારા તથા અમેરિકાથી પાછા આવનાર લોકોની તપાસ માટે ૨૬ ડિસેમ્બરથી ટ્રાવેલર વેરિફિકેશન સર્વિસ (ટીવીએસ) સિસ્ટમ લાગુ કરી છે. ટીવીએસ એક એવી સિસ્ટમ છે, જે પરદેશીઓની આઇડેન્ટિટીનું વેરિફિકેશન કરવા માટે બાયોમેટ્રિક ડેટાનો ઉપયોગ કરે છે. તેમાં ફેશિયલ રિકોગ્નેશન (જુઓ પાનું ૨) ▶▶

# પુતિનના આવાસ પર હુમલો કરવાનું સાવ જ અયોગ્યઃ મોદી અને ટ્રમ્પ

### બંને નેતાએ કહ્યું કે, આવાં કૃત્યોની શાંતિ પ્રયાસો પર ગંભીર અસર પડશે

નવી દિલ્હીઃ વિશ્વભરમાં જ્યારે રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધનો અંત લાવવા માટે રાજદ્વારી પ્રયાસો તેજ બન્યા છે, ત્યારે ફરી એકવાર સ્થિતિ ગંભીર બનતી દેખાઈ રહી છે. લાંબા સમયથી ચાલી રહેલા આ સંઘર્ષમાં શાંતિની આશા જન્મી હતી, પરંતુ તાજેતરના ડ્રોન હુમલાના દાવાઓએ બંને દેશો વચ્ચે ફરી એકવાર તણાવ વધારી દીધો છે. રશિયાએ કરેલા ગંભીર આક્ષેપોને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતાનું મોજું ફરી વળ્યું છે, જેનાથી આગામી સમયમાં યુદ્ધ વિરામની શક્યતાઓ પર પ્રશ્નાર્થચિહ્ન મુકાયું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનના સત્તાવાર નિવાસસ્થાનને નિશાન બનાવવામાં આવ્યા હોવાના અહેવાલો પર ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે વર્તમાન (જુઓ પાનું ૨) ▶▶

## પુતિન ગુસ્સામાંઃ અણુમિસાઈલ ઓરેશ્નિક ફરીથી તહેનાત કરી

મોસ્કો : યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધવિરામની ચર્ચા વચ્ચે યુક્રેને રશિયાના રાષ્ટ્રપતિ પુતિનના સત્તાવાર નિવાસસ્થાન પર ડ્રોન હુમલો કર્યો હતો. જેની બાદ રશિયાએ પણ યુક્રેનને જડબાતોડ જવાબ આપવા તૈયારી કરી છે. આ અંગે મળતી માહિતી મુજબ રશિયાએ પ્રથમ વાર ઓરેશ્નિક અણુ મિસાઇલોને તહેનાત કરી છે. યુક્રેન પર વિનાશક પરમાણુ હુમલો થવાની આશંકા વધી ગઈ છે.

આ અંગે રશિયન સંરક્ષણ મંત્રાલયે મંગળવારે જણાવ્યું હતું કે રશિયાની પરમાણુ-સક્ષમ ઓરેશ્નિક મિસાઇલ સિસ્ટમ સક્રિય કરવામાં આવી છે. મંત્રાલયે જણાવ્યું હતું કે આ મિસાઇલો પાડોશી બેલારુસમાં તૈનાત કરવામાં આવી છે. (જુઓ પાનું ૨) ▶▶

**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ખાલિદા ભારત તરફી નહોતાં પણ પાકિસ્તાન-ચીનની કઠપૂતળી ન બન્યાં

બાંગ્લાદેશનાં પહેલાં મહિલા વડા પ્રધાન બેગમ ખાલિદા ઝિયાનું મંગળવારે ૮૦ વર્ષની વયે નિધન થયું એ સાથે જ એશિયાનાં એક મહાન મહિલા નેતાએ કાયમી વિદાય લીધી. બાંગ્લાદેશના મુખ્ય રાજકીય પક્ષોમાંથી એક બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી બીએનપીનાં ચેરપર્સન ખાલિદા ઝિયા ઘણાં વર્ષોથી ગંભીર રીતે બીમાર હતાં અને લીવર સિરોસિસ, ડાયાબિટીસ તેમ જ હૃદય અને છાતીની સમસ્યાઓથી પિડાતાં હતાં. લાંબા સમયથી ઢાકાની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલાં ખાલિદા ઝિયાની તબિયત કથળી જતાં તેમના પરિવારને અંતિમ દિવસોમાં તેમની સાથે રહેવા કહી દેવાયું હતું. આ કારણે મોટા પુત્ર તારિક પાંચ દિવસ પહેલાં એટલે કે પચીસ ડિસેમ્બરે જ ૧૮ વર્ષ પછી યુકેથી બાંગ્લાદેશ પાછા ફર્યા હતા. લાંબા સમયથી બીમાર ખાલિદાએ મોટા દીકરાનું મોં જોવા માટે જ શ્વાસ ટકાવીને બેઠાં હોય એમ તારીકના આગમનના ૪૮ કલાકમાં જ જીવનલીલા સંકેલી લીધી.

બાંગ્લાદેશના રાજકારણમાં ખાલિદા ઝિયા અને શેખ હસીનાની રાજકીય હરીફાઈ જાણીતી છે. શેખ હસીનાનો પરિવાર ભારત તરફી હતો અને હસીના પોતે પણ ભારતનાં સમર્થક છે. બીજી તરફ ખાલિદા ઝિયાની નીતિ ભારત તરફી નહોતી તેથી ભારતીયોને હસીના માટે સોફ્ટ કોર્નર છે અને ખાલિદાને ઘણાં વિલન માને છે પણ બાંગ્લાદેશમાં ખાલિદા ઝિયાને શેખ હસીના કરતાં મોટાં નેતા માનવામાં આવે છે. ખાલિદા ઝિયાને બાંગ્લાદેશીઓ જ નહીં પણ આખી દુનિયા જીગરવાળાં નેતા તરીકે સલામ કરે છે. તેમાં કશું ખોટું પણ નથી કેમ કે ખાલિદા ઝિયાએ બાંગ્લાદેશમાં લોકશાહીની ફરી સ્થાપના માટે જે જંગ ખેલ્યો એવો જંગ બહુ ઓછાં લોકો ખેલી શકે. જનરલ ઈર્શાદના સરમુખત્યારશાહી શાસન સામે શેખ હસીના સહિતનાં બધાંએ ઘૂંટણ ટેકવી દીધાં હતાં ત્યારે ખાલિદા લડતાં હતાં અને બાંગ્લાદેશમાં ફરી લોકશાહીની સ્થાપના કરાવીને જ તેમણે ઝંપ લીધો.

જનરલ ઈરશાદે ખાલિદાને દબાવી દેવા માટે બહુ ફાંફાં મારી જોયાં પણ ખાલિદાએ મચક નહોતી આપી. સાત વર્ષમાં સાત વાર તો ખાલિદાને જેલભેગાં કરી દેવાયાં અને નજરકેદ તો કેટલો સમય રહ્યાં તેનો હિસાબ જ નથી પણ ખાલિદા ના નમ્યાં તે ના જ નમ્યાં. ઈરશાદે ૧૯૮૬માં તમાશારૂપ ચૂંટણી કરી ત્યારે શેખ હસીનાની અવામી લીગ સહિતની પાર્ટીઓ પાણીમાં બેસી ગઈ હતી અને ચૂંટણી લડી હતી પણ ખાલિદાએ ચૂંટણીનો બહિષ્કાર કરીને કદી નહીં ઝૂકવાના મિજાજનો પરચો આપ્યો હતો. આ કારણે બાંગ્લાદેશના રાજકીય ઇતિહાસમાં ખાલિદા ઝિયાને મર્દાના મિજાજનાં નેતા ગણવામાં આવે છે.

ખાલિદાને આ મિજાજ તેમના પતિ ઝિયા ઉર રહેમાનની સોબતના કારણે મળ્યો હતો. જનરલ ઝિયા પાકિસ્તાન આર્મીમાં હતા પણ પાકિસ્તાન મિલિટરીએ બાંગ્લાદેશીઓ પર કરેલા અમાનુષી અત્યાચારોના કારણે બળવો કરીને પોતાના કમાન્ડિંગ ઓફિસર લેફ્ટનન્ટ કર્નલ અબ્દુલ રશિદ જાંજુઆને ફાંસીએ લટકાવી દીધા. ઈન્ડિયન આર્મીએ પાકિસ્તાનને ૧૯૭૧ના યુદ્ધમાં હરાવીને બાંગ્લાદેશને મુક્ત કરાવ્યું તેના ૮ મહિના પહેલાં માર્ચમાં જનરલ ઝિયાએ બાંગ્લાદેશને આઝાદ જાહેર કરીને નવા રાષ્ટ્રની સ્થાપનાનું એલાન કરી દીધું હતું.

જનરલ ઝિયાની બગાવતના કારણે ખાલિદા ઝિયા પોતાના બંને દીકરા સાથે ભાગતાં થઈ ગયાં હતાં. લગભગ ૪ મહિના સુધી અલગ અલગ ઠેકાણે રહ્યાં ને પાકિસ્તાન આર્મીના જાસૂસો સતત તેમની પાછળ જ હતા. છેવટે ૨ જુલાઈએ ખાલિદા ઝડપાઈ ગયાં ને પાકિસ્તાની સેના દ્વારા તેમને નજરકેદ કરવામાં આવ્યાં હતાં. જુલાઈથી ડિસેમ્બર ૧૯૭૧ સુધી પાકિસ્તાની સેનાની કેદમાં રહ્યા પછી પાકિસ્તાન આર્મીની હાર સાથે ૧૬ ડિસેમ્બર ૧૯૭૧ના રોજ ખાલિદાને પણ મુક્ત કરવામાં આવ્યાં હતાં.

બાંગ્લાદેશની રચના પછી જનરલ ઝીયા આર્મીમાં રહ્યા ને પછી બાંગ્લાદેશ નેશનલ પાર્ટીની સ્થાપના કરીને રાજકારણમાં આવેલા. ઝીયા પ્રમુખ પણ બનેલા. અને ૧૯૮૧માં તેમની હત્યા પછી ખાલિદાએ તેમનું સ્થાન લીધું અને જનરલ ઈરશાદના સરમુખત્યારશાહી સામે યાદગાર લડત આપી. આ લડતના કારણે ઈરશાદે સત્તા છોડવી પડી અને ૧૯૯૧માં ખાલિદા ઝિયા ભવ્ય વિજય સાથે ચૂંટણી જીતીને બાંગ્લાદેશનાં પ્રથમ મહિલા વડાં પ્રધાન બન્યાં.

ખાલિદાએ બાંગ્લાદેશની કાયાપલટ કરી નાખી એમ કહેવામાં ખોટું નથી. તેમના કાર્યકાળમાં સંસદીય લોકશાહી એ હદે મજબૂત બની કે, છેક હમણાં સુધી બાંગ્લાદેશમાં લોકશાહી ટકી તેનું શ્રેય ખાલિદાને જાય છે. હસીના પણ ખાલિદાની જેમ વર્ત્યાં હોત તો સત્તા ના ખોવી પડી હોત. ખાલિદાએ મુક્ત અને ન્યાયી ચૂંટણી થાય એ માટે સત્કાતા છોડીને કાર્યકારી સરકારની પ્રથા દ્વારા નવો ચિલો ચાતર્યો કે જેથી કોઈ આંગળી જ ના ચીંધી શકે. બાંગ્લાદેશ આજે હોઝિયરી મેન્યુફેક્ચરિંગમાં ચીનને હંફાવે છે તેનો પાયો ખાલિદાએ નાખેલો. ખાલિદાએ પોતાના પહેલા કાર્યકાળમાં ઘણા આર્થિક સુધારા કર્યા. વેલ્યુ એડેડ ટેક્સ (વીએટી) ઉપરાંત, બેંકો, નાણાકીય સંસ્થાઓ માટે કાયદા બનાવ્યા.

બાંગ્લાદેશમાં શિક્ષણનું પ્રમાણ વધારવા માટે મફત શિક્ષણ સહિતની યોજનાઓ અત્યંત સફળ રહી. ખાલિદા ૧૯૯૬માં ફરી સત્તામાં આવેલો પણ બીજો કાર્યકાળ ખૂબ ટૂંકા સમય માટે હતો. ૨૦૦૧માં ખાલિદા ઝિયા ભ્રષ્ટાચાર તથા આતંકવાદ સામે કડક કાર્યવાહી કરવાનું વચન આપીને ફરી સત્તામાં આવ્યાં પણ સત્તા ટકાવવા માટે જમાત ઈસ્લામી જેવી કટ્ટરવાદી પાર્ટી સાથે હાથ મિલાવ્યા તેમાં આબરૂ ખરડાઈ. ભ્રષ્ટાચારના આક્ષેપો પણ થયા તેમાં પણ અપ્રિય થયાં ને તેનો લાભ શેખ હસીનાને એવો મળ્યો કે હસીના સત્તા પર ચોંટડૂક થઈ ગયાં. હસીનાના કાર્યકાળમાં ખાલિદા સામે કેસ પર કેસ થયા ને તેમાં દોષિત ઠરતાં જેલમાં પણ જવું પડ્યું. હસીના ભાગ્યાં પછી માંડ માંડ એ જેલમાંથી બહાર આવ્યાં પણ ફરી સત્તામાં આવી શકાય એટલું લાબું ન જીવી શક્યાં.

ખાલિદા ઝિયા શેખ હસીનાની જેમ ભારતનાં ખુલ્લાં સમર્થન નહોતાં. બલકે ઘણા બધા મુદ્દે ખાલિદાનું વલણ ભારત વિરોધી હતું પણ સામે એ પણ કબૂલવું પડે કે, ખાલિદાએ પાકિસ્તાન કે ચીનને બાંગ્લાદેશમાં ઘૂસવા નહોતાં દીધાં. ખાલિદા ઝિયા કહેતાં કે, બાંગ્લાદેશની સાર્વભૌમત્વ અને સુરક્ષા સર્વોપરી છે. આ કારણે ભારત સાથે ટકરાવ પણ થતો પણ ભારત તરફ ખાલિદાએ કદી ખાર નહોતો બતાવ્યો કે, પાકિસ્તાન કે ચીનના ખોળામાં બેસીને ભારતને નુકસાન પણ નહોતું કર્યું.

ખાલિદા ૧૯૭૨ની ભારત-બાંગ્લાદેશ મૈત્રી સંધિની વિરુદ્ધ હતાં. તેમની દલીલ હતી કે આ સંધિને કારણે બાંગ્લાદેશ પગભર નથી થતું અને ભારતનું આંગળિયાત હોય એવી છાપ પડે છે. ખાલિદા વડાં પ્રધાન હતાં ત્યારે ભારતે ઉત્તરપૂર્વીય રાજ્યો સુધીનો રસ્તો પહોળો કરવા માટે બાંગ્લાદેશ પાસે જમીન માગી હતી પણ ખાલિદાએ જમીન નહોતી આપી. ખાલિદાનું કહેવું હતું કે, બાંગ્લાદેશની ધરતી પરથી ભારતને પસાર થવા દેવાથી બાંગ્લાદેશની સુરક્ષાને જોખમ થશે. ખાલિદા પોતાનું રાજકારણ રમતાં હતાં પણ પાકિસ્તાન-ચીનની કઠપૂતળી કદી ના બન્યાં એ માટે પણ ભારત તેમને યાદ રાખશે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર શિશિરઋતુ,
બુધવાર, તા. ૩૧-૧૨-૨૦૨૫, રામ પ્રતિષ્ઠા મહોત્સવ (અયોધ્યા),

- ભારતીય દિનાંક ૧૦, માહે પૌષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ સુદ-૧૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે પૌષ, તિથિ સુદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૬મો મહેર, માહે ૧૦મો દએ, ● સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૦મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૨મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- નક્ષત્ર કૃત્તિકા મધ્યરાત્રિ પછી ક. ૨૫-૨૯ સુધી (તા. ૧), પછી રોહિણી
- ચંદ્ર મેષમાં સવારે ક. ૦૯-૨૨ સુધી, પછી વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષર: મેષ (અ, લ, ઈ), વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદય: મુંબઈ ક. ૦૭ મિ. ૧૨, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૨, સ્ટા.ટા.
- સૂર્યાસ્ત: મુંબઈ ક. ૧૮ મિ. ૧૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૩, સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

- ભરતી: સવારે ક. ૦૮-૧૩, રાત્રે ક. ૨૨-૦૨
- ઓટ: બપોરે ક. ૧૪-૫૭, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૫૫ (તા. ૧ )
- વ્રત પર્વાદિ: વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, પૌષ શુક્લ - દ્વાદશી. રામ પ્રતિષ્ઠા મહોત્સવ (અયોધ્યા), પુત્રદા ભાગવત એકાદશી (છાશ).
- શુભાશુભ દિનશુદ્ધિ: સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષ: શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, સૂર્ય-અગ્નિ દેવતાનું પૂજન, ઊંબરાનું વૃક્ષ વાવવું, માલ વેંચવો, ખેતીવાડી, પશુ લેવડદેવડ.
- આચમન: ચંદ્ર-હર્ષલ યુતિ વિજાતીય વ્યક્તિથી સંભાળવું.
- ખગોળ જ્યોતિષ: ચંદ્ર-હર્ષલ યુતિ.
- ગ્રહગોચર: સૂર્ય ધનુ, મંગળ-ધનુ, માર્ગી બુધ-ધનુ, વક્રી ગુરુ-મિથુન, શુક્ર-ધનુ (શુક્ર અસ્ત), માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# ઉત્તરાખંડમાં બસ ખીણમાં પડતાં સાતનાં મોત

દેહરાદૂન : ઉત્તરાખંડના અલ્મોડા જિલ્લામાં એક બસ ખીણમાં પડતાં સાત લોકોના મોત થયાં હતાં અને લગભગ ૧૨ ઘાયલ થયા છે, એમ પોલીસે મંગળવારે જણાવ્યું હતું.

એસએસપી દેવેન્દ્ર પિંચાએ જણાવ્યું હતું કે, બસ અલ્મોડાના દ્વારહાટથી નૈનીતાલના રામનગર જઈ રહી હતી ત્યારે ભીખિયાસૈન વિસ્તારમાં આ અકસ્માત થયો હતો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે ઉત્તરાખંડમાં બસ અકસ્માતમાં થયેલ જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો હતો અને ઘાયલોના ઝડપી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી હતી.

મોદીએ કહ્યું કે ઉત્તરાખંડના અલ્મોડા જિલ્લામાં બસ દુર્ઘટનામાં થયેલ જાનહાનિ ખૂબ જ દુઃખદ છે. જેમણે પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે તેમના પ્રત્યે સંવેદના. ઘાયલો જલ્દી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના. પિન્ચાના જણાવ્યા અનુસાર, ડ્રાઇવરે વાહન પરનો કાબૂ ગુમાવ્યો ત્યારે ૧૮ થી ૧૯ મુસાફરો સવાર હતા અને તે ભીખિયાસૈનથી છ કિલોમીટર આગળ ખીણમાં પડી ગયું.

અકસ્માતની માહિતી મળતાં, પોલીસ, એસડીઆરએફની ટીમો સાથે ઘટનાસ્થળે પહોંચી હતી અને બચાવ અને રાહત કામગીરી શરૂ કરી હતી, એમ તેમણે જણાવ્યું હતું.

અકસ્માતમાં છ જણના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે એક વ્યક્તિનું હોસ્પિટલ લઈ જતી વખતે મોત થયું હતું, એમ અધિકારીએ ઉમેર્યું હતુ.

પિંચાએ જણાવ્યું હતું કે અકસ્માતમાં ડ્રાઇવર સહિત ૧૨ લોકો ઘાયલ થયા હતા અને તેમને ખીણમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીએ અકસ્માતમાં થયેલ જાનહાનિ પર દુઃખ વ્યક્ત કર્યું હતું.

હિન્દીમાં એક ફેસબુક પોસ્ટમાં, ધામીએ કહ્યું કે, હું બધા ઘાયલોના ઝડપી સ્વસ્થ થવા માટે ભગવાનને પ્રાર્થના કરું છું. સમગ્ર ઘટના પર સતત નજર રાખવામાં આવી રહી છે, અને હું સ્થાનિક વહીવટી અધિકારીઓ સાથે સતત સંપર્કમાં છું.

હું ભગવાનને મૃતકોના આત્માની શાંતિ અને તેમના શોકગ્રસ્ત પરિવારોને આ અપાર નુકસાન સહન કરવાની શક્તિ માટે પ્રાર્થના કરું છું, એમ તેમણે ઉમેર્યું હતું. ■

# દિલ્હીને માથે ત્રણ ગ્રહણ: ઠંડી, પ્રદૂષણ અને ધુમ્મસ

## જનજીવનની રફ્તાર ધીમી પડી: ફરી ફ્લાઈટ અને ટ્રેનો મોડી પડી

નવી દિલ્હી: રાષ્ટ્રીય રાજધાની દિલ્હી હાલમાં કાતિલ ઠંડી અને ગાઢ ધુમ્મસની લપેટમાં છે. શિયાળાના આકરા મિજાજને કારણે સમગ્ર દિલ્હી-એનસીઆરમાં જનજીવન થંભી ગયું હોય તેવું લાગી રહ્યું છે. લઘુત્તમ તાપમાનમાં થયેલા ઘટાડાની સાથે પ્રદૂષણનો સ્તર એક્યૂઆઈ પણ 'ગંભીર' શ્રેણીમાં પહોંચતા લોકોની મુશ્કેલીમાં વધારો થયો છે. ધુમ્મસને કારણે વિઝિબિલિટી એટલે કે દૃશ્યતા શૂન્યની નજીક પહોંચી ગઈ છે, જેના કારણે સડક માર્ગથી લઈને રેલવે સુધીની તમામ પરિવહન સેવાઓ ખોરવાઈ ગઈ છે.

ગાઢ ધુમ્મસની સૌથી વધુ અસર ભારતીય રેલવે પર જોવા મળી રહી છે. રેલવે વિભાગ દ્વારા જારી કરવામાં આવેલી માહિતી મુજબ, ઓછી વિઝિબિલિટીના કારણે લગભગ ૧૦૦ જેટલી ટ્રેનો તેના નિર્ધારિત સમય કરતા ઘણી મોડી ચાલી રહી છે. રેલવે ટ્રેક પર ધુમ્મસને કારણે ટ્રેનોની ગતિ ધીમી પડી છે અને કેટલીક ટ્રેનોના રૂટમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. કલાકો સુધી સ્ટેશનો પર રાહ જોતા મુસાફરો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે, ખાસ કરીને ઉત્તર ભારત તરફ જતી ટ્રેનો પર વધુ અસર પડી છે. ટ્રેનવ્યવહારની સરખામણીએ દિલ્હી એરપોર્ટ પર ફ્લાઈટ્સની અવરજવર ધીમે ધીમે સામાન્ય થઈ રહી છે. એરપોર્ટ મેનેજમેન્ટે જણાવ્યું છે કે હાલમાં ટેક-ઓફ્ફ અને લેન્ડિંગમાં કોઈ મોટી અડચણ નથી, પરંતુ મુસાફરોને સલાહ આપવામાં આવી છે કે તેઓ એરપોર્ટ આવતા પહેલા પોતાની એરલાઇન્સ પાસેથી ફ્લાઈટનું લેટેસ્ટ સ્ટેટસ જાણી લે. એરપોર્ટ સ્ટાફ મુસાફરોની સુવિધા માટે સતત કાર્યરત છે જેથી તેમને કોઈ અગવડતા ન પડે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી થોડા દિવસો સુધી દિલ્હીમાં આવી જ સ્થિતિ યથાવત રહી શકે છે. ધુમ્મસની સાથે હવામાં પ્રદૂષણના કણો ભળવાને કારણે 'સ્મોગ'ની સ્થિતિ સર્જાઈ છે, જે સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. રસ્તાઓ પર વાહનોની લાઈટો ચાલુ હોવા છતાં વિઝિબિલિટી ઓછી હોવાથી અકસ્માતનો ભય વધી રહ્યો છે. તંત્ર દ્વારા લોકોને વહેલી સવારે બિનજરૂરી મુસાફરી ટાળવા અને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે. ■

## પ્રજામત

### 'મન' તું બસ તારું કર... 'મન' તું ચાહે તે કર...

દિલમાં ઊર્મિઓને સંઘરી ના રાખ...ઊર્મિઓ ઠાલવ...
મનમાં ઉછળતા મોજાઓ...ભલે અથડાયને પણ...
શાંત થઈ જશે...પણ કરતો તું તારું 'મન' કહે જે...
માલિક છો તું...તારા મનનો...તારી ઈચ્છાઓનો...
બસ...'મન'થી કર...દિલમાં પ્રેમથી કર...
'મન'થી કર...'મન'ની ચાહના ઓળખી, ચાહત કર.

**- હર્ષદ દડિયા (ઘાટકોપર)**

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઇ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ પર પણ મોકલી શકો છો.
E-mail: prajamat@bombaysamachar.com
ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં.
- તંત્રી

પહેલા પાનાનું ચાલુ

### પુતિનના આવાસ પર હુમલો

પરિસ્થિતિમાં શાંતિનો માર્ગ ફક્ત રાજદ્વારી પ્રયાસો દ્વારા જ મળે છે અને શાંતિ વાટાઘાટોને નબળી પાડી શકે તેવી કોઈપણ કાર્યવાહીથી બચવું જોઈએ. વડા પ્રધાન મોદીએ સંયમ અને રાજદ્વારી પ્રયાસો પર નવેસરથી ધ્યાન કેન્દ્રિત કરવા હાકલ કરી હતી. વડાપ્રધાન મોદીએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં કહ્યું હતું કે રશિયન પ્રમુખના નિવાસસ્થાનને નિશાન બનાવવામાં આવ્યાના અહેવાલોથી હું ખૂબ જ ચિંતિત છું. દુશ્મનાવટ સમાપ્ત કરવા અને શાંતિ સ્થાપિત કરવા માટે ચાલી રહેલા રાજદ્વારી પ્રયાસો જ શ્રેષ્ઠ માર્ગ છે. હું તમામ સંબંધિત પક્ષોને આગ્રહ કરુ છું કે તેઓ એ જ પ્રયાસો પર ધ્યાન કેન્દ્રિત કરે અને આવી કોઈ પણ પ્રકારની કાર્યવાહીઓથી બચવું જોઈએ જેને તેને નુકસાન પહોંચાડી શકે છે. ■

### પુતિન ગુસ્સામાં

સૈનિકોને તેની જાણ કરવા નાનો સમારોહ યોજવામાં આવ્યો હતો. જો કે, રશિયાએ કેટલી મિસાઇલો તહેનાત કરી છે તે જાહેર નથી કર્યું. પુતિને યુક્રેન દ્વારા કરવામાં આવેલા ડ્રોન હુમલા વિશે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને પણ માહિતી આપી હતી. ત્યારબાદ ટ્રમ્પે યુક્રેનની કાર્યવાહીને ખૂબ જ ખરાબ ગણાવી હતી. ■

### ચૂંટણી જીતવા ઘૂસણખોરીને પ્રોત્સાહન આપે છે મમતા

હતું કે શાહની ટિપ્પણીઓ ખોટા દાવાઓ પર આધારિત છે અને દાવો કર્યો હતો કે ભાજપ ચૂંટણીમાં ૫૦નો આંકડો પણ પાર નહીં કરે. અહીં એક પત્રકાર પરિષદને સંબોધતા શાહે દાવો કર્યો હતો કે ભાજપ "૨૦૨૬માં બે તૃતીયાંશ બહુમતી" સાથે રાજ્યમાં આગામી સરકાર બનાવશે. તેમણે કહ્યું હતું કે અમે ફક્ત ઘૂસણખોરોને જ નહીં, પણ તેમને હાંકી પણ કાઢીશું. ૧૫ એપ્રિલ, ૨૦૨૬ પછી બંગાળમાં નવી ભાજપ સરકાર બનશે, કારણ કે લોકોએ પોતાનું મન બનાવી લીધું છે. ■

### ટાર્ગેટ ઈશાન ભારત

કામ કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે ધરપકડ કરાયેલા લોકો ઇમામ મહમુદર કાફિલા (આઈએમકે) મોડ્યુલના સભ્યો હતા. તેમાંથી દસને આસામમાંથી અને એકની ત્રિપુરામાંથી ધરપકડ કરવામાં આવી હતી. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય આસામ અને બાકીના ઉત્તરપૂર્વને અસ્થિર કરવાનો હતો. તેઓ દેશના આ ભાગમાં 'મુસ્લિમ સર્વોપરિતા' સ્થાપિત કરવા માંગતા હતા. મહંતે જણાવ્યું હતું કે પોલીસ ટીમોએ એક સાથે દરોડા દરમિયાન કોઈપણ હથિયાર અને દારૂગોળો વિના ઘણી બધી જપ્તી કરી છે. ■

### ભારત ચોથું સૌથી મોટું અર્થતંત્ર

ટોચના બે અર્થતંત્રો છે. કેન્દ્ર સરકારે ભારતની આર્થિક ગતિને ટાંકીને જણાવ્યું હતું કે, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં જીડીપી છ ક્વાર્ટરની ઊંચી સપાટીએ પહોંચ્યો છે.

વૈશ્વિક વ્યાપારની અનિશ્ચિતતાઓ વચ્ચે પણ ભારતની આ વૃદ્ધિ તેની મજબૂતી દર્શાવે છે. ખાનગી વપરાશ દ્વારા સંચાલિત સ્થાનિક પરિબળોએ જીડીપીના આ વિસ્તરણમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. ■

### બાંગ્લાદેશમાં વધુ એક હિંદુ યુવકની હત્યા

ખસેડવામાં આવ્યો હતો. આરોપીએ નિવેદનમાં કહ્યું હતું કે મજાકમાં ગોળીબાર કર્યો હતો, પરંતુ હવે સવાલ થાય છે કે મજાકમાં ગોળી ચલાવી કે પછી કોઈ ષડયંત્ર હતું.મૃતક બજેન્દ્ર બિશ્વાસ સિલહટ સ્થિત કાદિરપુર ગામનો રહેવાસી છે, જ્યારે પરિવારમાં એક માત્ર કમાવનાર હતો. આરોપી નોમાન સુનામગંજ જિલ્લાના તાહેરપુરનો રહેવાસી છે.

પોલીસે આરોપીની અટક કરી છે, જ્યારે શોટગન પણ જપ્ત કરી છે. હત્યાનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ■

### હવે મધ્ય-પૂર્વમાં યુદ્ધની ઝાળ લાગી

આપી હતી કે તેના કામ અત્યંત ખતરનાક છે.

આ હુમલો સાઉદી અરેબિયા અને યુએઈ સમર્થિત 'સધર્ન ટ્રાન્ઝિશનલ કાઉન્સિલ' (એસટીસી) વચ્ચે વધતા તણાવને દર્શાવે છે.

સાથે જ તેનાથી યમનમાં ઈરાન સમર્થિત હૂતી બળવાખોરો વિરુદ્ધ એક દાયકાથી ચાલી રહેલા યુદ્ધ દરમિયાન રિયાધ અને અબુ ધાબી વચ્ચેના સંબંધોમાં આવેલા તણાવના પણ સંકેત મળે છે. લાલ સમુદ્ર ક્ષેત્રમાં તણાવની ક્ષણ વચ્ચે ઈરાન સમર્થિત હુતી બળવાખોરો સામે યમનના દાયકા લાંબા યુદ્ધમાં અલગ અલગ પક્ષોનું સમર્થન કરી રહ્યા છે.

બંને દેશો જ્યારે વ્યાપક મધ્યપૂર્વમાં અનેક મુદ્દાઓ પર નજીકથી જોડાયેલા છે, ત્યારે આર્થિક મુદ્દાઓ અને પ્રદેશના રાજકારણ પર એકબીજા સાથે પ્રતિસ્પર્ધા કરી રહ્યા છે. ■

### ફોકસ આર્થિક સુધારા: મોદી

પરંતુ તે એક સાચી જન આકાંક્ષા બની ગયું છે.

વડા પ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ લિન્કડઈન પર પણ એક પોસ્ટ શેર કરી હતી, જેમાં તેમણે જણાવ્યું હતું કે ભારત 'રિફોર્મ એક્સપ્રેસ' પર સવાર થયું છે.

આ ટ્રેનનું મુખ્ય એન્જિન ભારતની ડેમોગ્રાફી યુવા પેઢી અને દેશના લોકોનો અદમ્ય જુસ્સો છે. ભારતના લોકોના ઈનોવેટિવ ઉત્સાહને કારણે આજે સમગ્ર વિશ્વ ભારત તરફ આશા અને વિશ્વાસની નજરે જોઈ રહ્યું છે, એમ તેમણે જણાવ્યું હતું. (એજન્સી) ■

### અમેરિકામાં એન્ટ્રી અને એક્ઝિટ માટે ટીવીએસ સિસ્ટમ

ટેક્નોલોજી હેઠળ ફોટો અને કેટલાક સંજોગોમાં ફિંગરપ્રિંટ પણ આપવી પડશે. અમેરિકાના તમામ એરપોર્ટ્સ, બોર્ડરના ચેક પોઈંટ અને દરિયાઈ પોર્ટ પર ટીવીએસ સિસ્ટમ લાગુ કરવામાં આવી છે.

ટ્રમ્પ સરકારના નવા નિયમ અનુસાર હવેથી ટ્રાવેલર વેરિફિકેશન સર્વિસ (ટીવીએસ) હેઠળ પહેલીવાર ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકોથી લઈને ૭૯ વર્ષથી વધુની ઉંમર ધરાવતા વૃદ્ધોને પણ બાયોમેટ્રિક ચેકિંગમાંથી પસાર થવું પડશે. ડિપ્લોમેટિક પાસપોર્ટ પર અમેરિકા જનારા રાજનેતાને પણ આ નિયમ લાગુ પડશે.

અમેરિકા જનારા પરદેશીઓમાં ભારતીયો ત્રીજા ક્રમાંકે છે. ૨૦૨૫માં દરરોજ ૪ હજાર ભારતીયો અમેરિકા પહોંચ્યા છે. આમ, વર્ષે અંદાજિત ૧૫ લાખ ભારતીયો અમેરિકા પહોંચ્યા છે. ૨૦૨૪માં અમેરિકા જનાર ભારતીયોનો આંકડો બાવીસ લાખ હતો. ■

### બાંગ્લાદેશનાં ભૂતપૂર્વ વડાં પ્રધાન ખાલિદા ઝિયાનું અવસાન

દરમિયાન અંતિમ શ્વાસ લીધા હતા.

ઝિયાના પરિવારના સભ્યો, જેમાં તેમના મોટા પુત્ર તારિક રહેમાન, તેમની પત્ની ઝુબૈદા રહેમાન અને તેમની પુત્રી ઝૈમાનો સમાવેશ થાય છે, હોસ્પિટલમાં હાજર હતા. બીએનપીના મહાસચિવ મિર્ઝા ફખરુલ ઇસ્લામ આલમગીર પણ હોસ્પિટલમાં હતા.

તેમના પક્ષે જણાવ્યું હતું કે તેમનું સ્થાનિક સમય મુજબ સવારે ૬:૦૦ વાગ્યે, "ફજરની નમાઝ પછી" અવસાન થયું હતું. ■

### ૨૦૨૬માં ભારત અને પાકિસ્તાન વચ્ચે થશે યુદ્ધ

મળ્યા હતા. પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદીઓએ પહલગામમાં બાવીસ નાગરિકોની હત્યા કર્યા બાદ, ભારતે પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકવાદી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નષ્ટ કરવા માટે 'ઓપરેશન સિંદૂર' શરૂ કર્યું હતું, જેના જવાબમાં આ સંઘર્ષ થયો હતો. ■

### ઉડાન ક્ષેત્રે મોટી હરણફાળ

ડિઝાઇન અને ઉત્પાદિત આ હેલિકોપ્ટરમાં રાઈડ ક્વોલિટીની સાથે સાથે સલામતીની દૃષ્ટિએ આધુનિક ફીચર્સ આપવામાં આવ્યા છે. તેઓએ જણાવ્યું હતું કે, તેમાં એક વિશ્વ-સ્તરીય સિવિલ સર્ટિફાઈડ ગ્લાસ કોકપિટ અને શાનદાર પરિસ્થિતિ મુજબ જાગૃતિ માટે એક આધુનિક એવિયોનિક્સ સ્યુટ સામેલ છે.

તેમણે જણાવ્યું હતું કે ધ્રુવ એનજી એક અત્યાધુનિક ૫.૫-ટન, હળવું ટ્વિન-એન્જિન હેલિકોપ્ટર છે જે ભારતીય ભૂપ્રદેશની વિવિધ અને મુશ્કેલ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે રચાયેલ છે, તેને ખાસ કરીને વૈશ્વિક નાગરિક ઉડ્ડયન બજારની કઠોર માંગને પૂર્ણ કરવા માટે અપગ્રેડ કરવામાં આવ્યું છે. ■

### દીકરા રેહાનની મુસ્લિમ ગર્લફ્રેન્ડ સાથે સગાઈ

કહેવામાં આવી રહ્યું છે કે રેહાનએ તેની ગર્લફ્રેન્ડ અવીવા બેગને પ્રપોઝ કર્યું હતું અને તેણે તેનો સ્વીકાર કર્યો હતો. અહેવાલો અનુસાર આ સગાઈને બંને પરિવારોની મંજૂરી મળી ગઈ છે. સૂત્રોએ વધુમાં ઉમેર્યું હતું કે અવીવા બેગ અને તેનો પરિવાર દિલ્હીમાં રહે છે. રેહાન વાડ્રા તેના પરિવારના રાજકીય વારસાથી અલગ ચીલો ચાતરી રહ્યા છે. ૨૯ ઓગસ્ટ, ૨૦૦૦ ના રોજ જન્મેલા રેહાનનો નાનપણથી જ કલા અને ફોટોગ્રાફી તરફ ઘણો ઝુકાવ રહ્યો છે. તે જાહેર કાર્યક્રમોમાં ભાગ્યે જ જોવા મળે છે, જોકે કેટલીક વાર રાજકીય કાર્યક્રમોમાં તેની હાજરી જોવા મળી છે, પરંતુ તે અવારનવાર મીડિયાની લાઈમલાઈટથી દૂર રહેવાનું પસંદ કરે છે.

રેહાન અને અવિવાની સગાઇનો સમારોહ રાજસ્થાનના સવાઈ માધોપુર યોજાશે. અહેવાલ મુજબ ગાંધી પરિવાર સવાઈ માધોપુરની એક હોટેલમાં પહોંચી ગયો છે. એક અહેવાલ મુજબ લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા, રોબર્ટ વાડ્રા અને ગાંધી-વાડ્રા પરિવારના અન્ય સભ્યો દિલ્હીથી રોડ માર્ગે સવાઈ માધોપુર પહોંચ્યા છે. રણથંભોર રાષ્ટ્રીય ઉદ્યાન નજીક આવેલી હોટેલ શેરબાગમાં રેહાન અને અવિવાની સગાઈ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. ■

### કોણ છે અવિવા બેગ?

તાજેતરમાં ઇન્સ્ટાગ્રામ પર રેહાન સાથેની એક તસવીર શેર કરી હતી ત્યારબાદ તેણીએ પોતાની હાઇલાઇટ્સમાં તેને જોડી હતી જેના કારણે તેમની સગાઈ વિશે અટકળો વહેતી થઈ હતી.

● છેલ્લા પાંચ વર્ષમાં અવિવાએ અનેક જાણીતા પ્લેટફોર્મ પર પોતાનું કામને પ્રદર્શિત કર્યું છે. તેમના પ્રદર્શનોમાં ૨૦૨૩માં મેથડ ગેલેરીની સાથે 'યુ કેન નોટ મિસ ધીસ', ૨૦૨૩માં ઇન્ડિયા આર્ટ ફેર સાથે યંગ કલેક્ટર પ્રોગ્રામમાં ભાગીદારી, ૨૦૧૯માં ધ કોરમ કલબમાં 'ધ ઇલ્યૂસરી વર્લ્ડ' અને ૨૦૧૮માં કેર ઇન્ડિયા સાથે ઇન્ડિયા ડિઝાઇન આઈડીનો સમાવેશ થાય છે.

● ફોટોગ્રાફી સિવાય અવિવા એક ભૂતપૂર્વ રાષ્ટ્રીય સ્તરની ફૂટબોલ ખેલાડી પણ છે, જે કલા ઉપરાંતના તેના અલગ અલગ રસ અને સિદ્ધિઓને પ્રતિબિંબિત કરે છે. ■




## બીએમસી ચૂંટણીની ઉમેદવારી નોંધાવવાનો ગઈ કાલે અંત આવ્યો ત્યારે આયારામ-ગયારામોને કારણે

# દુશ્મન દોસ્ત બન્યા, દોસ્ત દુશ્મન બન્યા

### જોકે કોણ ક્યાંથી કોની સામે મેદાનમાં એનું અંતિમ ચિત્ર શુક્રવારે જ સ્પષ્ટ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ટર્મ માર્ચ, ૨૦૨૨માં પૂરી થયા બાદ છેક ચાર વર્ષ પ્રશાસક દ્વારા મહાપાલિકાનો કારભાર ચલાવવામાં આવ્યા પછી જાહેર થયેલી ચૂંટણીને લઈ ઇચ્છુક ઉમેદવારો જેટલી જ ઉત્સુકતા મતદારોમાં પણ છે. જોકે ટિકિટ ન મળતાં નારાજ ઉમેદવારોની કૂદાકૂદ અને બળવાને જોતાં લગભગ દરેક પક્ષો દ્વારા છેલ્લી ઘડી સુધી ઉમેદવારોનાં નામ પ્રત્યે ચુપકીદી સેવવામાં આવી હતી. ઉમેદવારોનાં નામનું લિસ્ટ જાહેર કરવા પહેલાં ચૂપચાપ 'એબી' ફૉર્મની વહેંચણીનો સિલસિલો મંગળવારે પણ શરૂ રહ્યો હતો, જેને પગલે મંગળવારની મોડી સાંજ સુધી ભાજપ સિવાયના અન્ય પક્ષો દ્વારા ઉમેદવારોના લિસ્ટ અંગે સસ્પેન્સ જાળવવામાં આવ્યું હતું.

આમ તો ચિત્ર ઠીક ઠીક સ્પષ્ટ થયું છે, પણ ખરેખર કોણ કોની સામે ક્યાંથી મેદાનમાં છે એનું અંતિમ ચિત્ર બીજી જાન્યુઆરી, ૨૦૨૬ના જ સ્પષ્ટ થશે, જે ઉમેદવારી ખેંચવાની છેલ્લી તારીક છે. સોમવાર અને મંગળવારમાં જ એક પક્ષમાંથી બીજામાં એવી કૂદાકૂદ નેતાઓની ચાલી કે દુશ્મન દોસ્ત બન્યા અને દોસ્ત દુશ્મન બન્યા હતા.

મહાપાલિકાની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરવાનો મંગળવારે છેલ્લો દિવસ હતો, જેને પગલે કયા પક્ષ દ્વારા કોને ટિકિટ મળે છે અને કોની કપાય છે તે જાણવા મતદારોને ઘણો રસ હતો. એટલી જ ઉત્સુકતા ઇચ્છુક ઉમેદવારોમાં પણ જોવા મળી હતી. જે ઇચ્છુક ઉમેદવારોને ટિકિટ નથી મળી તેમાં નારાજગી જોવા મળી હતી, જેને પગલે અમુક સ્થળે કાર્યકરોએ હંગામો કર્યાનું પણ સામે આવ્યું હતું.

બીજી બાજુ, પક્ષો દ્વારા ટિકિટ આપવામાં આવ્યા પછી અનેક ઉમેદવારો ઢોલ-નગારા સાથે વાજતેગાજતે ફૉર્મ ભરવા ચૂંટણી અધિકારી કચેરીએ પહોંચ્યા હતા. આ ઉમેદવારો સાથે મોટી સંખ્યામાં સમર્થકો જતા હોવાથી અનેક ઠેકાણે ટ્રાફિકની સમસ્યા ઊભી થઈ હતી. મુંબઈમાં ૨૩ ચૂંટણી અધિકારી કચેરી બનાવવામાં આવી હતી. તેની આસપાસના પરિસરમાં પોલીસનો ભારે બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો તો ટ્રાફિક પોલીસ વાહનવ્યવહારનું સંચાલન કરતા જોવા મળ્યા હતા.

ફૉર્મ ભરવાના છેલ્લા દિવસે, મંગળવારે મોડી સાંજ સુધી પક્ષો તેમના ઉમેદવારોનાં નામ જાહેર કરવામાં ખચકાટ અનુભવતા હતા. આની પાછળનું મુખ્ય કારણ ઇચ્છુક ઉમેદવારોના પક્ષપલટાને માનવામાં આવે છે. ટિકિટ ન મળી હોય તેવા ઉમેદવારો તરત જ બીજા પક્ષમાં કૂદકો મારતા હતા અને સૌના આશ્ચર્ય વચ્ચે બળવો કરીને આવેલા ઉમેદવારોને પક્ષ દ્વારા તાત્કાલિક એબી ફૉર્મ આપવામાં આવતાં હતાં.

છેલ્લાં ચાર વર્ષથી ભૂતપૂર્વ નગરસેવકો ચૂંટણીમાં ઉમેદવારી મળવાની રાહ જોતા હતા, પરંતુ અનેક ઉમેદવારોએ હતાશ થવું પડ્યું હતું. પક્ષો દ્વારા નવા ચહેરા લાવવામાં આવ્યા હતા. ભૂતપૂર્વ નગરસેવકોનું પત્તું કાપીને યુવાનોને મોકો આપવામાં આવ્યો હોવાનું કહેવાય છે.

આશ્ચર્યની વાત એટલે ડિજિટલના જમાનામાં પલક ઝબકારામાં થતાં કાર્યો માટે પણ ચૂંટણી પંચ ધીમું પડ્યું હોવાનું જણાતું હતું. પક્ષો તો ઠીક, પણ ચૂંટણી પંચ દ્વારા પણ ઉમેદવારોને લઈ સસ્પેન્સ જાળવવામાં આવ્યો હતો. ■

# નિષ્ઠાવાન મહિલાઓની અવગણના ભાજપને ભારે પડશે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દેશ સહિત મહારાષ્ટ્રમાં શાસન કરી રહેલી ભાજપનું હવે એકમાત્ર લક્ષ્ય મુંબઈ મહાનગરપાલિકા પર કબજો જમાવવાનો છે. ભાજપે મુંબઈ મહાનગરપાલિકામાં સ્વબળે બહુમતી મેળવી પોતાનો મેયર બેસાડવામાં પુરું જોર લગાવી દીધું છે. જોકે મુંબઈ મહાનગરપાલિકાની ૨૦૧૭ની ચૂંટણીમાં ગુજરાતી મતવિસ્તારમાં ભાજપનો ભગવો ફરકાવવામાં મહત્ત્વનો ફાળો આપનારી અનેક ભૂતપૂર્વ મહિલા નગરસેવિકાઓની આ વખતની ચૂંટણીમાં ટિકિટ કાપી નાખવામાં આવી છે. વર્ષોથી પક્ષને વફાદાર રહેલી ટિકિટ ઈચ્છુક મહિલા કાર્યકર્તાઓનાં પત્તાં છેલ્લી ઘડીએ અન્ય પક્ષમાંથી આવેલી મહિલા ઉમેદવારોને તેમની અવગણના કરવાનું ભાજપને 'મિશન બીએમસી' સાકાર કરવામાં ભારે પડી શકે છે. મહારાષ્ટ્રમાં લાડકી બહેન અને બિહારમાં લખપતિ દીદીએ ભાજપને ખોબલે ખોબલે મત આપીને સત્તા મેળવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો પણ મુંબઈમાં ભાજપને પોતાની જ મહિલા કાર્યકર્તાઓને નારાજ કરવાનું ભારે પડી શકે છે. ભૂતપૂર્વ નગરસેવિકાઓ અને નિષ્ઠાવાન ટિકિટ ઈચ્છુક મહિલાઓની ટિકિટ કાપીને મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપની નૈયા ડૂબી જવાનો ભય હવે પક્ષના અગ્રણી નેતાઓને સતાવી રહ્યો છે. ગુજરાતી વિસ્તારોમાં ભૂતપૂર્વ નગરસેવિકા અને ટિકિટ ઈચ્છુક મહિલા કાર્યકર્તાઓમાં નીલા રાઠોડ, હેમલ ઠક્કર, ફાલ્ગુની દવે, બિંદુ ત્રિવેદી, નેહલ શાહ જેવી અનેક મહિલાઓને નારાજ કરવું ભાજપને ભારે પડી શકે છે. મુદત પૂરી થયાના લગભગ ચાર વર્ષ બાદ યોજાઈ રહેલી મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં એકહથ્થુ શાસન કરવા માગતી ભાજપ માટે જોકે આ વખતે તેમની જ મહિલા કાર્યકર્તાઓ જ સત્તા મેળવવામાં અડચણરૂપ બની શકે છે એવો અંદરખાને હવે ભાજપના સિનિયર નેતાઓને ડર લાગી રહ્યો છે. મલાડથી દહિસર અને વિલે પાર્લે, સાંતાક્રુઝ, ઘાટકોપરમાં ગુજરાતીઓનું પ્રભુત્વ છે. પાલિકાની ૨૦૧૭ની ચૂંટણીમાં આ વિસ્તારમાંથી અનેક ગુજરાતી મહિલાઓએ ચૂંટણી જીતીને ભાજપને શિવસેના બાદ બીજો મોટો પક્ષ બનવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. સતત પાંચ વર્ષ કામ કરીને અને ૨૦૨૨માં પાલિકાની ટર્મ પૂરી થઈ ગયા બાદ પણ પોતાના વિસ્તારોમાં નાગરિકો સાથે સંપર્ક જાળવી રાખ્યો હતો. ભૂતપૂર્વ નગરસેવિકા તથા પક્ષની નિષ્ઠાવાન મહિલા કાર્યકર્તાઓની ટિકિટ કપાઈ જવા પાછળ છેલ્લી ઘડીએ અન્ય પક્ષમાંથી બળવો કરીને ભાજપમાં જોડાઈને ટિકિટ લઈ ગયેલા આયાતી ઉમેદવાર જવાબદાર માનવામાં આવે છે. તો અમુક કેસમાં બેઠકો અનામત થઈ જવાને કારણે તો અમુક જગ્યાએ ભાજપે પોતાના સાથી પક્ષ સાથે કરેલી યુતિને કારણે શિંદે સેનાને પોતાના હિસ્સાની બેઠકો આપી દીધી હોવાથી ભાજપની અનેક મહિલાઓની ટિકિટ કપાઈ ગઈ છે.

ભૂતપૂર્વ નગરસેવિકા અને ઈચ્છુકોમાં ઘાટકોપરની વોર્ડ નંબર ૧૩૦ની ભૂતપૂર્વ નગરસેવિકા બિંદુ ત્રિવેદી છે, તેમનો વોર્ડ ૨૦૨૫માં અનામત થઈ જતા તેમને બદલે પક્ષે ધર્મેશ ગિરિને ટિકિટ આપી હતી. બિંદુએ વોર્ડ નંબર ૧૩૨માંથી ટિકિટ માગી હતી પણ પક્ષે તેમની અવગણના કરી હતી. ૨૦૧૭માં ૧૩૨ નંબરની બેઠક પરથી છેલ્લી ટર્મમાંથી જીતેલા ઉમેદવાર વિધાનસભ્ય બની જતા તેમની જગ્યાએ રીતુ તાવડેને ટિકિટ આપવામાં આવતા અહીં ગુજરાતી ઈચ્છુક મહિલા ઉમેદવારી ડિમ્પલ પંડયા, ફાલ્ગુની દવે, પ્રીતિ ઉપાધ્યાયને ટિકિટ જોઈતી હતી, તેઓમાં નારાજગી વ્યાપી ગઈ છે. વોર્ડ નંબર ૧૭૭ વડાલામાં પણ ભૂતપૂર્વ નગરસેવિકા નેહલ શાહની ટિકિટ કપાઈ જતા તેમણે પક્ષ વિરુદ્ધ જઈને અપક્ષ રીતે ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. ગુજરાતી મતવિસ્તાર બોરીવલીના વોર્ડ નંબર ૧૭ના ભૂતપૂર્વ નગરસેવિકા બીના દોશીની ટિકિટ કાપીને તેમને બદલે શિલ્પા સાંગોરેને ટિકિટ આપવામાં આવી છે. વોર્ડ ૩૬ કાંદિવલીમાંથી દક્ષા પટેલની ટિકિટ કાપીને સિદ્ધેશ શર્માને અને વોર્ડ નંબર ૩૫માં સેજલ પટેલની ટિકિટ કાપીને યોગેશ વર્માને ટિકિટ આપવામાં આવી છે. વોર્ડ નંબર ૨૧૭માંથી મિનલ પટેલ અને વોર્ડ નંબર ૨૧૯માંથી જ્યોત્સના મહેતાની ટિકિટ કાપી નાખીને અન્ય ઉમેદવારોને ટિકિટ આપવામાં આવી છે. ■

# શરદ પવારની એનસીપીના ૧૧ ઉમેદવાર મેદાનમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં શરદ પવાની રાષ્ટ્રવાદી કૉંગ્રેસ આ વખતે ઉદ્ધવની યુબીટી અને મનસે સાથે યુતિ કરીને ચૂંટણી લડી રહી છે. મુંબઈમાં તેમને પક્ષના કુલ ૧૧ ઉમેદવાર ચૂંટણી લડવાના છે, જેમાં એકમાત્ર ગુજરાતી ઉમેદવારને મુલુંડમાંથી ટિકિટ આપી છે.

શરદ પવાના મહત્ત્વના નેતા કહેવા મુંબઈ અધ્યક્ષ રાખી જાધવે સોમવારે પક્ષ છોડીને ભાજપમાં જોડાયા બાદ વિક્રોલીના બીજા ભૂતપૂર્વ નગરસેવિકા પણ અજિત પવારની રાષ્ટ્રવાદી કૉંગ્રસમાં જોડાઈ ગયા હતા. શરદ પવારના પક્ષનું મુંબઈમાં લગભગ જોર નહીંવત થઈ ગયું છે. સોમવારે પહેલી યાદીમાં સાત ઉમેદવારના નામ બહાર પાડયા બાદ મંગળરે બીજી યાદીમાં ચાર ઉમેદવારના નામ બહાર પાડયા હતા. મુંબઈમાંથી કુલ તેમના ૧૧ ઉમેદવાર ચૂંટણી લડવાના છે, જેમાં એક માત્ર ગુજરાતી ભરત દનાણીને મુલુંડના વોર્ડ નંબર ૧૦૭માંથી ઉમેદવારી આપવામાં આવી હતી. ■

## પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરે વર્ષ ૨૦૨૬ માટેના પ. રે.ના વૉલ કેલેન્ડર અને ટેબલ કેલેન્ડર બહાર પાડ્યા



પ. રે.ના જનરલ મેનેજર શ્રી વિવેક કુમાર ગુપ્તાએ વૉલ કેલેન્ડર અને ટેબલ કેલેન્ડરનું અનાવરણ કર્યું. તસવીરમાં પ. રે.ના એડિશનલ જનરલ મેનેજર શ્રી પ્રદીપ કુમાર, પ. રે.ના CPRO શ્રી વિનીત અભિષેક જોવા મળે છે. ■

# મનસેના ૫૩ ઉમેદવારમાં એકમાત્ર ગુજરાતી ઉમેદવારને મળી ટિકિટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મરાઠી માણૂસના અસ્તિત્વને ટકાવી રાખવાને મુદ્દે એક થયેલા ઠાકરે બંધુઓ માટે આગામી મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી તેમના પોતાના પક્ષના અસ્તિત્વને ટકાવી રાખવા માટે પણ મહત્ત્વની સાબિત થવાની છે. ચૂંટણીમાં ઉમેદવારી દાખલ કરવાના મંગળવારે છેલ્લા દિવસે રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના ૫૩ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી, જેમાં એક માત્ર ગુજરાતી ઉમેદવારનું નામ પણ હતું.

મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ૨૨૭ બેઠક માટે ચૂંટણી થવાની છે, જેમાં ઉદ્ધવ ઠાકરેની યુબીટી સાથે યુતિ કરનારા મનસેના હિસ્સામાં ૫૩ બેઠકો આવી છે. શિવસેના સાથે યુતિ કરવાને કારણે મનસેને અનેક બેઠકો છોડવી પડી છે, જેમાં છેલ્લાં અનેક વર્ષોથી સ્થાનિક કાર્યકર્તા કામ કરતા આવ્યા છે.

મનસે માટે આ ચૂંટણીમાં તેના ઉમેદવારો ચૂંટણી જીતે તે મહત્ત્વનું છે. ૨૦૧૭ની ચૂંટણીમાં મનસેના સાત નગરસેવકો ચૂંટાયા હતા પણ તેમાંથી છ લોકો સંયુક્ત શિવસેનામાં જોડાઈ જતા મનસે પાસે માત્ર એક નગરસેવક બચ્યો હતો અને તેને કારણે તેને મુંબઈ મહાનગરપાલિકામાં રાજકીય પક્ષોને ઓફિસ માટે આપવામાં આવતી જગ્યા પણ છોડવાની નોબત આવી હતી. તેથી મનસેને પોતાનું તમામ જોર આ વખતે લગાવવું પડવાનું છે. મંગળવારે મનસેના કુલ ૫૩ ઉમેદવારોએ તેમના ફોર્મ ભર્યાં હતાં, જેમાં એકમાત્ર ગુજરાતી ઉમેદવારનું નામ પણ હતું. વોર્ડ નંબર ૧૭૭ પરથી મનસેએ હેમાલી પરેશ ભણસાલીને ટિકિટ આપવામાં આવી છે.
















# વડાલાની બેઠક ભાજપ ગુમાવશે? ત્રણ ગુજરાતી મહિલાઓનો ત્રિપાંખીયો જંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મધ્ય મુંબઈમાં આ વખતે વડાલાની બેઠક પર ત્રણ ગુજરાતી મહિલાઓ વચ્ચે ત્રિપાંખીયો જંગ જોવા મળવાનો છે. આ બેઠક પર ભાજપ અને મનસેએ ગુજરાતી મહિલાને ટિકિટ આપી છે, તો ભાજપમાંથી ટિકિટ નહીં મળતા બળવો કરી ભૂતપૂર્વ ગુજરાતી નગરસેવિકાએ પણ અપક્ષ રીતે ચૂંટણી લડવાનાં છે. આ ત્રિપાંખીય જંગમાં જોકે ભાજપને નુકસાન થવાનો ડર અંદરખાને સતાવી રહ્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે.

મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર ૧૭૭માં મહિલા ઉમેદવાર માટે અનામત છે. ૨૦૧૭માં આ બેઠક પરથી ભાજપના નેહલ શાહ નગરસેવિકા તરીકે ચૂંટાયા હતા. જોકે આ વખતે પક્ષે તેમનું પત્તું કાપીને કલ્પેશા જેસલ કોઠારીને ટિકિટ આપી છે. ભાજપના આ પગલાથી નારાજ થઈ ગયેલાં નેહલ શાહે મંગળવારે ઉમેદવારી દાખલ કરવાના છેલ્લા દિવસે અપક્ષ રીતે ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી.

ભાજપનાં ઉમેદવાર કલ્પેશા જેસલ કોઠારીને ટિકિટ આપવામાં મુલુંડના વિધાનસભ્ય અને ભાજપ પ્રદેશની કાર્યકરણીમાં ઉચ્ચ હોદ્દો સંભાળતા નેતાનો હાથ હોવાનું કહેવાય છે. જેસલના પતિ વિધાનસભ્યના નજીકના માણસ હોવાનું કહેવાય છે અને તેમણે જ પક્ષના સિનિયર નેતાઓ પર દબાણ લાવીને કલ્પેશાને ટિકિટ અપાવી હોવાનું રાજકીય સ્તરે ચર્ચાય છે.

ભાજપના આ પગલાથી જોકે ભાજપમાંથી ટિકિટ નહીં મળતા બળવો કરીને ભૂતપૂર્વ નગરસેવિકા નેહલ શાહે અપક્ષ તરીકે ઝુકાવ્યું હતું. તેમણે સોશ્યલ મીડિયા પર એક વીડિયો જાહેર કરીને કહ્યું હતું કે તેઓ પક્ષના સિનિયર નેતાઓને માન આપે છે અને હજી પણ પક્ષ સાથે જોડાયેલાં છે પણ તેમણે છેલ્લાં નવ વર્ષમાં વોર્ડમાં ભારે મહેનત કરી છે અને તેઓ પક્ષમાંથી ઉમેદવારી માટે લાયક સભ્ય હતાં. છતાં તેમના કામની અવગણના કરવામાં આવી હોવાથી તેઓ પોતાના મતદારો માટે અપક્ષ રીતે ચૂંટણી લડવાનાં છે.

ભાજપના ઉમેદવાર અને અપક્ષ ઉમેદવાર સામે મહારાષ્ટ નવનિર્માણ સેનાના એક માત્ર ગુજરાતી ઉમેદવાર હેમાલી પરેશ ભણસાલીને ટિકિટ આપી હોવાથી આ બેઠક પર જોરદાર ટક્કર જોવા મળવાની છે. વડાલા મતદાર ક્ષેત્રમાં ગુજરાતી મતદારોની સાથે જ મરાઠીઓની સંખ્યા પણ મોટા પ્રમાણમાં હોવાથી ગુજરાતીઓની સાથે જ મરાઠી માણુસના મત પણ મનસેના ઉમેદવારને મળી શકે છે. ■

# દાદરમાં શિંદે સેનામાં અસંતોષઃ જાહેરમાં નારાજગી વ્યક્ત કરી

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં રસાકસીભર્યો જંગ જામશે તેવા સંકેતો મળી રહ્યા છે. શિવસેના ઠાકરે જૂથ અને શિંદે જૂથ વચ્ચે કેટલીક બેઠકો પર સીધી ટક્કર થશે. બીજી તરફ શિંદે જૂથ ઠાકરેના ગઢમાં તેમને પરાસ્ત કરવા આક્રમક વલણ અપનાવી રહ્યું છે. જોકે એક ખેલમાં શિંદેના પાસા અવળા પડ્યા હોવાનું જાણવા મળ્યું છે. ઠાકરે જૂથને પછડાટ આપવા શિંદે જૂથે એક દાવપેચ અજમાવ્યો હતો, પરંતુ તેમને નિષ્ફળતા મળી છે.

મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીની પાર્શ્વ ભૂમિમાં દાદર વિસ્તારમાં શિવસેના શિંદે જૂથમાં અસંતોષ ફાટી નીકળ્યો છે. દાદરના વોર્ડ નંબર ૧૯૨માંથી પ્રીતિ પાટણકરને ઉમેદવારી આપવામાં આવતા પક્ષના ઉમેદવારો અને પદાધિકારીઓમાં તીવ્ર અસંતોષ ફેલાયો છે.

શિવસેના શિંદે જૂથના વિધાનસભા વડા કુણાલ વાડેકર વોર્ડ ૧૯૨માં ઉમેદવારી મેળવવા ઉત્સુક હતા. જોકે તેમની અવગણના કરી મધરાતે પક્ષમાં જોડાયેલા પ્રીતિ પાટણકરને ઉમેદવારી આપવામાં આવતા સ્થાનિક કાર્યકરોમાં રોષ ફેલાયો છે. આ નિર્ણયથી પાર્ટીના આંતરિક રાજકારણ પર પ્રશ્નો ઉભા થયા છે.

પ્રીતિ પાટણકરની ઉમેદવારી બાદ વિધાનસભા અધ્યક્ષ કુણાલ વાડેકર અને ઉપ વિભાગ પ્રમુખ નિકેત પાટીલે ખુલ્લેઆમ નારાજગી વ્યક્ત કરી છે. એટલું જ નહીં વોર્ડ ૧૯૨ ના શાખા પ્રમુખ અભિજીત રાણે પણ નારાજ હોવાનું જાણવા મળ્યું છે.

એવું કહેવાય છે કે શિંદે જૂથમાં સ્થાનિક સ્તરે ભારે અસંતોષ છે. ■

# લાલબાગ-પરેલમાં બળવોઃ ઠાકરે જૂથને સૌથી મોટો ઝટકો

મુંબઈઃ પરેલ - લાલબાગ શિવસેનાના ગઢ તરીકે જાણીતું છે. આ વિસ્તારમાંથી શિવસેનાના ઉમેદવારો હંમેશા ચૂંટાય છે. છેલ્લા ઘણા વર્ષોથી આ પ્રમાણે ચાલી રહ્યું છે. પરેલ-લાલબાગના વોર્ડ નંબર ૨૦૩ અને ૨૦૪ના શિવસેના નગરસેવકો આસાનીથી વિજય મેળવતા આવ્યા છે. નારાયણ રાણેનો બળવો હોય, રાજ ઠાકરેનું શિવસેનામાંથી રાજીનામું હોય કે એકનાથ શિંદેનો બળવો હોય, પરેલ-લાલબાગ હંમેશા ઠાકરે પરિવારને ટેકો આપે છે. બાળાસાહેબના કટ્ટર શિવસૈનિકોનું ઘડતર પરેલ-લાલબાગ વિસ્તારમાં થયું છે. એક સમયે સામ્યવાદી ગઢ ગણાતા આ પરેલ - લાલબાગમાં બાળાસાહેબે યુવા શિવસૈનિકોની મદદથી વિજય મેળવ્યો હતો. હવે આ જ પરેલ - લાલબાગમાં બળવો થયો છે.

ઉદ્ધવ ઠાકરેએ વોર્ડ નંબર ૨૦૪ માંથી કિરણ તાવડેની ઉમેદવારીની જાહેરાત કરતાની સાથે જ અનિલ કોકિળ શિવસેના શિંદે જૂથમાં જોડાયા. અડધા કલાકમાં જ અનિલ કોકિળને વોર્ડ નંબર ૨૦૪ માંથી એબી ફોર્મ મળ્યું. સંસદ સભ્ય મિલિન્દ દેવરાએ તેમને એબી ફોર્મ આપ્યું. હવે અનિલ કોકિળ વોર્ડ નંબર ૨૦૪ માંથી એકનાથ શિંદેના શિવસેના ઉમેદવાર હશે. આ વોર્ડમાં બળવો થવાની આશંકા હતી. મુંબઈચા રાજા ગણેશોત્સવ મંડળના પ્રમુખ કિરણ તાવડેને ઉદ્ધવ ઠાકરે જૂથે ઉમેદવારી આપતા આ બળવો થયો છે. ■

# મીરા-ભાયંદરમાં ભાજપની ૧૨ ગુજરાતીને ટિકિટ

## નારાજ વેપારીઓનો ભાજપની કચેરી પર મોરચો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મીરા-ભાયંદર મહાનગરપાલિકાની ચૂંટણી માટે ભાજપે ૮૭ ઉમેદવારનું લિસ્ટ જાહેર કર્યું હતું, જેમાં ૧૨ ગુજરાતીનો સમાવેશ થાય છે. જોકે શાંતિનગર પરિસરમાં ભાજપના નિર્ણયથી નારાજ વેપારીઓ દુકાનો બંધ રાખી ભાજપની ઑફિસ પર મોરચો લઈ ગયા હતા.

મીરા-ભાયંદર મહાપાલિકા માટે શિવસેના દ્વારા ઉમેદવારોની ફાઈનલ લિસ્ટ જાહેર કરી હતી, જેમાં ગુજરાતી નહીંવત્ હોવાનું કહેવાય છે. જોકે ભાજપ દ્વારા ગુજરાતીઓને ન્યાય આપવાનો પ્રયાસ કરાયો હોવાનું દેખાય છે.

ભાજપ દ્વારા જે ગુજરાતી ઉમેદવારોને ટિકિટ આપવામાં આવી હતી તેમાં શાનુ ગોહિલ, રાકેશ શાહ, પરેશ શાહ, ભવ્યા પિપાલિયા, મનીષ પરાશર, હેમા બેલાણી, પૂનમ પરમાર, હેતલ પરમાર, દીપ્તિ ભટ્ટ, સીમા શાહ, અનિલ વિરાણી અને વર્ષા ભાનુશાળીનો સમાવેશ થાય છે. મળતી માહિતી અનુસાર શાંતિનગરમાં ઇચ્છુક ઉમેદવારને ટિકિટ ન મળતાં વેપારીઓ નારાજ થયા હતા. ■



## પહેલા પાનાનું ચાલુ

### ગુજરાતીઓને ઠેંગો

ટિકિટ આરક્ષણને કારણે તો અમુક ઉમેદવારોની સીટ ભાજપે તેના સાથી પક્ષ શિંદે સેનાને આપી દેતા ગુજરાતી ભૂતપૂર્વ નગરસેવકોને ચૂંટણી લડવાથી વંચિત રહેવું પડ્યું છે.

ભાજપની મંગળવાર મોડી સાંજે જાહેર થયેલી યાદી મુજબ બાવીસ ગુજરાતી-મારવાડીઓને ઉમેદવારી આપી હતી, તેમાં વોર્ડ નંબર ૧૦માંથી જિતેન્દ્ર પટેલ, વોર્ડ નંબર ૧૫માંથી જિજ્ઞા શાહ, વોર્ડ નંબર ૨૨માંથી હિમાંશુ પારેખ, વોર્ડ નંબર ૨૯માંથી નીતિન ચૌહાણ, વોર્ડ નંબર ૩૦માંથી ધવલ વોરા, વોર્ડ નંબર ૩૬માંથી મારવાડી ઉમેદવાર સિદ્ધાર્થ શર્મા, વોર્ડ નંબર પંચાવનમાંથી હર્ષ પટેલ, વોર્ડ નંબર ૫૮માંથી સંદીપ પટેલ, વોર્ડ નંબર ૬૬માંથી આરતી પંડયા, વોર્ડ નંબર ૭૧માંથી સુનીતા મહેતા, વોર્ડ નંબર ૮૧માંથી કેસરબેન પટેલ, વોર્ડ નંબર ૯૭માંથી હેતલ ગાલા, વોર્ડ નંબર ૧૦૩ મુલુંડમાં હેતલ ગાલા-માર્વેકર, વોર્ડ નંબર ૧૦૭માંથી નીલ સોમૈયા, વોર્ડ નંબર ૧૩૦માંથી ધર્મેશ ગિરિ, વોર્ડ નંબર ૧૫૧માંથી મારવાડી ઉમેદવાર કશીશ ફુલવારિયા, વોર્ડ નંબર ૧૭૭માંથી કલ્પેશા કોઠારી, વોર્ડ નંબર ૨૧૭ મલબાર હિલમાંથી ભૂતપૂર્વ નગરસેવિકા મિનલ પટેલને બદલે ગોરાંગ ઝવેરીને ટિકિટ આપવામાં આવી છે. તો વોર્ડ નંબર ૨૨૧માંથી આકાશ પુરોહિત અને વોર્ડ નંબર ૨૨૧માંથી રીટા મકવાણા, વોર્ડ નંબર ૬૬માંથી મારવાડી ઉમેદવાર રોહન રાઠોડ જે મુંબઈ ભાજપ અધ્યક્ષ અમિત સાટમના નજીકના સંબંધી છનો સમાવેશ થાય છે.

ભાજપે ૧૮ ગુજરાતી મારવાડીઓને ટિકિટ આપી હતી, પણ તેની સામે અનેક ભૂતપૂર્વ ગુજરાતી નગરસેવકો અને નગરસેવિકાનાં પત્તાં કપાઈ ગયાં હતાં. જગદીશ ઓઝા, હરીશ છેડા, પ્રવીણ શાહ, અતુલ શાહની બેઠકો અનામત થઈ જતા પક્ષે તેમને અન્ય જગ્યા પરથી ઉમેદવારી આપી નથી. ભૂતપૂર્વ નગરસેવિકા નેહલ શાહનું પત્તું કપાઈ ગયું છે. વોર્ડ નંબર ૩૫માં ભૂતપૂર્વ ગુજરાતી નગરસેવિકા સેજલ દેસાઈ અને વોર્ડ નંબર ૭૦નાં ભૂતપૂર્વ નગરસેવિકા સુનીતા મહેતાનું પત્તું કાપી નાખવામાં આવ્યું છે. તો ઘાટકોપરમાં વોર્ડ નંબર ૧૩૦ની ભાજપની ભૂતપૂર્વ નગરસેવિકા બિંદુ ત્રિવેદી, બિના દોશી, સંધ્યા દોશી, મિનલ પટેલ, જયોત્સ્ના મહેતાને પણ ટિકિટ આપવામાં આવી નથી.

તો કૉંગ્રેસ તરફથી સોમવારે ૮૭ ઉમેદવારને 'એબી' ફૉર્મ આપવામાં આવ્યાં હતાં, જેમાં માત્ર પાંચ ગુજરાતી મારવાડીઓનાં નામ હતાં, વોર્ડ ૨૨માં પ્રદીપ કોઠારી, વોર્ડ નંબર ૩૫માંથી પરાગ શાહ, વોર્ડ નંબર પંચાવનમાંથી ચેતન ભટ્ટ, વોર્ડ નંબર ૪૩માંથી સુદર્શન સોની, વોર્ડ નંબર ૨૨૦માંથી સોનલ પરમાર અને વોર્ડ નંબર ૨૨૧માંથી પૃથ્વીરાજ જૈનનો સમાવેશ થાય છે.

તો મહારાષ્ટ્ર નવનિર્માણ સેના(મનસે)એ વોર્ડ નંબર ૧૭૭માંથી હેમાલી ભણસાલી અને શરદ પવારની રાષ્ટ્રવાદીએ એક માત્ર ગુજરાતી ભરત દનાણીને મુલુંડના વોર્ડ નંબર ૧૦૭માંથી ઉમેદવારી આપી હતી. ■

## સંસ્થા સમાચાર

### શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ અને સંસ્કૃત ભારતીના સંયુક્ત ઉપક્રમે શ્રીમદ ભગવદ ગીતાના અધ્યાય -૪ (ચતુર્થ)ની વક્તૃત્વ સ્પર્ધા તા. ૧૭ જાન્યુઆરી ૨૦૨૬ના દિને સાંજે ૪.૦૦ કલાકે શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ ભવનમાં યોજવામાં આવેલ છે.

સ્પર્ધામાં ભાગ લેવા માટે જ્ઞાતિ બાધ કે ઉમર બાધ ન હોવા ઉપરાંત તદ્દન નિઃશુલ્ક છે. વિજેતા સ્પર્ધકોને ઇનામ અને પ્રમાણપત્ર (સર્ટિફિકેટ) આપવામાં આવશે.

# એક વોર્ડ ૪ મજબૂત દાવેદાર

મુંબઈ : મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે હાલમાં તમામ પક્ષો જોરશોરથી તૈયારીઓ કરી રહ્યા છે. ત્યારે, મુંબઈના દાદરમાં વોર્ડ નંબર ૧૯૨માં રાજકીય ભૂકંપ આવ્યો છે. મનસે અને ઠાકરે જૂથ વચ્ચેના જોડાણ બાદ ઠાકરે જૂથ દ્વારા આ બેઠક મનસેને આપવામાં આવી છે. મનસે પ્રમુખ રાજ ઠાકરેએ આ બેઠક માટે આ વોર્ડમાંથી તેમના વિશ્વાસુ શિલેદાર યશવંત કિલ્લેદારને મેદાનમાં ઉતારવાનો નિર્ણય લીધો છે. આનાથી મહાયુતિ અને મહાવિકાસ આઘાડી બંને જૂથોમાં ભારે અસંતોષ વ્યાપેલો છે. રસપ્રદ વાત એ છે કે, વોર્ડ ૧૯૨ એક જ બેઠક માટે ચાર મજબૂત દાવેદારો મેદાનમાં હોવાથી, આ વોર્ડ હવે મુંબઈનો સૌથી હાઈ-વોલ્ટેજ મતવિસ્તાર બનવાની શક્યતા છે.

**સ્નેહલ જાધવ નારાજ છે ?**

મનસેએ આ બેઠક માટે યશવંત કિલ્લેદારની ઉમેદવારી જાહેર કરતાની સાથે જ મનસેના મહાસચિવ અને દાદરના અનુભવી નેતા સ્નેહલ જાધવે પાર્ટીના સભ્યપદ પરથી રાજીનામું આપી દીધું. આનાથી મનસેને મોટો ફટકો પડ્યો છે. છેલ્લા ૨૦ વર્ષથી જાધવ પરિવાર આ વોર્ડમાં પ્રભુત્વ ધરાવે છે. સ્નેહલ જાધવ પોતે ૧૯૯૨ થી ૨૦૦૭ દરમિયાન ત્રણ વખત કોર્પોરેટર રહી ચૂક્યા છે. તેમના પતિ શ્રીધર જાધવ ૨૦૦૭ થી ૨૦૧૨ સુધી ચૂંટાયા હતા. સતત ચાર ટર્મ જીતવા છતાં પાર્ટીએ તેમની ઉમેદવારી નકારી કાઢી તે વાતથી તેઓ નારાજ છે. તેમણે આ અંગે એક પણ સામાન્ય ચર્ચા ન થઈ હોવાનો અફસોસ પણ વ્યક્ત કર્યો છે. તે ટૂંક સમયમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનામાં તેમના સમર્થકો સાથે જોડાય એવી શક્યતા છે.

બીજી તરફ ઠાકરે જૂથ પણ આ વોર્ડને લઈને મુશ્કેલીમાં મુકાયું છે. ૨૦૧૭ની ચૂંટણીમાં પ્રીતિ પાટણકર આ વોર્ડમાંથી ચૂંટાઈ આવ્યા હતા. તેથી આ બેઠક પર તેમનો સ્વાભાવિક દાવો છે. જોકે ગઠબંધનની ગણતરીમાં આ વોર્ડ મનસેને ગયો છે. આના કારણે ભૂતપૂર્વ કોર્પોરેટર પ્રકાશ પાટણકર અને પ્રીતિ પાટણકર નારાજ છે.

કિલ્લેદાર માટે પોતાના જ લોકોની નારાજગી અને મિત્રપક્ષના લોકોના બળવાને શાંત કરવાનો મોટો પડકાર હશે. દાદરને શિવસેનાનો ગઢ માનવામાં આવે છે, તેથી હવે આ વોર્ડમાં શિવસેના વિરુદ્ધ શિવસેના અને મનસે વિરુદ્ધ બળવાખોરો વચ્ચે ચૌતરફી મુકાબલો થવાની શક્યતા છે. દરમિયાન, મનસે તરફથી યશવંત કિલ્લેદાર અને કોંગ્રેસ તરફથી દીપક ભીખાજી વાઘમારેને વોર્ડ ૧૯૨માંથી ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે. ■

## જૈન મરણ

**દશા શ્રીમાળી ઇડરીયા જ્ઞાતિ જૈન**

ભાદોલ (સુરત) હાલ અંધેરી સ્વ. સરોજબેન નિતીનભાઇ શાહ (ઉં. વ. ૬૮) તા. ૨૯-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે નીતીનભાઇના ધર્મપત્ની. અંક્તિ, શ્રુતિના માતુશ્રી. પૂજા અને વિશેષના સાસુ. શ્રેયસ-દક્ષીતા, પારસ-જયશ્રી, કાદમ્બરી-સ્વ. જયેશભાઇ, સ્વ. બેલાબેન-કમલભાઇના ભાભી. પિયર પક્ષે ઝીંઝુવાડા નિવાસી મંજુલાબેન પ્રેમચંદભાઇ શાહ (હાલ કાંદિવલી)ના દીકરી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧-૧-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. ચતવાણી હોલ, સીટીપોઇંટ બિલ્ડિંગ, જીંજર હોટેલની સામે, તેલી ગલી, અંધેરી (ઇસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સણોસરા નિવાસી હાલ કાંદિવલી શાંતીલાલ ભાયચંદ શાહ (ઉં. વ. ૯૯) મંગળવાર, તા. ૩૦-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કાંતાબેનના પતિ. સ્વ. મનસુખભાઇના ભાઇ. મહેશભાઇ, કિશોરભાઇ, ચંદ્રીકા વિજયકુમાર શાહ, ભારૂ પ્રફુલકુમાર મહેતા, વર્ષા પરેશકુમાર શાહ, બિના ભરતકુમાર વેજાણીના પિતા. તરૂલતાબેન તથા લતાબેનના સસરા. મોસાળ પક્ષે તણસાવાળા ચત્રભુજ રવચંદ ઝવેરી અને જાદવજી રવચંદ ઝવેરીના ભાણેજ. શ્વસુર પક્ષે વડીયાવાળા મોતીચંદ વેલચંદ સંઘવીના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લીમડી નિવાસી હાલ સાયન (ઇસ્ટ) સ્વ. ભાઇલાલ અજમેરાના પુત્ર વસંતભાઇ અજમેરા (ઉં.વ. ૮૫) તા. ૨૯-૧૨-૨૫ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.સુલોચનાબેન અજમેરાના પતિ. સ્વ. શશીકાંત, યોગેશ, સુધાબેન સુરેશભાઇ મણીયારના ભાઇ. કાનન નિલેશ તલસાનિયા, વિપુલ, અવનીના પિતાશ્રી. સ્વ. ચંપકલાલ રતીલાલ સખીદાસના જમાઇ. લૌકિક વ્યવહારની પ્રથા બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

અમતરાય નિવાસી હાલ પૂના જયોત્સનાબેન (ઉં. વ. ૮૫) તે સ્વ. સૂર્યકાંત દુર્લભજી બદાણીના ધર્મપત્ની. મિતેષ તથા મનિષાના માતુશ્રી. અલ્પા તથા જતીનભાઇના સાસુજી. મૌર્યના દાદી. કેવળ-ધારા, રૂણાલના નાનીજી. સ્વ. શાંતાબેન જગજીવનદાસ કોઠારીના પુત્રી સોમવાર, તા. ૨૯-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પચ્છેગામ નિવાસી હાલ વિલેપાર્લે વિનયચંદ પરશોતમદાસ શાહ (ઉં. વ. ૯૩) તા. ૨૮-૧૨-૨૫ના રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મંગળાબેનના પતિ. ચંપાબેન, દિપચંદભાઇ, અમૃતલાલભાઇ, અનોપબેન અને રંભાબેનના ભાઇ. તે મુકેશ-મનીષા, કિરીટ-દક્ષતા, જયેશ-નયના, કેતન-જયશ્રી, નીલેશ-દિપીકાના પિતા. તે અંક્તિ-તૃપ્તી, સમીર-નેહલ, હેતલ-પ્રશાંત, વિરલ-મનાલી, દર્શન-શ્રૃતિ, રૂચિતા-શીવમ, અમી, શ્રેણીક, માહીના દાદા. પિયર પક્ષે ભગવાનદાસ બેચરદાસ મોદી (મહુવા)ના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૧-૧-૨૬ ગુરુવારના ૧૦થી ૧૨. ઠે. અમૃત તારા હોલ, એચ.એમ.એન. સ્કૂલ, દીક્ષિત ક્રોસ રોડ, વિલેપાર્લે (પૂર્વ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ગોંડલ નિવાસી હાલ વિક્રોલી (ઇસ્ટ) ગં. સ્વ. હસુમતીબેન ભરવાડા (ઉં. વ. ૭૭) તા. ૨૯-૧૨-૨૫ના સોમવારે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મનુભાઇ દુર્લભજી ભરવાડાના ધર્મપત્ની. રીટાબેન કપાસી અને નિપુલના માતુશ્રી. હિતેનભાઇ કપાસી તથા ઉર્વીબેનના સાસુ. પીયર પક્ષે સ્વ. ભરતભાઇ ઇશ્વરલાલ કોઠારી, સ્વ. તરલાબેન કિશોરભાઇ દોશી ને દક્ષાબેન નીરંજનભાઇ શાહના બહેન. નિધી કેયુરભાઇ થાનકી તથા ધ્રૂવીના બા. પ્રાર્થનાસભા તા. ૧-૧-૨૬ના ગુરુવારે ૧૦થી ૧૨. ઠે. લાયન્સ કમ્યુનિટી હોલ, ૯૩-બી, ગરોડિયા નગર, ઘાટકોપર (ઇસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલીતાણા નિવાસી હાલ કાંદિવલી. સ્વ. રસીકલાલ હીરાચંદ સંઘવીના ધર્મપત્ની ઇન્દીરાબેન (ઉં.વ.૮૬) ૨૮/૧૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ભાવેશ, જીજ્ઞેશ, સ્વ. ભાવિન તથા કૃપાના પિતા. હેતલ, સ્મિતા તથા અશોકના સસરા. પિયરપક્ષે સ્વ. કુંવરજી ગોપાળજી શાહ ભાવનગરવાળા હાલ તિલકનગરના દીકરી. સ્વ. પ્રફુલભાઇ, રવીન્દ્રભાઈ, ભાનુબેન તથા જ્યોત્સ્નાબેનના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## પારસી મરણ

એમી શાવક સરભનવાલા તે મરહુમ શાવક ડોશાભાઇ સરભનવાલાના વિધવા. તે મરહુમો જરબાનુ તથા નવરોજી અરજાનીના દીકરી. તે આરમયતી, સાયરસ ને કેશમીરાના મમ્મી. તે નેવીલ, દીનાઝ ને મહીયારના સાસુ. તે મરહુમો કાવસ, ગુલ, હોમી, મીનુ, ફીરોઝ ને અદિના બહેન. તે નોવઝાદ, વરૂન, બેઝાદ ને ડેઝીના મમયજી. (ઉં. વ. ૯૭) રે. ઠે. ૨૭૯, જાલભાઇ શેઠ બિલ્ડિંગ, ચીકલવાડી, તારદેવ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૧-૧-૨૬ને બપોરે ૩.૪૫ વાગે ગ્રાન્ટ રોડ મધે મીઠાઇવાલા અગિયારીમાં.

રોશન યઝદ ગોટલા તે મરહુમ યઝદ પેસ્તનજી ગોટલાના વિધવા. તે મરહુમો રતનબાઇ તથા એરચશાહ ભગવાગરના દીકરી. તે બેહરામ ગોટલા ને વિસ્પી ગોટલાના મમ્મી. તે ટેહમી પરસી રાના ને મરહુમ થ્રીટી સોરાબજી મોતીશાહના બહેન. તે મરહુમો જરબાઇ તથા પેસ્તનજી ગોટલાના વહુ. (ઉં. વ. ૮૩) રે. ઠે. કાપડીયા ટ્રસ્ટ બિલ્ડિંગ નં-૨૧, રૂમ. નં.૯, બી.એસ. પંથકી બાગ, એચ. એસ. રોડ, વિશાલ હોલની સામે, વીટીસી, મુંબઇ-૪૦૦૦૬૯. ઉઠમણાંની ક્રિયા : તા. ૩૧-૧૨-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે અંધેરી મધે પટેલ અગિયારીમાં.

પરવીઝ દાદી બિલ્લીમોર્યા તે દાદી બિલ્લીમોર્યાના ધણિયાની. તે મરહુમો ગુલામાય તથા મરઝબાન માસ્તરના દીકરી. તે જર, ઝેનેરીશ ને હોરમઝ બિલ્લીમોર્યાના મમ્મી. તે બીનાઇફર બિલ્લીમોર્યાના સાસુ. તે પીયા બિલ્લીમોર્યાના બપયજી. તે અલીયા ઝેનેરીશ ને એલેક્ષી ઝેનેરીશના મમવજી. (ઉં. વ. ૯૧) રે. ઠે. ૫૦૩, ખંબાલા ક્રિસ્ટ, ૪૨ પેડર રોડ, ખંબાલા હીલ, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૩૧-૧૨-૨૫ને બપોરે ૩.૪૫ વાગે મુંબઇ-ડુંગરવાડી પર હોડીવાળા બંગલીમાં.

**કચ્છી વિશા ઓશવાળ મહાજન**

સમાઘોઘાના ગં.સ્વ. તારાબેન શાંતીલાલ સંગોઇ (ઉં.વ.૭૮) ૨૯-૧૨-૨૫ના અવસાન પામેલ છે. લાછબાઇ શામજી ડાઇયાના પુત્રવધુ. શાંતીલાલના પત્ની. છાયા, કેતન, નીપાના માતુશ્રી. લાખાપુર રતનબેન નાનજી ધારશી સતરાના સુપુત્રી. મોહનલાલ, રમણીકલાલ, રસીકલાલ, રમેશચંદ્ર, ગેલડા શાંતાબેન માવજી, ભોરારા હીરાબેન વીરજીના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. ઠે. કેતન સંગોઈ, રૂમ નં. ૩, સારીકા - ૪, કલશ ઉદ્યાન, કો.ખેરને, વાશી- ૭૦૯.

કોડાયના સોલી. જયંત ડો.મોરારજી શાહ (ઉં.વ.૯૦) તા.૨૮-૧૨-૨૫ના અવસાન પામેલ છે. ભચીબેન (બા) ડો. મોરારજી શામજીના પુત્ર. રાજવંતીબેનના પતિ. હેમંત, સેવંતીના પિતા. દિનેશ, ભરત, બચુબેન દામજી, કાંડાગરા ભાનુબેન મોરારજી, કોડાય અમૃતબેન ધનજી, ગોધરા રસિકાબેન કીર્તી, ફરાદી કુમુદબેન મુલચંદ, દેશલપુર સુધાબેન છોટાલાલ, રાજકોટ નીનાબેન વિરેન્દ્રના ભાઈ. પત્રી રતનબેન ચાંપશી શીવજી છેડાના જમાઈ. પ્રા.યોગી સભાગૃહ, ગ્રાઉન્ડ ફલોર, દાદર (સે.રે.). ટા.૧૧ થી ૧૨.

નરેડીના પંકજ ડુંગરશી નાગડા (ઉં.વ.૫૭) તા. ૨૯-૧૨-૨૫ના અવસાન પામેલ છે. ગામ : નરેડીના માતુશ્રી મઠાબાઇ જખુભાઇ (રતનશી) નાગડાના પૌત્ર. માતુશ્રી લક્ષ્મીબેન ડુંગરશીના પુત્ર. ગામ : કોટડા રોહાના માતુશ્રી ધનબાઇ કેશવજી રવજી ગાલાના દોહીત્ર. ગીરીશ, ભાવના, રમેશ, રીટાના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. લક્ષ્મીબેન નાગડા, વાય વિંગ, રૂમ નં. ૫૦૨, નવનીતનગર, ભદ્રા કોમ્પલેક્ષની બાજુમાં, દેશલેપાડા, ડોંબીવલી (પૂર્વ).

પ્રાગપુરના બા.બ્ર. શાંતાબેન પ્રેમજી ગાલા (ઉં.વ.૭૪) તા. ૨૮.૧૨.૨૫ના અવસાન પામ્યા છે. લીલબાઈ અમરશી ગાલાના પૌત્રી. હાંસબાઈ પ્રેમજીના સુપુત્રી. રમેશ, ધીરજ, રંજન, હસમુખ, બા.બ્ર. હીનાના બેન. કુંદરોડીના ગંગાબાઈ માણેક રણશી છેડાના દોહીત્રી. પ્રા : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૨ થી ૩.૩૦.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

રાણપુર નિવાસી હાલ ઘાટકોપર કિશોરભાઇ દલસુખભાઇ જોબાલીયાના ધર્મપત્ની ગં. સ્વ. લતાબેન જોબાલીયા (ઉં. વ. ૭૬) તા. ૨૮ના અરિહંતશરણ પામ્યા છે. તે હિતેશ, ધર્મેશના મમ્મી. દિપ્તી તથા મીનાના સાસુ. જીજ્ઞા ચેતન શાહના મમ્મી. જય, જશ, જિયાંશના દાદી. થાન નિવાસી સ્વ. થોભણદાસ ઉજમશી દોઢીવાળાના પુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

## હિન્દુ મરણ

**પટેલ**

ગામ ખરસાડના ગં. સ્વ. કાશીબેન (ઉં. વ. ૯૩) તે સ્વ. કરસનદાસ પટેલના પત્ની. ભૂપેન્દ્ર, સ્વ. નરેન્દ્ર, અશ્વિન, ચંપા, ગં. સ્વ. ઉષા, ગં. સ્વ. પુષ્પાના માતા. પલ્લવી, જયોત્સના, જયોતી, મોહનલાલ, સ્વ. નટુભાઇ, સ્વ. અતુલભાઇના સાસુ. ડિમ્પલ, સ્વપ્નિલ, વિરલ, ધ્રુવેશ, અનુજ, આયુષીના દાદી. સોમવાર, તા. ૨૯-૧૨-૨૫ના દેવલોક થયા છે. તેમનું બેસણું બુધવાર, તા. ૩૧-૧૨-૨૫ અને પુચ્છપાણી શુક્રવાર, તા. ૯-૧-૨૬ના બપોરે ૩.૦૦ કલાકે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ ભાટીયા (દેવાભાણજીવાળા)**

દિલીપભાઇ (અનિલભાઇ) તે સ્વ. પરસોતમદાસ સંપટ (છગનભાઇ)ના પુત્ર (ઉં.વ. ૮૬) તે ગં. સ્વ. વીણાના પતિ. અ. સૌ. દિપ્તી અર્જુન મિત્રા અને નીખિલના પિતાશ્રી. સ્વ. નરેન્દ્ર (કુમારભાઇ), સ્વ. વિજયસિંહ, સ્વ. ચંદ્રસિંહ, સ્વ. રણજીત, સ્વ. ઇન્દ્રજીત (લાલાભાઇ), સ્વ. નિર્મળા રમેશ, અ. સૌ. લીલા કિશોર, અ. સૌ. ચંદા પ્રવીણના ભાઇ. તે સ્વ. પ્રભાબેન આનંદદાસના જમાઇ. તે સ્વ. નરોતમ, માનસિંગ, સ્વ. દિલીપ, સ્વ. ધૈર્યસિંહ, સ્વ. પ્રતિમા વિઠ્ઠલદાસના બનેવી તા. ૨૫-૧૨-૨૫ના દિલ્હી મુકામે શ્રીચરણ પામેલ છે. સર્વે લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ગામ ભદ્રેશ્વર હાલ મુલુંડ સ્વ. સુંદરબેન ગોરધનદાસ સોમૈયાના જયેષ્ઠ પુત્ર સ્વ. શંભુલાલ ગોરધનદાસ સોમૈયા (ઉં. વ. ૭૮) તા. ૨૯-૧૨-૨૫ના રામશરણ પામેલ છે. તે ગં. સ્વ. જશોદાબેનના પતિ. સ્વ. રાધાબેન નાનજી પૌઆ (ગામ વડાપાધર)ના જમાઇ. સ્વ. હરસુખલાલ સોમૈયાના મોટાભાઇ. આશા યોગેશ આઇયા અને કમલેશના પિતા. યોગેશ હંસરાજ આઇયા અને રૂપલ કમલેશ સૌમેયાના સસરા. હંસરાજ આઇયા અને સ્વ. કિશોર તન્નાના વેવાઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**પુષ્કર્ણા બ્રાહ્મણ**

ગં. સ્વ. નિર્મળાબેન તુળજાશંકર જોશી (પણીયા) ગામ અંજાર હાલ (વિરાર વે.) તે સ્વ. મધુસુદન, સ્વ. હિનાબેનના માતા. સ્વ. કિરીટભાઇ મોહનલાલ જોશીના સાસુ. કૌશીક અને સોનલના નાની. દીપીકા અને દીપકના નાની સાસુ. તા. ૩૦-૧૨-૨૫ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧-૧-૨૬ના તેમના નિવાસસ્થાને ૪થી ૬. ઠે. ન્યુ સાઇ આશિષ એપાર્ટમેન્ટ, ૧લે માળે, રૂમ. નં.૧૦૧, નિયર પદમાવતી હોલ, પરાગ મેડિકલની ગલીમાં, બોળીંજ રોડ, વિરાર (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

સ્વ. દેવકાબેન ગાંગજી રૂપારેલ ગામ અજાપર હાલ મુલુંડના પુત્ર સ્વ.ભગવાનજી ગાંગજી રૂપારેલ (ઉં. વ. ૮૬) તે હંસાબેન (દેવીબેન)ના પતિ. સોમવાર, તા. ૨૯-૧૨-૨૫ના રામશરણ પામેલ છે. સ્વ. સાકરબેન લાલજીભાઇ ધીરાવાણી (ગામ કોઠારા)ના જમાઇ. સ્વ. વસંતબાળા હરીરામભાઇ પોપટ તથા સ્વ. સુરેન્દ્રભાઇના ભાઇ. મિતેશ તથા પૂજા નરેશ ચંદન, સ્મિતા વસમીન ગણાત્રાના પિતાશ્રી. નીતાના સસરા. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**દશા ઘોઘવા મોઢ વણિક**

પાટણ હાલ કાંદિવલી, રોહિતભાઈ (ઉં.વ.૮૦) તે સ્વ. નિર્મળાબેન મોતીલાલ મહેતાના સુપુત્ર. સ્વ. લાભુબેન અંદરજી ચિતલિયાના જમાઈ. ઉષાબેનના પતિ. સ્વ. ગણેશભાઈ, સ્વ. દમયંતીબેન, સ્વ. પ્રમોદભાઈ, સ્વ. હંસાબેન, સ્વ. સુરેશભાઈ, સ્વ. નિરંજનભાઈના ભાઈ. શિલ્પા રાજેન્દ્ર પારેખના પપ્પા. જયશ્રી રાજેશકુમાર શાહ, અલ્પા રાકેશ મહેતા અને પરીંદા મિતુલ પરીખ, જુથિકાના કાકા. તા. ૨૯/૧૨/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ગાયત્રી નિવાસ, શાંતિલાલ મોદી રોડ નં. ૨, કાંદિવલી પશ્ચિમ.

**પચ્ચીસ ગામ ભાટિયા**

ગં. સ્વ. પારસબહેન (ઉં.વ.૭૬) તે સ્વ. દિલીપભાઈ દુર્લભદાસ પાલેજાના પત્ની. ધર્મેશ અને રાહુલના માતુશ્રી. કાનન અને અપેક્ષાના સાસુ. સ્વ અશ્વિનભાઈ, મહેન્દ્રભાઈ, રણજિતભાઈ, સુશીબહેન વસંતકુમાર ઉદેશી, સ્વ. જયશ્રી શૈલેષ ગાંધીના ભાભી. કાલાવડવાળા ડો. અશ્વિનભાઈ મોહનભાઈ આશરના મોટાબહેન. ૨૯.૧૨.૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. ઉઠમણુંઃ ગુરૂવાર, ૧ જાન્યુઆરી, ૪ થી ૬. વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ ટી રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડ સત્તર તાલુકા ઔદીચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

હળવદ નિવાસી, ભાવનાબહેન રાવલ (ઉં.વ.૬૬) તા. ૨૯.૧૨.૨૫, સોમવારે અવસાન થયું છે. તે સુનીલ રાવલના પત્ની. અનમોલના માતુશ્રી. વિનોદિનીબહેન દિનેશ રાવલ, સંગીતા શેખર રાવલ, સ્વ. ભદ્રાબહેન જયંતકુમાર જાનીના ભાભી. સ્વ.વિજયાબેન પ્રાણલાલ વ્યાસના પુત્રી. સ્વ. ભરતભાઈ, દિલીપભાઈ, સ્વ પરેશના બહેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળગામ સડોદર હાલ કાંદિવલી, સ્વ. કલાવતીબેન તથા સ્વ.પ્રાગજી વીઠ્ઠલદાસ પોપટના પુત્ર મધુસુદન (ઉં.વ.૬૭) ૨૯/૧૨/૨૫ના દેવલોક પામ્યા છે. તે ગં.સ્વ. હસાબેન તુલસીદાસ ગઢિયા, ગં.સ્વ. પન્નાબેન નવીનચંદ્ર સેલાણી સ્વ. પ્રફુલાબેન સુરેશકુમાર પાંઉ, સ્વ. અનિલ , દિલિપ, ચેતનના ભાઇ. લૌકિ ક્રિયા બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ મોટી મઉં હાલે મુલુંડ, સ્વ. વેલબાઈ જેરામ ઠક્કર (પોપટ)ના સુપુત્ર શંભુલાલ (ઉં.વ.૯૭) તે સ્વ. ઝવેરબેનના પતિ. સોમવાર તા. ૨૯/૧૨/૨૫ના રામશરણ પામેલ છે. મહેશ અને શૈલેષના પિતા. રેખાબેન, રક્ષાબેનના સસરાજી. મધુબાલા રમેશભાઈ આઈયા, માલા ભરતભાઈ આઈયા, મંજુલા મહેશભાઈ ઠક્કર, જ્યોતિ વસંતભાઈ ચંદે, કલ્પના ભૂપેન્દ્રભાઈ ચોથાણીના પિતાશ્રી. સ્વ. કેસરબેન શિવજી ઉમરશી માણેક કોઠારા વાલાના જમાઈ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩૧/૧૨/૨૫ના બુધવાર, ૫ થી ૭. સ્થળઃ શ્રી કચ્છી લોહાણા મહાજન વાડી, ગ્રાઉન્ડ ફ્લોર, આરઆરટી રોડ, મુલુંડ વેસ્ટ. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

## છેલ્લા પાનાનું ચાલુ

### પચીસ વર્ષથી

ન્યાય સંહિતાની કલમ ૧૦૫, ૧૧૦ અને ૧૨૫(એ) તેમ જ મોટર વેહિકલ ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. પોલીસે બસના ડ્રાઈવર સંતોષ રમેશ સાવંત (૫૨)ની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસ તપાસ અનુસાર સાવંત છેલ્લા પચીસ વર્ષથી ડ્રાઈવિંગ કરે છે. અગાઉ તે કણકવલીમાં રહેતો હતો અને હાલમાં જ પરિવાર સાથે મુંબઈ શિફ્ટ થયો હતો. પ્રાથમિક તપાસમાં પોલીસને લાગે છે કે યુટર્ન લેતી વખતે સાવંતે બ્રેકને બદલે એક્સિલરેટર દબાવ્યું હશે, જેને પગલે બસ પૂરપાટ વેગે ફૂટપાથ તરફ ધસી ગઈ હતી.

જોકે બસના ડ્રાઈવર સાવંતનો દાવો છે કે છેલ્લી ઘડીએ બ્રેક લાગી નહોતી. બ્રેક ફેઈલ થવાને કારણે અકસ્માત થયો હશે. બેસ્ટની ટેક્નિકલ ટીમ તપાસ કરશે પછી આ બાબતે ચોખવટ થશે, એમ અધિકારીનું કહેવું છે.

ભાંડુપ રેલવે સ્ટેશન બહાર અનેક પ્રવાસી બસની રાહ જોતા ઊભા હતા. સ્કાયવૉકના બે પિલર બચ્ચેથી સાવંત યુટર્ન લેતો હતો ત્યારે તેણે બસના સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. વળી, ઘટનાસ્થળે મોટી સંખ્યામાં ફેરિયાઓ અડ્ડો જમાવી બેસતા હોવાથી બસને વળાંક લેવામાં મુશ્કેલી પડતી હોવાનો પણ આક્ષેપ કરાયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ બસ તેજ ગતિથી ફૂટપાથ તરફ ધસી ગઈ હતી અને વીજળીના થાંભલા સાથે ભટકાઈ હતી. અકસ્માત થતાં જ ફેરિયાઓ તેમનો સામાન ઊંચકી રફુચક્કર થઈ ગયા હતા.

**સાતારામાં કઝિનનાં લગ્નમાંથી પાછી ફરેલી નર્સ વર્ષા સાવંતે જીવ ગુમાવ્યો**

કઝિન ભાઈનાં લગ્નમાંથી સાતારાથી પાછી ફરેલી ખાનગી હૉસ્પિટલની નર્સ વર્ષા સાવંતને પણ કાળમુખી બસ ભરખી ગઈ હતી. વર્ષાના કઝિનનાં સાતારામાં લગ્ન હતાં. તેનો પરિવાર સાતારામાં જ છે, જ્યારે મંગળવારે હૉસ્પિટલમાં ડ્યૂટી પર જવાનું હોવાથી વર્ષા સોમવારે એકલી મુંબઈ પાછી ફરી હતી. કહેવાય છે કે સોમવારે જ તેણે પોતાનો જન્મદિન પણ ઊજવ્યો હતો. ઘરે જવા માટે તે બસની રાહ જોતી બસસ્ટોપ પર ઊભી હતી ત્યારે આ ઘટના બની હતી. માથા અને પીઠ પર ગંભીર ઇજાને કારણે ઘટનાસ્થળે જ વર્ષાએ જીવ ગુમાવ્યો હતો. ■

### શરદ પવાર

નાખુશ હોય તો અમારે તેની સાથે કોઈ લેવાદેવા નથી. અમારા માટે પક્ષ મહત્વપૂર્ણ છે, નેતાઓ નહીં. આ સ્પષ્ટતા કર્યા પછી આંબેડકરે એવી પણ આગાહી કરી છે કે સુપ્રિયા સુળે ટૂંક સમયમાં કેન્દ્રમાં પ્રધાન બનશે. આ નિવેદનને પગલે રાજકારણમાં ફરી ભૂકંપ આવશે કે નહીં અને શરદ પવાર ફરી એકવાર આંચકો આપશે કે કેમ એ અંગે ચર્ચા ચાલી રહી છે.

બીજી તરફ, કોંગ્રેસના નેતા વિજય વડેટ્ટીવારે કરેલા દાવા અનુસાર અદાણીની મધ્યસ્થીથી શરદ પવાર ટૂંક સમયમાં એનડીએમાં જોડાય તેવી શક્યતા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લોકસભામાં પણ સંસદ સભ્યોની જરૂર છે. શરદ પવાર પાસે વિધાનસભ્યોની અછત છે. પુણેમાં બંને એનસીપી એકત્ર આવવાથી એકીકરણનું પહેલું પગલું પૂર્ણ થયું છે એવો દાવો વડેટ્ટીવારે કર્યો હતો. ■

### બાઈક ટેક્સી

પ્રાઇવેટ લિમિટેડ (ઓલા) ૭૬ બાઈક ટેક્ષીને દંડ ફટકારવામાં આવ્યો હતો. ટ્રાન્સપોર્ટ વિભાગ દ્વારા અત્યાર સુધીમાં ત્રણેય કંપનીઓ સામે દાખલ કરાયેલા ૧૬ પોલીસ કેસમાંથી, સૌથી વધુ ૧૩ એફઆઇઆર- રેપિડો વિરુદ્ધ છે, ત્યારબાદ બે ઉબેર વિરુદ્ધ અને એક ઓલા વિરુદ્ધ છે. ■

### ટિકિટ ન મળતાં

ભરાયેલા તેના સમર્થકોએ પાર્ટી ઑફિસના કાચ અને ટીવીની તોડફોડ કરી હતી.

એનસીપીના શહેર એકમના પ્રમુખ અનિલ આહિરકરે જણાવ્યું હતું કે પક્ષના કાર્યકરોમાં નારાજગી ફેલાય એ સ્વાભાવિક છે. એક સીટ માટે ૧૦થી વધુ ઇચ્છુક ઉમેદવારોનાં નામ સામે આવ્યાં હતાં, પરંતુ એકને જ ટિકિટ આપી શકાય છે. બધાને ન્યાય મળે એવા અમારા પ્રયાસ છે.

આવી જ ઘટના છત્રપતિ સંભાજીનગરમાં પણ બની હતી. ત્યાંય ભાજપના એક ઇચ્છુક ઉમેદવારને ટિકિટ ન મળતાં ભાજપની ઑફિસમાં ઘૂસી કાર્યકરોએ હંગામો મચાવ્યો હતો. ■

### આજે મુંબઈમાં

પણ ગોઠવી દેવામાં આવશે. એ સિવાય વિવિધ ઠેકાણે નાકાબંધી કરીને શંકાસ્પદ વાહનોની ચકાસણી કરવામાં આવશે. જરૂર પડ્યે શકમંદોને તાબામાં લઈ પૂછપરછ પણ કરવામાં આવશે.

કાયદો વ્યવસ્થા જાળવવા ભીડને ઠેકાણે પોલીસ પેટ્રોલિંગ વધારી દેવામાં આવશે તો ફિક્સ પૉઈન્ટ પણ બનાવવામાં આવ્યા છે. ટ્રાફિક પોલીસ દ્વારા નશામાં વાહન ચલાવનારાઓ વિરુદ્ધ દંડાત્મક પગલાં લેવામાં આવશે.

પોલીસે અપીલ કરી હતી કે નાગરિકોએ નવા વર્ષની ઉજવણી નિયમોનું પાલન કરી શાંતિપૂર્ણ રીતે કરવી. શંકાસ્પદ વ્યક્તિ કે એવી પ્રવૃત્તિ નજરે પડે તો તાત્કાલિક પોલીસ કન્ટ્રોલ રૂમમાં ૧૦૦/૧૧૨ નંબર પર સંપર્ક સાધવાની વિનંતી પોલીસે કરી છે. ■

### કયા રૂટ પર

ડિસેમ્બરના રોજ પણ ચાલુ રહેશે. બેસ્ટના જણાવ્યા અનુસાર, આ સેવા ૩૧ ડિસેમ્બર, બુધવારના રોજ સાંજે ૫:૩૦ વાગ્યે શરૂ થશે અને ગુરુવાર, ૧ જાન્યુઆરી, ૨૦૨૬ ની સવાર સુધી ચાલશે. તહેવારો દરમિયાન, ખાનગી વાહનોના કારણે ટ્રાફિક જામ થાય છે. આ સમય દરમિયાન જાહેર પરિવહનનો ઉપયોગ કરવાથી આ ભીડ ઘટાડવામાં મદદ મળશે. તેથી મુસાફરોને ૩૧ ડિસેમ્બરની રાત્રે બેસ્ટની આ ખાસ સેવાઓનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે.

હેરિટેજ ટૂર બસ સેવામાં ડબલ-ડેકર અને એસી બસોનો સમાવેશ થાય છે અને તે દક્ષિણ મુંબઈના ઐતિહાસિક સ્થળોને આવરી લે છે. બેસ્ટના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ પહેલનો ઉદ્દેશ્ય ઉપનગરીય વિસ્તારો વચ્ચે જોડાણ સુધારવા, ભીડ ઘટાડવા અને મુખ્ય રહેણાંક અને વાણિજ્યિક વિસ્તારો વચ્ચે સરળ મુસાફરીના વિકલ્પો પૂરા પાડવાનો છે. ■

### મહિલા ઉમેદવાર

ઉમેદવારોએ એબી ફોર્મ નકારવામાં આવતા મૌન તોડ્યું. કેટલાકે ભાજપ રસાતાળ જવાનો આરોપ મૂક્યો હતો.

પૈસા લઈને ઉમેદવારી આપવામાં આવી હોવાનો આરોપ મહિલા ઉમેદવારે આરોપ મૂક્યો હતો. છેલ્લા ૧૫ વર્ષથી ભાજપ માટે અમે ખૂબ મહેનત કરી હતી. પરંતુ હવે પક્ષમાં નવા પ્રવેશ કરનારાઓને ઉમેદવારી આપવામાં આવી છે એવો સંતાપ તેમણે વ્યક્ત કર્યો હતો. આ બધાથી હોબાળો મચી ગયો હતો. અતુલ સાવેને મળવાનો આગ્રહ રાખનારા આ કાર્યકરોને પોલીસે અટકાવ્યા બાદ રોષ ફાટી નીકળ્યો. આ ઉમેદવારોને રોકવા માટે પોલીસે ઘણી મહેનત કરવી પડી. ■

### આઠવલેએ ગુસ્સામાં

કાર્યકરોના સન્માન અને પક્ષના અસ્તિત્વને જોખમમાં મૂકીને કોઈ પગલું નહીં ભરીએ. અમારો શબ્દ અને અમારી વફાદારી મક્કમ છે, એમ આઠવલેએ મહાયુતિના નેતાઓને જણાવ્યું હતું.

### રામદાસ આઠવલેએ શું કહ્યું?

વ્યાપક પરિપ્રેક્ષ્યમાં, આંબેડકર સમાજની સત્તામાં ભાગીદારી રહે અને તેના દ્વારા સામાન્ય લોકોનું કાર્ય અવિરત ચાલુ રહે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ વાતને ધ્યાનમાં રાખીને, અમે મહાયુતિ સાથે રહેવાનો નિર્ણય લીધો છે. ચૂંટણી પરિણામો પછી વધુ નિર્ણયો લઈશું, પરંતુ અત્યારે સ્પષ્ટ છે કે અમે ૩૮ થી ૩૯ બેઠકો પર 'મૈત્રીપૂર્ણ લડાઈ' લડીશું. અમારો ટેકો હંમેશા મહાયુતિને રહેશે, પણ આરપીઆઇ આ બેઠકો પર પોતાની તાકાત બતાવશે. ■

### ભાડા પર કે

ઉમેદવાર તેના માતા-પિતાના ઘરે રહેતો હોય, તો તે ભાડાના મકાનમાં રહેતો નથી તેમ ગણાશે. અભિનવ નામના એક યુઝરે આ જાહેરાત પોસ્ટ કરી હતી. જો આ રીતે ભાડાના મકાનમાં રહેતા અથવા પીજીમાં રહેતા લોકોને નોકરી આપવામાં ન આવે, તો કેવી રીતે ચાલશે? એવો પ્રશ્ન પણ કેટલાક લોકોએ પૂછ્યો હતો. કંપની પરોક્ષ રીતે એવો નિયમ દર્શાવી રહી છે કે તેમને માત્ર સ્થાનિક રહેવાસીઓ જ જોઈએ છે. પરંતુ નોકરી માટે આવો કોઈ નિયમ અપેક્ષિત નથી, તેવું પણ કેટલાક લોકો કહી રહ્યા હતા. ■

### ઘાટકોપરમાં

આરોપી રોષે ભરાયો હતો. રોજ પ્રમાણે ૨૪ ડિસેમ્બરની રાતે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ જમ્યા પછી અમિનાબી વૉક માટે ગઈ હતી. ખાસ્સો સમય વીત્યા છતાં તે ઘરે પાછી ન ફરતાં પરિવારજનોએ તેની શોધખોળ શરૂ કરી હતી. અમિનાબીની કોઈ ભાળ ન મળતાં આખરે પતિ મોહમ્મદ ઈબ્રાર અન્વર સિદ્દીકી (૪૫)એ પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

દરમિયાન બીજી સવારે ઘરથી થોડે જ અંતરે ઝાડીઝાંખરાંમાંથી મહિલાનો મૃતદેહ લોહીલુહાણ હાલતમાં મળી આવ્યો હતો. ગળું ચીરી તેની હત્યા કરવામાં આવી હતી અને તેના હાથ પર પણ ઇજાનાં નિશાન હતાં. આ પ્રકરણે પંતનગર પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

સીસીટીવી ફૂટેજ અને ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી પોલીસ આરોપી અન્સારી સુધી પહોંચી હતી. તાબામાં લેવાયેલા અન્સારીએ પૂછપરછમાં ગુનો કબૂલ્યો હતો. પોલીસે તેની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. ■

### ૧૫ જાન્યુઆરીએ

કલાકોમાં યોગ્ય છૂટછાટ આપવામાં આવે છે. તેથી રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જારી કરવામાં આવેલા આદેશ મુજબ ૧૫ તારીખે રાજ્યની ૨૯ મહાનગરપાલિકાઓમાં સામાન્ય ચૂંટણી યોજાવા જઈ રહી છે અને આ ચૂંટણીમાં તમામ મતદારો પોતાનો મતાધિકાર યોગ્ય રીતે બજાવી શકે, તેમજ મહારાષ્ટ્ર રાજ્યની સરહદને અડીને આવેલા જિલ્લાઓના તમામ મતદારો પણ પોતાનો મતાધિકાર યોગ્ય રીતે ભોગવી શકે તે માટે સવેતન રજા જાહેર કરવામાં આવી છે. સરકારે એવી પણ ચેતવણી આપી છે કે જો મતદારો તરફથી મતદાન માટે યોગ્ય રજા કે છૂટ ન મળવાને કારણે મતદાન કરી શકવાની અસમર્થતા અંગે ફરિયાદો મળશે તો સંબંધિત સંસ્થાઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|



# સિક્કાની બીજી બાજુ

**દેખીતી રીતે રૂપિયાનાં મૂલ્યમાં ઘટાડો થઇ રહ્યો હોવા છતાં, ભારતીય ચલણ વૈશ્વિક સ્તરે મજબૂતી હાંસલ કરી રહ્યું છે!**

કવર સ્ટોરી_નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

ભારતીય રૂપિયો પાછલા કેટલાંક સમયથી અમેરિકન ડોલર સામે ગબડતો રહ્યો છે અને તેને કારણે વ્યાપર તુલા પર નકારાત્મક અસર થવાથી માંડીને આયાત મોંઘી થવાની, વ્યાપાર ખાધ વધવાની અને એકંદરે અર્થતંત્રને ફટકો પડવાની સંભાવના સુધીની વાતો સંભળાઇ રહી છે.

જોકે, દરેક સિક્કાની જેમ, આ ચિત્રની પણ બીજી બાજુ છે. આપણે ભલે લાગે કે ડૉલર સામે ભારતીય ચલણ નબળું પડતું જાય છે અને એ કારણે જ રિઝર્વ બેન્કે આખરે મધ્યસ્થી કરવી પડી અને રૂપિયાને નેવુંની નીચે લઇ જવા જહેમત ઉઠાવવી પડી.

અમુક અર્થશાસ્ત્રી અનુસાર, રૂપિયો શાંતિથી કેટલાક મહત્ત્વપૂર્ણ વ્યૂહાત્મક હેતુઓ પાર પાડી રહ્યો છે. અન્ય દેશો સાથે ટ્રેડ સેટલમેન્ટ અને નાણાકીય સંબંધોમાં તેની ભૂમિકા ભારતને જોખમો ઘટાડવા, અનામતનું રક્ષણ કરવા અને ભાગીદાર દેશો સાથેના સંબંધોને મજબૂત બનાવવામાં મદદ કરી રહી છે.

રૂપી સેટલમેન્ટ ભારતીય ચલણને મજબૂતી અપાવવામાં કેવી રીતે કાર્ય કરે છે તે જોઇએ. જુલાઈ ૨૦૨૨માં, ભારતીય રિઝર્વ બેંકે એક સિસ્ટમ રજૂ કરી, જેની અંતર્ગત વિદેશી બેંકોને વોસ્ટ્રો એકાઉન્ટ્સ દ્વારા ભારતમાં રૂપિયાનું બેલેન્સ રાખવાની મંજૂરી આપે છે. આ એકાઉન્ટ્સ વિદેશી બેંકોને ભારતીય નિકાસકારોને ચૂકવણી કરવા, સ્થાનિક પ્રોજેક્ટ્સમાં રોકાણ કરવા અથવા આયાતને સીધા ભારતીય રૂપિયામાં ફાઇનાન્સ કરવા દે છે.

શરૂઆતમાં, ફક્ત ત્રણ દેશોએ આ સિસ્ટમનો ઉપયોગ કર્યો હતો. પરંતુ ૨૦૨૩ના અંતથી ૨૦૨૫ના મધ્ય સુધીમાં અન્ય દેશોની ભાગીદારી ઝડપથી વધી છે. હાલમાં, ૨૨ દેશો આ માળખાનો ભાગ છે, જે ભારતીય ચલણની વિશ્વસનીયતાને મજબૂત બનાવે છે. અમેરિકાએ શરૂ કરેલા ટેરિફ વોરને કારણે વધુને વધુ દેશ ડૉલર સામે વિકલ્પ શોધી રહ્યા છે અને રૂપી ટ્રેડ અપનાવવાની દિશામાં સક્રિય વિચારણાં કરી રહ્યા છે.

ભારતીય રિઝર્વ બેંકે રૂપી સેટલમેન્ટને ભારતની વધતી જતી આર્થિક તાકાતમાં એક કુદરતી પગલું ગણાવ્યું છે. આરબીઆઇએ પોતાના ૨૦૨૩-૨૪ વાર્ષિક અહેવાલમાં જણાવ્યું છે કે આંતરરાષ્ટ્રીય વેપારમાં રૂપિયાનો વ્યાપક ઉપયોગ વિનિમય જોખમો ઘટાડશે અને વૈશ્વિક મૂલ્ય શૃંખલાઓમાં ભારતની ભૂમિકાને મજબૂત બનાવશે.

ભૂતપૂર્વ આરબીઆઇ ગવર્નર શક્તિકાંત દાસે રૂપી સેટલમેન્ટને ભારત પરના અન્ય ટ્રેડિંગ નેશન્સના વિશ્વાસની ‘કુદરતી પ્રગતિ’ ગણાવી હતી. વિશ્લેષકોનું અવલોકન છે કે, સ્પેશિયલ રૂપી વોસ્ટ્રો એકાઉન્ટ્સ માટે નિયમો હળવા કરવાથી પ્રક્રિયા ઝડપી અને સસ્તી બની છે, બેંકો અને નિકાસકારોને તેનો અનુભવ કરવા પ્રેરાઇ રહ્યા છે.

રૂપી ટ્રેડ અપનાવી તેનો ઉપયોગ કરતા દેશોએ વર્ષ ૨૦૨૨માં ક્રૂડ ઓઇલ, સંરક્ષણ પુરવઠો અને ખાતર માટે ચૂકવણી કરવા માટે રૂપિયાનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું હતું, ત્યારબાદ વર્ષ ૨૦૨૩માં સંયુક્ત અરબ અમીરાત અને શ્રીલંકા તેમાં જોડાયા હતા.

રશિયાએ યુરોપિયન યુનિયન દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધોને બાયપાસ કરવા માટે રૂપિયાના માધ્યમે ટ્રેડ પેમેન્ટ સેટલમેન્ટ સિસ્ટમનો ઉપયોગ કર્યો, જ્યારે શ્રીલંકાએ તેના વિદેશી વિનિમય કટોકટી દરમિયાન આવશ્યક ચીજવસ્તુઓ અને બળતણ માટે ચૂકવણી કરવાનો માર્ગ આ માર્ગ અપનાવ્યો. સરવાળે વૈશ્વિક ફલક પર ભારતીય રૂપિયાનું મહત્ત્વ વધ્યું.

નોંધવું રહ્યું કે, યુએઇ, યુનાઇટેડ અરબ અમિરાત, ઓઇલ અને ઝવેરાતના વેપાર માટે રૂપી સેટલમેન્ટ કરનાર ઓપેક (ઓઇલ પ્રોડ્યુસર્સ એન્ડ એક્સપોર્ટર કન્ટ્રીઝ) સંગઠનનો પ્રથમ દેશ બન્યો હતો. મોરેશિયસ તો ૨૦૨૨થી સર્વિસિસ અને ઇન્વેસ્ટમેન્ટ માટે રૂપિયાનો ઉપયોગ કરી રહ્યું છે, જે ભારતને આફ્રિકાના ઓફશોર નાણાકીય નેટવર્ક્સ સાથે જોડે છે.

તાજેતરમાં જ, તાન્ઝાનિયા, કેન્યા અને બાંગ્લાદેશે કૃષિ વેપાર અને મશીનરીમાં રૂપિયાની સેટલમેન્ટ સિસ્ટમનો ઉપયોગ શરૂ કર્યો છે. અલબત્ત, રૂપિયાનો વેપાર હજુ પણ ભારતના એકંદર વેપારના બે ટકા કરતા ઓછો છે, પરંતુ વિશ્વના અલગ અલગ દેશોમાં તેનો વધી રહેલો પ્રસાર દર્શાવે છે કે ચલણનો ઉપયોગ વ્યવહારિક કારણોસર થઈ રહ્યો છે.

પૉલિસી જર્નલ્સમાં ટિપ્પણીકારોએ નિર્દેશ કર્યો છે કે આ સિસ્ટમ ડૉલરને બદલવા માટે નથી, પરંતુ સ્થિતિસ્થાપકતા પૂરી પાડવા માટે છે. આ સિસ્ટમ અમેરિકા જેવા દેશોના પ્રતિબંધો અથવા ડોલરની અછત દરમિયાન ઊભી થતી મુશ્કેલીમાં ભારતને સુરક્ષા કવચ પૂરું પાડે છે. આ ઉપરાંત અનામતનું રક્ષણ પણ કરે છે અને નાના અર્થતંત્રોને સ્થિર વિકલ્પ પણ આપે છે.

વાણિજ્ય મંત્રાલયે પુષ્ટિ આપી છે કે માળખાને વિસ્તૃત કરવા માટે આફ્રિકા અને ગલ્ફના દેશો સાથે ચર્ચા ચાલી રહી છે. ડૉલરના આંચકા સામે રક્ષણ સંદર્ભે નિષ્ણાતો માને છે કે ડોલરના વર્ચસ્વને ધ્યાનમાં રાખીને ભારત દેશના પોતાના ચુકવણી માર્ગો દ્વારા ડૉલરના દબાણથી પોતાને સુરક્ષિત કરી શકે છે, જેમાં લગભગ ૪૭ ટકા ટ્રાન્ઝેકશન સેટલમેન્ટ થાય છે.

એવું જાણવા મળ્યું છે કે જ્યારે પણ અમેરિકા વ્યાજ દરોમાં વધારો કરે છે અથવા પ્રતિબંધો લાદે છે કે પછી બેંકિંગ ક્ષેત્રને લગતી મુશ્કેલીઓનો સામનો કરે છે, ત્યારે વિશ્વના અન્ય દેશો પણ પીડાય છે. હવે, રૂપિયા દ્વારા પોતાના ચુકવણી માર્ગોમાં, ભારતે એક નાનો સલામતી વાલ્વ બનાવ્યો છે.

જ્યારે ૨૦૨૨માં પ્રતિબંધોએ રશિયાને માટે ડૉલર ચુકવણી અવરોધિત કરી, ત્યારે રૂપી સેટલમેન્ટના માધ્યમથી ઓઇલ અને સંરક્ષણ સોદા ચાલુ રાખી શકાયા. આ ડૉલરને પડકારવા માટે નહોતું પરંતુ જ્યારે વૈશ્વિક નાણાકીય વ્યવસ્થા અણધારી બની ગઈ ત્યારે વેપારને સ્થિર રાખવા માટે હતું.

ફ્યુઅલ સિક્યુરિટી અને અનામત સંદર્ભે વાત કરતા અર્થશાસ્ત્રીએ જણાવ્યું કે, ભારતની ઇંધણ આયાત અર્થતંત્ર પર એક મોટો બોજ છે. ભારતની આયાતનો લગભગ એક ચતુર્થાંશ ભાગ ઊર્જા સંબંધિત છે અને નાણાકીય વર્ષ ૨૦૨૪માં ફક્ત ક્રૂડ ઓઇલનો ખર્ચ ૧૮૦ અબજ રૂપિયાથી વધુ થયો હતો.

આના એક ભાગ માટે પણ રૂપિયામાં ચૂકવણી કરવાનો અર્થ એ છે કે સિસ્ટમમાંથી ઓછા ડૉલર બહાર નીકળી જશે. ઓઇલ ચુકવણી માટે રૂપિયાનો ઉપયોગ કરવાથી ભારતને તેના વિદેશી અનામત પર દબાણ ઘટાડવામાં મદદ મળે છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૫ સુધીમાં ૬૫૦ અબજ ડૉલરનું હોવાનો અંદાજ છે.

ભારતને આ રીતે રૂપી સેટલમેન્ટનો ઉપયોગ કરનારા દેશો સાથે લાંબા ગાળાના નાણાકીય જોડાણો બનાવવામાં મદદ મળે છે. ભવિષ્ય માટે યોજનાઓમાં, આગામી તબક્કામાં બ્રિક્સ સાથી દેશો અને અન્ય આફ્રિકન દેશો સાથે સેટલમેન્ટ થઇ શકે છે.

એ બાબત પણ મહત્ત્વની છે કે, ડિજિટલ રૂપિયાનું હજુ પણ પરીક્ષણ ચાલી રહ્યું છે, પરંતુ તે એક દિવસ આ સિસ્ટમ સાથે જોડાઈ શકે છે, જે સરહદો પાર ચુકવણી ઝડપી અને સસ્તી બનાવશે.■

# આ તો સ્કેમ છે... સ્કેમ છે..!

# રાજકીય ઊથલપાથલ વચ્ચે ફંગોળાતી રહી સેંટ કિટ્સ કૌભાંડની તપાસ

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

સરકાર અને શાસક પક્ષ સામે પ્રામાણિકતા અને નૈતિકતાનો બુંગીયો બજાવીને લોકપ્રિય થયેલા નેતાને કોણ કેટલાં સહન કરી શકે? વિશ્વનાથ પ્રતાપસિંહ ખરેખર સાચા-સારા હતા કે મુખવટો પહેર્યો હતો? શાસક પક્ષ અને મીડિયાને મધના ટોપલાં મળી ગયા હતા ને એ ય પણ મધમાખી વગરના.

એન્ફોર્સમેન્ટ ડિરોક્ટોરેટે સેંટ કિટ્સ કાંડની તપાસ માટે મોકલેલા ડેપ્યુટી ડાયરેક્ટર એ. એન. પાંડે પાછા ફર્યા, ૧૯૮૯ની નવમી ઓક્ટોબરે, પરંતુ કોઇ સાબિતી કે સાક્ષી વગર કહો કે પરદેશી ડેલે હાથ દઇ આવ્યા. કેબિનેટ પ્રધાન એડુઆર્ડો ફાલેરોએ ૧૧મી ઓક્ટોબરે (ત્વરિત પગલું જોયું?) પાંડેજીનો રિપોર્ટ સંસદ સમક્ષ મૂકયો. એમાં કંઇ સાબિત થતું નહોતું પણ વી. પી. સિંહ વિરુદ્ધની આક્ષેપબાજી ખતમ ન થઇ. કહો કે થવા ન દેવાઇ. ચૂંટણી માથે હતી ને ક્યાંક આ માણસ સૌથી વધુ ધોળા કુર્તાવાળો સાબિત થઇ ગયો તો?

આ બધા વિવાદ, ગરમાગરમી, આક્ષેપબાજી અને ઘોંઘાટ વચ્ચે ૧૯૮૯ની ૨૬મી નવેમ્બરે પ્રજાએ પોતાની વૈચારિક અને રાજકીય પરિપક્વતાની તોપ ફોડીને ચુકાદો આપી દીધો. કૉંગ્રેસ સૌથી મોટી પાર્ટી તરીકે ઊપસી આવી, ૧૯૭ બેઠક સાથે. બીજા ક્રમે જનતા દળ (૧૪૩), ત્રીજા ક્રમે ભાજપ (૮૫), ચોથા ક્રમે સામ્યવાદી-માર્કસવાદી (૩૩), પાંચમા ક્રમે



વિશ્વનાથ પ્રતાપસિંહ

સામ્યવાદી પક્ષ (૧૨) અને છઠ્ઠા ક્રમે એ. આઇ. એ.ડી.એમ. કે. (૧૧) રહ્યાં. કૉંગ્રેસ માટે સૌથી મોટો પક્ષ હોવા છતાં માર્ગ મુશ્કેલ હતો. જનતા દળના નેતા વી. પી. સિંહને નેશનલ ફ્રન્ટ સરકારના સુકાની બનાવાયા. ભાજપ અને સામ્યવાદી માર્કસવાદી પક્ષના ટેકાથી સરકાર બની ગઇ.

વી. પી. સિંહ ભલે વડા પ્રધાન બન્યા પણ સેંટ કિટ્સ કૌભાંડે એમનો કેડો ન મૂકયો, પરંતુ હવે સરકાર બદલાઇ હતી. જુઠ્ઠાણાંની આવરદા પૂરી થવાની શક્યતા સર્જાઇ હતી. ધીરે-ધીરે સ્પષ્ટ થવાનું હતું કે આમાં સેંટ કિટ્સ જેવું કોઇ કૌભાંડ જ નહોતું. હકીકતમાં તો આ બનાવટી દસ્તાવેજ કૌભાંડ હતું. હવે આમાં વી. પી. સિંહ કે એમના દીકરા અજેયસિંહને બદલે ગોડમેન, શસ્ત્ર સોદાગર, અમલદારો અને એ ભાવિ વડા પ્રધાનના નામ પર્દાફાશ થવાના હતા.

૧૯૯૦ના નવેમ્બરમાં વી. પી. સિંહ સરકારનું પતન થયું. એમના સ્થાને આવ્યા ચંદ્રશેખર જનતા દળને છેદ આપીને ચંદ્રશેખરે ૬૪ સાંસદ સાથે સમાજવાદી જનતા પાર્ટીની સ્થાપના કરી. તેઓ ભારતના આઠમા વડા પ્રધાન



પી. વી. નરસિંહરાવ

બન્યા. યાદ રહે કે સત્તાની આ ખુરશી મળી હતી. કૉંગ્રેસના બાહ્ય ટેકાથી એટલે કહી શકાય કે કઠપૂતળી સરકારની દોર કૉંગ્રેસના હાથમાં હતી. આની અસર દેખાવામાં વાર ન લાગી. સેંટ કિટ્સ કૌભાંડની વાત કરીએ તો ૧૯૯૧ના માર્ચમાં આ તપાસ કરનારા સી.બી.આઇ. ઓફિસરની અચાનક બદલી કરી દેવાઇ. એમનો વાંક શું હતો? અરે, ગોડમેન ચંદ્રશેખરની પૂછપરછ કરવાની પરવાનગી ઇચ્છાનો ભયંકર ગુનો કર્યો હતો.

ચંદ્રશેખરની સરકાર પણ ઝાઝું ન ચાલી. ક્યાંથી ટકે? આ રાજકીય કુશ્તીમાં સેંટ કિટ્સ કૌભાંડની તપાસ પર જાણે બ્રેક લાગી ગઇ. ૧૯૯૧માં ફરી કૉંગ્રેસના હાથમાં સત્તા આવી અને વડા પ્રધાનની ખુરશી પર બેઠા પામુલાપાર્થી વેંકટ નરસિંહરાવ. આ પીઢ કૉંગ્રેસી રાજકારણના અઠંગ ખેલાડી હતા. એમને કૉંગ્રેસનો અને ટોચના નેતાઓના એજન્ડાની બરાબર જાણ હતી. એટલું જ નહીં. એને પૂરો કરવાની અવ્યક્ત ઇચ્છા અને ન અપાયેલા આદેશને સાંગોપાંગ સમજતા હતા. સરવાળે સેંટ કિટ્સ કૌભાંડની તપાસ થીજાવી દેવાઇ. એના પર સ્મૃતિ અને ધૂળના થર જામવા માંડ્યા.

પણ સત્યનો પ્રોબ્લેમ એ છે કે એ ક્યારેક ને ક્યારેક પ્રગટે જ. વહેલું કે મોડું. ૧૯૯૬માં કૌભાંડની થીજી ગયેલી તપાસને ગરમાવો મળ્યો દિલ્હીમાં. પિપલ્સ યુનિયન ઓફ સિવિલ લિબર્ટીઝ (પી.યુ.સી.એલ.) દ્વારા સુપ્રીમ કોર્ટમાં કરાયેલી અરજીમાં માગણી થઇ કે સેંટ કિટ્સ કૌભાડની તપાસમાં સી.બી.આઇ.એ જે કંઇ શોધી કાઢ્યું એ જાહેર કરવામાં આવે.

સુપ્રીમ કોર્ટે સી.બી.આઇ.ને આદેશ આપ્યો કે આ કૌભાંડને લગતા બધા કેસ એક કરો અને આમાં પી. વી. નરસિંહરાવની ભૂમિકા પર પ્રકાશ ફેંકો. ૧૯૯૬માં સી. બી. આઇ. એ દાખલ કરેલી એફિડેવિટમાં ‘રાવની મર્યાદિત ભૂમિકા’ની નોંધ હતી ખરી. પણ મામલો અહીં પૂરો ન થયો. સુપ્રીમે સી.બી.આઇ.ને આદેશ આપ્યો કે અમારી પરવાનગી વગર આ કૌભાંડની તપાસ બંધ કરવાની નથી. આ તો સી.બી.આઇ.ના ગળામાં માછલીનો કાંટો ભરાઇ ગયા જેવો હાલ થયો. હવે કરવું શું? એકાદ મહિના બાદ સી.બી.આઇ. એ દેશના એટર્ની જનરલ અશોક દેસાઇનો કાનૂની અભિપ્રાય માગ્યો. અને પછી પી.વી. નરસિંહરાવ સામે ખટલો ચલાવવાની ભલામણ કરી!

એ જ વર્ષે એટલે કે ૧૯૯૬ના મેમાં કેન્દ્રમાં અટલબિહારી વાજપેયીની સરકાર આવી ચૂકી હતી. વી.પી. સિંહ હવે ભૂલાઇ ગયા હતા. કૉંગ્રેસ હજી રાજકીય તાકાત હતી. ૧૯૯૬ની ૨૬મી સપ્ટેમ્બરે સી.બી.આઇ.એ દિલ્હીની શરૂ થતી ઠંડીમાં એકદમ ગરમાવો લાવી દીધો.

રાજકારણમાં બહુ ઓછી બાબત સ્થાયી કે કાયમી હોય છે. સ્વાર્થ, સત્તા અને ઉપયોગીપણા સામે બધું પાણી ભરે. સેંટ કિટ્સ કૌભાંડ ભારતભરના રાજકારણમાં એક નવો જ ધડાકો કરવાનું હતું. આની ધ્રૂજારી, સનસનાટી બનીને હેડલાઇન્સમાં ફેરવાઇ જવાની હતી, પણ અંતિમ પરિણામ શું આવવાનું હતું? (ક્રમશઃ)■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

# ચીનની દેખાતી નમ્રતામાં પણ નફ્ફટાઈ હોઈ શકે!

**અમેરિકાનો ‘પેન્ટાગોન’ રિપોર્ટ આડકતરી રીતે ભારતને ચેતવી રહ્યો છે...!**




‘આરપાર’ ફિલ્મના ગીતની એક યાદગાર કડી છે :

*‘બાબુજી ધીરે ચલના, પ્યાર મેં ઝરા સંભલના, હાં બડે ધોકે હૈ, બડે ધોકે હૈ ઈસ રાહ મેં....!’*

જ્યારે પણ ભારત- ચીનના સંદભમાં વાત કરવાની હોય ત્યારે આ ગીતની કડી આપોઆપ યાદ આવી જાય છે.

તાજેતરનો અમેરિકાના સંરક્ષણ ખાતા ‘પેન્ટાગોન’નો જે અહેવાલ આવ્યો એ આ ગીત જેવી જ ચેતવણી આપે છે.

એ અહેવાલ માત્ર ચીની સૈન્યની ક્ષમતાનું પ્રદર્શન નથી, પરંતુ તે એશિયા-પેસિફિક ક્ષેત્રમાં ભૌગોલિક-રાજકીય શતરંજની રમતનું ઊંડું વિશ્લેષણ પૂરું પાડે છે. આ અહેવાલના કેન્દ્રમાં ભારત-ચીન સંબંધોની જટિલતા છે, જે માત્ર સરહદી વિવાદ પૂરતી મર્યાદિત નથી, પણ વૈશ્વિક મહાસત્તા બનવાની ચીનની મહત્ત્વાકાંક્ષા અને તેમાં ભારતની ભૂમિકા પણ ગાઢ રીતે જોડાયેલી છે. ચીનની ભારત પ્રત્યેની વર્તમાન વ્યૂહરચના ‘વ્યૂહાત્મક સંયમ’ અને ‘બહુસ્તરીય ઘેરાબંધી’નું સંમિશ્રણ છે, જેનો મુખ્ય હેતુ અમેરિકાના પ્રભાવશાળી સુરક્ષા માળખામાંથી ભારતને બહાર ખેંચીને એશિયામાં એક ધ્રુવીય વર્ચસ્વ સ્થાપિત કરવાનો છે.

ચીનની આ રમત સમજવા માટે તેના દ્વિપક્ષીય અભિગમ સમજવો અનિવાર્ય છે.‘પેન્ટાગોન’ સ્પષ્ટ કરે છે કે ચીન હાલમાં ડી-એસ્કેલેશન એટલે કે તણાવ ઘટાડવાની ભાષા બોલી રહ્યું છે. ઓક્ટોબર ૨૦૨૪માં લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ પર થયેલો કરાર અને બ્રિક્સ શિખર પરિષદમાં મોદી-શી મુલાકાત એ ચીનની તે મુત્સદ્દીગીરીનો ભાગ છે. ચીન એવો સંકેત આપવા માગે છે કે જો ભારત અમેરિકાથી અંતર જાળવે તો ચીન તેની સાથે સંબંધો સુધારવા તૈયાર છે. ચીનનો આર્થિક અને વ્યૂહાત્મક ઉદ્દેશ્ય એ છે કે ભારત-અમેરિકા- ઓસ્ટ્રેલિયા જાપાન સંચાલિત ‘ક્વાડ’ જેવી સુરક્ષા વ્યવસ્થામાં ભારતને સક્રિય ભૂમિકા ભજવતા અટકાવવાનો છે. ચીન માટે સૌથી મોટું જોખમ એ છે કે ભારત અમેરિકાના હિંદ-પ્રશાંત વ્યૂહરચનાનું કેન્દ્રબિંદુ બની જાય. જો ભારત તટસ્થ રહે, તો ચીન માટે આખા એશિયામાં પોતાનો પ્રભાવ વિસ્તારવાનું સરળ થઈ જાય છે.

જોકે, આ શાંતિપૂર્ણ દેખાતી પહેલની પાછળ એક અત્યંત આક્રમક વ્યૂહરચના છુપાયેલી છે. ચીન અરુણાચલ પ્રદેશને તેના રાષ્ટ્રીય પુનરુત્થાનના એજન્ડામાં સામેલ કરે છે. તેને ‘દક્ષિણ તિબેટ’ તરીકે સંબોધવું એ માત્ર નામકરણનો વિવાદ નથી, પરંતુ તે ચીનની તે વિસ્તારવાદી નીતિનો ભાગ છે. ચીન આ જ તાઇવાન અને દક્ષિણ ચીન સમુદ્રમાં અપનાવી રહ્યું છે. ચીન આવા વિવાદોને જીવંત રાખવા માગે છે જેથી જરૂર પડે ત્યારે તે ભારત પર દબાણ લાવી શકે. ભારતનો સંશયવાદ માત્ર ૧૯૬૨ના યુદ્ધની દુઃસ્વપ્ન પર આધારિત નથી, પરંતુ ચીનના આ અસ્થિર વર્તન અને કથની-કરણી વચ્ચેના તફાવત પર આધારિત છે.

ચીનની વ્યૂહરચનાનું બીજું મહત્ત્વનું પાસું ભારતની ‘ભૂ-રાજકીય ઘેરાબંધી’ છે, જેને પ્રખ્યાત રીતે ‘સ્ટ્રિંગ ઓફ પર્લ્સ’ તરીકે ઓળખવામાં આવે છે. ચીન પાકિસ્તાન, નેપાળ, બાંગ્લાદેશ અને શ્રીલંકા જેવા ભારતના પડોશી દેશોમાં પોતાનું રોકાણ અને સૈન્ય પ્રભાવ વધારી રહ્યું છે. અહીં ચીનના પ્રોજેક્ટ માત્ર આર્થિક નથી, પરંતુ તે પાકિસ્તાનને ભારત વિરુદ્ધ એક સૈન્ય પ્રોક્સી તરીકે મજબૂત કરવાની ચીની ચાલ છે. નેપાળ અને બાંગ્લાદેશમાં બેલ્ટ એન્ડ રોડ ઇનિશિયેટિવ હેઠળના ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ દ્વારા ચીન આ દેશોની અર્થવ્યવસ્થા પર કબજો જમાવી રહ્યું છે, જેનાથી ભારતની પરંપરાગત પ્રાદેશિક નેતા તરીકેની ભૂમિકાને સીધો પડકાર મળે છે. ભારત તેના પડોશીઓ સાથેના વિવાદો અને ચીની દખલગીરીને ઉકેલવામાં વ્યસ્ત રહે છે ત્યારે ચીન તેને વૈશ્વિક મંચ પર એક શક્તિશાળી સ્પર્ધક તરીકે ઊભરતા રોકી શકે છે.

આ વિશ્લેષણમાં સૌથી મહત્ત્વનું પાસું એ છે કે ભારતને ‘એશિયાઈ એકતા’ના નામે ચીન પશ્ચિમી દેશો વિરુદ્ધ ઉશ્કેરવાનો પ્રયાસ કરે છે, જ્યારે તે પોતે એશિયામાં કોઈ પણ પ્રકારના શક્તિ સંતુલનનો સ્વીકાર કરવા તૈયાર નથી. ચીન ઈચ્છે છે કે ભારત તેની ‘વ્યૂહાત્મક સ્વાયત્તતા’નો ઉપયોગ એવી રીતે કરે કે જેથી અમેરિકાનાં હિતોને નુકસાન થાય. ભારત-અમેરિકા સંરક્ષણ ભાગીદારીને ચીન તેના અસ્તિત્વ માટે જોખમ માને છે. તેથી જ, ચીન સરહદ પર તણાવ ઘટાડવાની વાર્તાઓ દ્વારા ભારતની સુરક્ષા તત્પરતાને ધીમી પાડવા ઈચ્છે છે.

ભારત માટે આ પરિસ્થિતિ અત્યંત જટિલ છે. નવી દિલ્હી જાણે છે કે ચીન સાથે સીધો સશસ્ત્ર સંઘર્ષ આર્થિક વિકાસમાં અવરોધક બનશે, પરંતુ ચીન પર સંપૂર્ણ વિશ્વાસ કરવો એ રાષ્ટ્રીય સુરક્ષા સાથે બાંધછોડ સમાન હશે. ભારતની વર્તમાન નીતિ ‘સશસ્ત્ર શાંતિ’ જેવી છે, જેમાં તે સરહદ પર સૈન્ય માળખાને મજબૂત કરી રહ્યું છે અને સાથે સાથે અમેરિકા સાથે સંરક્ષણ તકનીકીમાં ઊંડો સહયોગ કરી રહ્યું છે. ‘પેન્ટાગોન’નો આ અહેવાલ ભારતને ચેતવે છે કે ચીનની નમ્રતા એ કાયમી પરિવર્તન નથી પરંતુ એક વ્યૂહાત્મક પીછેહઠ હોઈ શકે છે.

ચીનની ભારત વિરુદ્ધની વ્યૂહરચના એક બહુપક્ષીય આક્રમણ છે, જે આર્થિક, સૈન્ય અને મુત્સદ્દીગીરીના સ્તરે લડવામાં આવી રહી છે. ભારતને ચીન અમેરિકાથી અલગ કરવા માગે છે જેથી તે દક્ષિણ એશિયામાં પોતાની શરતો પર રમત રમી શકે. ભારતની સફળતા ચીનના આ ‘શાંતિના પ્રસ્તાવ’ પાછળના વાસ્તવિક હેતુઓને પારખવામાં અને તેની ‘સ્ટ્રિંગ ઓફ પર્લ્સ’ વ્યૂહરચનાનો જડબાતોડ જવાબ આપવામાં રહેલી છે. આ સંઘર્ષ માત્ર બે દેશ વચ્ચેનો નથી, પરંતુ તે નક્કી કરશે કે ૨૧મી સદીમાં એશિયાનું નેતૃત્વ કોણ કરશે અને વૈશ્વિક વ્યવસ્થામાં લોકશાહી વિરુદ્ધ સરમુખત્યારશાહીની લડાઈમાં કોનું પલ્લું ભારે રહેશે. ■

## સિક્કાની ત્રીજી બાજુ

_જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# દેશ એક - કાર્ડ અનેક ને કડાકૂટ તો એથીય વિશેષ!

**શાળામાંથી નીકળતા આધાર કાર્ડમાં પહેલાં અટક, પછી વ્યક્તિનું નામ અને પછી પિતાનું નામ. જ્યારે મતદાર કાર્ડમાં વ્યક્તિનું નામ પછી માત્ર અટક જ હોય છે. ઘણી વાર સ્ત્રીને પિયરનું નામ નોકરીમાં હોય છે. જો તેની વય મોટી હોય તો લગ્ન સાબિત કરવામાં પણ ઘણી વાર અઘરું પડે છે.**

હાલમાં 'મતદાર સુધારણા પ્રક્રિયા' (SIR) ચાલી રહી છે. તેમાં ઘણાને અપાર મુશ્કેલીઓ પડી રહી છે. કોઈની પાસે મતદાર કાર્ડ નહોતું તો કોઈની પાસે પિયરનું નામ હતું. કોઈને શાળામાં કઢાવાયેલું આધાર કાર્ડમાં નામ જુદું હતું અને મતદાર કાર્ડમાં જુદું. આ તો મતદાર કાર્ડની વાત છે, પરંતુ જ્યારે કોઈ વ્યક્તિનું મૃત્યુ થાય (વિશેષ તો પતિ) અને તેના નામે એફડી, પોસ્ટમાં ટીડી વગેરે હોય ત્યારે તેને મેળવતા પત્ની અને બાળકોને બહુ હેરાનગતિ થાય છે.

વ્યક્તિ આધાર કાર્ડ કઢાવે છે ત્યારે તેમાં નામ અલગ હોઈ શકે. તે વખતે માનો કે તેણે ન્યૂમરોલોજી પ્રમાણે સ્પેલિંગ બદલી નાખ્યો તો નામ અલગ આવશે. પાન કાર્ડ અગાઉ કઢાવ્યું હતું તો તેમાં જૂનો સ્પેલિંગ હશે. વળી, આ કાર્ડ છાપીને આપનારા કર્મચારીઓ સ્પેલિંગની ભૂલ કરી શકે છે. વગર ઑપરેશને ભાઈને બહેન અને બહેનને ભાઈ બનાવવાની તેમનામાં ક્ષમતા છે એટલે જ્યારે આ બધાં કાર્ડ આવે ત્યારે નાગરિકનું કર્તવ્ય બને છે કે તેણે આ કાર્ડમાં સ્પેલિંગની ભૂલથી લઈને બધું જ તપાસી-ચકાશી લેવું જોઈએ, જેથી છેલ્લી ઘડીએ દોડાદોડી ન થાય આ પ્રકારની કડાકૂટમાંથી ઉગારવા નવરાશના સમયમાં આટલાં કામ આપણે અવશ્ય કરી લેવા જોઈએ, જેમકે આધાર કાર્ડ-પાન કાર્ડ અને બેન્ક ખાતું, ત્રણેયમાં એક સરખાં નામ અને વિશેષ તો સમાન સ્પેલિંગ હોવા જોઈએ. આપણને એકસરખાં લાગે પણ ઘણી વાર Sanjay K Soni એક જગ્યાએ હોય અને બીજી જગ્યાએ Sanjay Kumar K Soni હોય તો નહીં ચાલે. Sanjay K Sony પણ નહીં ચાલે. Sanjay Soni પણ નહીં ચાલે.



ઘણી સ્ત્રી નોકરીમાં પિયરનું નામ લખાવે છે ને લગ્ન કરે છે પછી પતિની સંપત્તિ પોતાના નામે કરાવવામાં તકલીફ પડે ત્યારે એફિડેવિટ કરાવવી પડે છે. મેરેજ સર્ટિફિકેટ ન કઢાવ્યું હોય તો કંકોત્રી પરથી તાત્કાલિક કઢાવી લો અને તેને હાથ વગું રાખો. જન્મ પ્રમાણપત્ર, મરણ પ્રમાણપત્ર, સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ, ઈત્યાદિ, આ બધું જીવનમાં ખૂબ ઉપયોગી છે.

આ જ રીતે તમારો જોબ એપોઇન્ટમેન્ટ લેટર, પગારની સ્લિપ પણ એક ફાઇલમાં સાચવીને રાખો. ઘરના દસ્તાવેજ- એલોટમેન્ટ લેટર, શેર સર્ટિફીકેટ- નામ ટ્રાન્સફર કરાવ્યું હોય તો તે.

આપણે ત્યાં કહેવત છે કે કાગળિયાં કામ પાકું કરવું. ખરેખર તો આપણે કાગળ વાંચતા જ નથી. ફ્લેટનું રિ- ડેવલપમેન્ટ હોય તો પ્રસ્તાવ કરનાર બિલ્ડર મૌખિક શું કહે છે તેની વાતમાં આવી જઈએ છીએ, પરંતુ તે લેખિતમાં શું પ્રસ્તાવ મૂકે છે અને તેની પાસેથી લેખિતમાં શું પ્રસ્તાવમાં હોવું જોઈએ તે જાણવાની સાવધાની જ નથી રાખતા. માનો કે તે લખી દે કે ભૂકંપ વગેરે કુદરતી હોનારતમાં નવાં નિર્માણમાં વિલંબ થાય તો ભાડું નહીં આપે. અહીં વગેરે કહીને તેણે પોતાની જાતને ભાડું આપવાથી છૂટી કરી લીધી. વળી, જો કોઈ રહેવાસીને તેને મળવા પાત્રથી વધુ જગ્યાવાળા ફ્લેટ નવ નિર્માણ પછી જોઈતા હોય તો તે પહેલાં જ ભાવના તફાવતવાળો પોસ્ટ ડેટેડ ચેક પહેલાં માગી લેશે ત્યારે કોઈ પૂછતું નથી કે ગિફ્ટ મની તો છેલ્લે આપે છો અને ચેક પહેલાં કેમ માગે છે? અને અમે તો તમારાથી બંધાયેલા છીએ. તું નવ નિર્માણ પૂરું કરીશ પછી જ અમને મળવાનું છે. એટલે ત્યારે ચેક માગજે ને ભાઈ. તેં ગિફ્ટ મની તો લટકાવેલી છે જ ને.

આવું ફાઇનાન્સ કંપનીઓ પાસેથી લોન લેતી વખતે પણ થાય છે. એજન્ટ મૌખિક સમજાવે તે જ સમજીએ છીએ. ખરેખર શરત શું છે તે નથી સમજતા.

હવે વાત કરીએ તંત્રની વિસેંગતતાની. આમ તો સ્ત્રી તરફી ઘણી વાત થાય છે, પરંતુ સ્ત્રીને સરકારી તંત્રમાં પડતી મુશ્કેલીની કોઈ વાત નથી કરતું. સ્ત્રીનું પિયરમાં અલગ નામ હોય અને લગ્ન પછી અલગ. અથવા નોકરીમાં પિયરનું નામ ચાલતું હોય તો તેણે લગ્ન કર્યાં હોવાં છતાં તેને પતિના વારસામાં અધિકાર માગવા માટે એફિડેવિટ વગેરે કરાવવી પડે છે. તેના માટે ટ્રેઝરી ઑફિસ, બેન્ક વગેરેમાં હેરાનગતિ થાય છે. હવે તો ફોટા સાથે બધાં કાર્ડ હોય છે. બાયોમેટ્રિક્સ પણ છે. તો પછી નામ અલગ હોય તેમ છતા ય આવી હેરાનગતિ કેમ?

બીજું બાજુ સંતાનોને પણ આ જ સમસ્યા નડે છે. સંતાન અલગ-અલગ જગ્યાએ રહેતાં હોય તો તેમને બધાં કામ પડતાં મૂકીને જે-તે શહેરમાં આવવું પડે. તેમાંય કર્મચારીઓ કાં લાંચ વગર કામ ન કરે અથવા તો દસ્તાવેજ માગીને માગીને કે ભૂલ કાઢીને વિલંબ કરાવે અથવા ધક્કા ખવડાવે.

એક બહેનને તેમના પતિનાં મૃત્યુ પછી એફડી પોતાના નામે કરાવવાની હતી. પતિએ નોમિનેશન કરેલું, પરંતુ બેન્કના અધિકારીએ કહી દીધું કે નોમિનેશન નથી અને જૂના દસ્તાવેજ મળતા નથી. આખી પ્રક્રિયા નવેસરથી કરાવવી પડી.

વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારી માટે મોદી સરકારે ગેઝેટેડ ઑફિસરની સહી કઢાવી નાખી છે. અભ્યર્થીની પોતાની સહી ચાલે. વડા પ્રધાન મોદીએ કહ્યું કે આપણે આપણા નાગરિકમાં વિશ્વાસ ન રાખી શકીએ? તો આ જ બાબત ઉપરોક્ત કાર્ડ અને વારસો પોતાના નામે કરાવતી વખતે લાગુ ન કરવી જોઈએ?

આધાર કાર્ડ, પાન કાર્ડ અને મતદાર આઈડી કાર્ડ દરેકમાં ફોર્મ ભરવામાં પણ અલગ-અલગ ખાનાં હોય છે,જેમકે આધાર કાર્ડમાં નામ, પિતાનું નામ અને કુલનામ (અટક)નાં ખાનાં છે. તેથી કાર્ડમાં આખું નામ આવે છે, પરંતુ મતદાર કાર્ડમાં નામ અને અટક જ આવી શકે છે.

પિતાના નામનું ખાનું જ નથી! આથી બંનેમાં વિસંગતતા આવવાની જ છે. આધાર કાર્ડ શાળામાંથી નીકળે તો કુલ નામ (અટક), પછી વ્યક્તિનું નામ અને પછી પિતાનું નામ લખે છે.

શાળા પહેલાં વિદ્યાર્થીનું નામ આવે, પછી પિતાનું ને પછી કુલ નામ. આવી બધી વિસંગતા દૂર કરવા તો બધા કાર્ડ માટેના ફોર્મમાં એકરૂપતા લાવવી જોઈએ. અને 'એક રાષ્ટ્ર એક ચૂંટણી', 'એક દેશ એક રેશન કાર્ડ'ની જેમ 'એક દેશ એક (ઓળખ) કાર્ડ' લાગુ કરવું જોઈએ. આધાર, પાન, મતદાર, ડ્રાઇવિંગ લાઇસન્સ, સ્કૂલ લિવિંગ, મેરેજ સર્ટિ.. આ બધાની વિગતો એક જ કાર્ડમાં કેમ ન આવી શકે?

આ કામગીરી અઘરી જરૂર છે, પણ અશક્ય તો નથી જ.




## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**ચાહુંગા મૈં તુઝે સાંજ સવેરે... તો બપોરે શું કરવાનું?**
* પ્રેમ કરવાની પ્રેક્ટિસ.

**પુષ્પા પોસીબલ ક્યારે થાય?**
* પત્ની પિયર જાય ત્યારે...

**પત્નીના ઈશારે નાચતા પતિને શું કહેવાય ?**
* ફૂલ ટાઈમ ફ્રી ડાન્સર...!

**સંતાકૂકડી... એટલે કૂકડાની વાઈફ હશે?**
* ના, સંતાની મમ્મી પણ હોઈ શકે !

**ગાંડાના ગામ ના હોય તો?**
* એની હોસ્પિટલ કે સેન્ટર હોય...

**વન મેન આર્મી તો વન વુમન?**
* સુંદરી સેના....

**ગુજરાતી ફિલ્મ માટે હવે કોણ સહાયતે?**
* નવી કથા અને પ્રેક્ષકો..

**હવે તો વર - વધૂ અને મહેમાનો માટે કપડાં ભાડે મળે છે.**
* રાહ જુઓ... તમે ચાંલ્લો (ભાડું) આપશો તો મહેમાનો પણ લગ્નમાં આવશે...

**બોલે એના બોર વેચાય. ના બોલે તો?.**
* ખુદ વેચાય...

**ચલણી સિક્કા ગોળ કેમ હોય છે ?**
* એ ચોરસ નથી એટલે...

**પૈસા હાથનો મેલ હોય તો પગ શું?**
* પગલા પાડવાનો તાલમેલ...

**ભેળસેળનું સેલ નીકળે?.**
* એનું સિઝનલ નહીં, બારમાસી સેલ હોય.

**રાજા વાજા સાથે વાંદરાનો મેળ કેવી રીતે પડ્યો?**
* કૂતરાએ છેલ્લી મિનિટે ભસવાની ના પાડી હશે એટલે...

**આળસુને મોર્નિંગ કે ઈવનિંગ વોક ના ફાવે તો?**
* એને ડ્રીમ વોક કરવાનું કહો ...

**કથાકાર કેમ વધતા જાય છે?**
* કથા ઓછી ને કલદાર વધુ હોય છે એ માટે...

**હનીમૂનમાં ખર્ચ કેવી રીતે બચે?**
* કપલના બદલે સિંગલ જવાનું!

## કચ્છી ચોવક

__કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# જીવન રસથાળ જેવું બનાવો

કહેવાય તો એમ છે કે, ભૂખ્યા પેટે ભક્તિ ન થાય! ચોવક પણ કહે છે કેઃ 'પેલી પૂજા પેટજી, પોય પૂજા ડેવજી.' શબ્દાર્થ અને ભાવાર્થ એક સમાન છે કે, 'પહેલાં પૂટ પૂજા, પછી જ દેવ પૂજા'! પણ જે રીતે આ ચોવકનો લોકભાષામાં ઉપયોગ કરવામાં આવે છે. તે મતલબનો તેનો ગર્ભિત અર્થ નથી! અહીં પેટ એટલે માત્ર પોતાનું પેટ નહીં, અને વધુ ઊંડા ઉતરીએ તો 'પેટ ભરવાની' તો વાત જ નથી! દેવ પૂજા કરવા માટેની ક્ષમતા અને લાયકાત હોવાની વાત છે! બીજી એક ચોવક જે આ ગર્ભિત અર્થને સ્પર્શે છે તે આ રહીઃ 'ભિસ્મીલાજી ભરકત તેં કે હીલો નિકાં હરકત' ભરકત અને હરકત શબ્દો ગુજરાતીમાં પણ પ્રચલિત છે. એ સિવાય ચોવકમાં વપરાયેલા બે કચ્છી શબ્દો 'હીલો' એટલે આંચ અને 'નિકાં' એટલે 'નહીં' એવો અર્થ અહીં અભિપ્રેત છે. ચોવકનો અર્થ થાય છેઃ 'જેને ઈશ્વર ભરકત આપે છે તેને, અથવા ઈશ્વરના જેના પર આશીર્વાદ વરસે છે તેને, કોઈ આંચ કે અડચણ આવતી નથી.'

ઘણા લોકોને બીજાનું બધું જ સારું લાગે. ભલેને પછી એવીજ વસ્તુ પોતાની પાસે હોય! 'પારકે ભાંણે જો લડૂં વડો!' એક સાથે જ જમવા બેઠા હોય, લાડુ બનાવનારે બધા લાડુ એક સરખા કદના બનાવ્યા હોય, પરંતુ બાજુમાં જમવા બેઠેલાની થાળીમાંનો લાડુ મોટા કદનો લાગે છે! ચોવકનો શબ્દાર્થ છેઃ પારકે ભાણે લાડુ મોટો. ગુજરાતી ભાષામાં પણ એવા અર્થની કહેવત પ્રચલિત છે કે, 'પારકે રોટલે જાડી કોર'! અહીં રોટલાની કોરનું મહત્ત્વ પણ બતાવવામાં આવ્યું છે. કઈ રીતે ખબર છે? જાડી કોરના રોટલા ખાવાની મજા આવે! જે રોટલાની કોર જાડી હોય તેનો વચ્ચેનો ભાગ પણ થોડો જાડો જ હોય અને રોટલો જેટલો જાડો હોયને તેટલું એ ઘી વધારે ચૂસી લે! ઘીથી તરબતર રોટલો અને સાથે ગોળનો ગાંગડો હોય તો પણ ભોજન 'રસ થાળ' બની જાય. ગર્ભિત અર્થ એવો થઈ શકે કે, જીવનને 'રસથાળ' સમાન બનાવો! બીજાની દેખાદેખી કર્યા વગર ઈશ્વરે જે આપ્યું છે, તેને અસંતોષની નજરે ન જોવું!

એવી જ અર્થસૂચક ચોવક પણ છેઃ 'પરાઈ માંનીજી કોર જાડી લગે'! લોકોને પોતાની પાસે જે છે, તે નથી ગમતું! બીજા પાસે જે છે, તે બધું જ સારું લાગે છે! વળી, ઘણા લોકો એવા પણ હોય છે, જેને કોઈ તમન્નાજ નથી હોતી! તેમના માટે એક બહુ સરસ ચોવક છેઃ 'ન પોંગ ન ફરઈ, ન ખીર ન બરઈ!' ચોવકમાં વપરાયેલો શબ્દ 'પોંગ' એટલે પોંક અને 'ફરઈ' એટલે ફળી! ખીર એટલે દૂધ અને બરઈ... પ્રસૂતા ગાય કે ભેંસના પ્રથમ દૂધમાંથી બનતી એક વાનગી! કંઈ નથી જોઈતું! ઈશ્વરે જે આપ્યું એજ અને એટલું જ બસ છે!

'કર્મની ગત ન્યારી' એવું આપણે ગુજરાતી અને હિંદી ભાષામાં વાંચીએ છીએ કે બોલતા પણ હોઈએ છીએં, એજ રીતે કચ્છીમાં કહેવાય છેઃ 'હજાર કર્યો હીલા, પ કરમ વગર કોડી ન મિલે' લાખ ધમપછાડા કરો, પણ કર્મની ગત મહાન છે, કપાળે લખ્યું ન હોય તો એક 'કોડી' પણ ન મળે! ગુજરાતીમાં કહેવત છે ને કે, 'ધાર્યું તો ધરણીધરનું જ થાય!' એજ વાત ચોવક પણ કહે છેઃ 'માડૂ ધારે હિકડી નેં કુધરત કરે બઈ' કુદરત પાસે માણસનું કંઈ જ ચાલતું નથી. માણસ ધારે છે કંઈક અને કુદરત આપે છે કંઈક. અહીં 'કંઈક' શબ્દ હકારાત્મક અને નકારાત્મક બન્ને અર્થમાં પ્રયોજાયો છે.

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| MAGAZINE | કિરમજી |
| MAGENTA | ન્યાયાધીશ |
| MAGGOT | જાદુ |
| MAGIC | સામાયિક |
| MAGISTRATE | ઈયળ |

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ■ | ૪ | ૫ | | ૬ |
| | ■ | ૭ | | ■ | ૮ | | | ■ | |
| ૯ | | | ■ | ૧૦ | ■ | ૧૧ | | ■ | |
| ■ | ■ | ૧૨ | ૧૩ | | ■ | | ■ | ૧૪ | |
| ૧૫ | ૧૬ | | | ■ | ૧૭ | ■ | ■ | | ■ |
| ■ | | ■ | ■ | ૧૮ | ■ | ૧૯ | ૨૦ | | |
| ૨૧ | | ■ | ૨૨ | ■ | ૨૩ | | | ■ | ■ |
| | ■ | ૨૪ | | ■ | | ■ | ૨૫ | | ૨૬ |
| | ■ | ૨૭ | | | ■ | ૨૮ | | ■ | |
| ૨૯ | | | | ■ | ■ | ૩૦ | | | |

**આડી ચાવી**

૧. વિજ્ઞાન શાસ્ત્રી (૪)
૪. હીરા, માણેક, મોતી વગેરે (૪)
૭. મૃત્યુ, મોત જેવી પીડા (૨)
૮. મરોડ, વળાંક (૩)
૯. હીરો (૩)
૧૧. ઝરણું, પાણીનો વહેળો (૨)
૧૨. ખલાસી, વહાણ ચલાવનારો (૩)
૧૪. સાધુ પુરુષ (૨)
૧૫. --- કો નહીં દોષ ગોસાંઈ (૪)
૧૭. લક્ષ્મી (૧)
૧૯. કુબેર (૪)
૨૧. અમૃત (૨)
૨૩. ગ્રાહક, ખરીદનાર (૩)
૨૪. --- ખાવો=નુકસાન વેઠવું (૨)
૨૫. ધંધો, ઉદ્યોગ (૩)
૨૭. ઘેટાં-બકરાં ઉછેરનાર જાતિનો માણસ (૩)
૨૮. વસવાટ, રહેઠાણ (૨)
૨૯. આજ્ઞાંકિત (૪)
૩૦. ગોવાળ, ઢોર ચરાવનાર (૪)

**ઊભી ચાવી**

૧. સીતા (૩)
૨. લૂણ ખાનાર, સેવક (૫)
૩. ઘરની બાજુની દીવાલ (૨)
૪. ઝળહળાટ, તેજનો અંબાર (૪)
૫. કાંકરાવાળી જાડી રેતી (૩)
૬. આરોપ, આળ (૪)
૧૦. એક જાતની વાંસળી (૨)
૧૩. છત્ર વાળું એક વાહન (૨)
૧૪. દુઃખ, ક્લેશ (૩)
૧૬. તાત્પર્ય કે રહસ્ય જાણનાર (૩)
૧૮. ગાય (૧)
૧૯. પૃથ્વી (૨)
૨૦. નાકની નથ (૫)
૨૧. લાંછન કે એબ રહિત (૪)
૨૨. બારોબાર (૪)
૨૩. પળ (૨)
૨૪. રસ્તો, રાહ (૩)
૨૬. શિરસ્તો, ધારો (૩)
૨૮. વાણી, વાચા (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ર | ણ | ૨ સં | ૩ ગ્રા | ૪ મ | ■ | ૫ સં | ગ | ૬ દો | ૭ ષ |
| ણી | ■ | ૮ ચા | હ | ના | ■ | જો | ■ | ૯ લ | ટ |
| ■ | ૧૦ ખ | લ | ક | ■ | ૧૧ જ | ગ | ■ | ત | ■ |
| ૧૨ ધ | ડી | ક | ■ | ૧૩ વે | રી | ■ | ૧૪ ઉ | મં | ગ |
| ટ | ■ | ■ | ૧૫ રો | ષ | ■ | ૧૬ પા | ર | દ | ■ |
| ■ | ૧૭ અ | ૧૮ મા | પ | ■ | ૧૯ વે | ળ | ■ | ■ | ૨૦ મ |
| ૨૧ વ | સં | ત | ■ | ૨૨ ઠા | ઠ | ■ | ૨૩ અ | ૨૪ સા | ધ્ય |
| ■ | ભ | ■ | ૨૫ જો | મ | ■ | ૨૬ ન | ક | ટું | ■ |
| ૨૭ ક | વિ | ■ | બ | ■ | ૨૮ મં | જી | રા | ■ | ૨૯ ઝા |
| ૩૦ મ | ત | દા | ન | ■ | ૩૧ છા | ક | મ | છો | ળ |

### માતૃભાષાની મહેક

ગાંધી શબ્દના રૂઢિપ્રયોગ - કહેવતો પણ જાણીતા છે. સૌથી જાણીતી કહેવત છે કે સૂંઠને ગાંગડે ગાંધી ન થવાય. માત્ર સૂંઠનો ગાંગડો તમારી દુકાનમાં વેચવા રાખ્યો હોય એટલે તમે ગાંધી એટલે કે વેપારી નથી બની જતા. ગાંધી એ જ કહેવાય જે વિવિધ ઉપયોગી વસ્તુઓનું વેચાણ કરે.

### ગુજરાત મોરી મોરી રે

મૂળ સ્વાભવ ન છોડે એવી જક્કી વ્યક્તિ એ ભાવાર્થની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

વળ પણ ચીંદરડી છોડે બળે ન

### ઈર્શાદ

*કૃપા થાય તોય અમુક ઉપર, અને એય થાતી જરાતરા,*
*એ થતી ન કેમ બધા ઉપર? એ અપાર કેમ થતી નથી?*

*- હર્ષવી પટેલ*

### ઓળખાણ પડી?



ટૂંકી ગરદન, ટૂંકા પગ પણ પહોળી પાંખો ધરાવતા અને સૌથી ઓછી ઝડપે ઉડતા અને ચાલતા અનોખા પક્ષીની ઓળખાણ પડી?

અ) JAPNESE CRANE બ) CUBAN TROGAN
ક)AMERICAN WOODCOCK ડ) CANADA GOOSE

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'બૈલ ખેડ કર મરે ઔર ખાવે તોરિંગ' પંક્તિમાં 'તોરિંગ' શબ્દનો અર્થ જણાવો.

અ) ગાય બ) શિયાળ ક) સાપ ડ) ઘોડો

### માઈન્ડ ગેમ

લીલી - કાળી તેમ જ સ્વાદમાં ખાટી - મીઠી ફળની નામના ધરાવતી દ્રાક્ષનો સૌથી વધુ પાક આપણા કયા રાજ્યમાં થાય છે એ જણાવો.

અ) કર્ણાટક બ) મહારાષ્ટ્ર ક) મેઘાલય ડ) ઉત્તરાખંડ

### સુડોકુ-૯૧૮૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | | ૪ | ૫ | | | ૬ | |
| ૩ | | | | | | | ૯ | |
| | | | ૬ | | | | | ૨ |
| | ૪ | ૭ | | | | | | |
| ૬ | | ૯ | | | | ૩ | | ૧ |
| | | | | | | ૬ | ૫ | |
| ૫ | | | | | ૮ | | | |
| | ૩ | | | | | | | ૯ |
| | ૨ | | | ૧ | ૪ | | ૮ | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૮૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૫ | ૭ | ૨ | ૮ | ૯ | ૩ | ૬ | ૪ |
| ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૯ | ૧ | ૮ |
| ૮ | ૯ | ૬ | ૩ | ૧ | ૪ | ૭ | ૫ | ૨ |
| ૭ | ૧ | ૨ | ૪ | ૩ | ૮ | ૬ | ૯ | ૫ |
| ૩ | ૬ | ૯ | ૧ | ૨ | ૫ | ૪ | ૮ | ૭ |
| ૪ | ૮ | ૫ | ૭ | ૯ | ૬ | ૧ | ૨ | ૩ |
| ૬ | ૪ | ૩ | ૮ | ૫ | ૧ | ૨ | ૭ | ૯ |
| ૫ | ૭ | ૧ | ૯ | ૪ | ૨ | ૮ | ૩ | ૬ |
| ૯ | ૨ | ૮ | ૬ | ૭ | ૩ | ૫ | ૪ | ૧ |

### ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| MACABRE | વિકરાળ |
| MACARONI | ઘઉંની સેવ |
| MACE | ગદા |
| MACHO | પૌરુષત્વ |
| MACHINE | યંત્ર |

**ગુજરાત મોરી મોરી રેઃ**
ભાટનો છોકરો જનમનો ભાટ જ હોય

**ઓળખાણ પડી?**
HORNBILL

**માઈન્ડ ગેમ :**
બાંગ્લાદેશ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
પગરખું

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ભારતી બુચ (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૮) સુભાષ મોમાયા (૯) વિપીન શાહ (૧૦) નૂતન વિપીન શાહ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) પુષ્પા પટેલ (૧૪) હર્ષા મહેતા (૧૫) જ્યોતિ ખાંડવાલા (૧૬) લજિતા ખોના (૧૭) મીનળ કાપડિયા (૧૮) કમલ માતલિયા (૧૯) જયવંત પદમશી ચિખલ (૨૦) ભરત કજરિયા (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) નિખિલ બંગાળી (૨૪) અમીશી બંગાળી (૨૫) પ્રવીણ વોરા (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) કિરીટ છેડા (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) ચેતના છેડા (૩૦) વિણા સંપટ (૩૧) ભાવના કર્વે (૩૨) અંજુ ટોલિયા (૩૩) રમેશ દલાલ (૩૪) અલકા વાણી (૩૫) ડાયના સંતોકે (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) વિજય આસર (૩૮) નિતીન જયંતીલાલ બજરિયા (૩૯) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૧) દીપિકા દોશી (૪૨) પ્રજ્ઞા પુરોહિત (૪૩) પ્રમોદ પુરોહિત (૪૪) હિના દલાલ (૪૫) ઈનાક્ષી દલાલ (૪૬) જ્યોત્સના ગાંધી (૪૭) નયના ગિરીશ મિસ્ત્રી (૪૮) ડો. પ્રકાશ કટકિયા (૪૯) મહેશ દોશી (૫૦) પ્રતિમા પમાણી (૫૧) ધીરેન્દ્ર મુલરાજ (૫૨) ભામિની સંપટ (૫૩) ગીતા ઉદેશી

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## ઈટલીના ગામમાં ૩૦ વર્ષે બાળજન્મ



પૃથ્વી પર ઘણી અજાયબી આજની તારીખમાં પણ અસ્તિત્વ ધરાવે છે. યુરોપિયન દેશ ઈટલીના એબ્રુટસો વિસ્તારના જીરીફાલ્કો પર્વતના ઢોળાવ પર આવેલા પાલિયારો દી માર્સી નામના પ્રાચીન ગામની હેરત પમાડનારી એક વાત એ છે કે અહીં માનવ વસતિ કરતાં બિલાડીની સંખ્યા વધારે છે. અનેક દશકથી વસતિમાં સતત ઘટાડો થઈ રહ્યો હોવાથી ગામમાં મનુષ્યના અવાજ કરતાં મીની માસીનું મ્યાઉં મ્યાઉં વધુ સાંભળવા મળે છે.

તાજેતરમાં અહીં એક વિશિષ્ટ ઉજવણી જોવા મળી. ૩૦ વર્ષમાં પહેલી વાર ગામમાં બાળકનો જન્મ થયો. એના આગમન સાથે ગામમાં મનુષ્ય વસ્તિ ૨૦ પર પહોંચી ગઈ છે. ચર્ચમાં બાળકના નામકરણના ધાર્મિક પ્રસંગે આખા ગામને (ટૂંકમાં વીસ જણને) આમંત્રણ તો આપવામાં આવ્યું હતું પણ પૂંછડી પટપટાવતી અનેક બિલાડીઓ પણ હરખ કરવા હાજર રહી હતી. ગામમાં નવજાત બાળકની એ હદે નવાઈ છે કે શિશુ ટુરિસ્ટ એટ્રેક્શન - સહેલાણીઓ માટે જોવાલાયક જણસ બની ગયું છે. નવ મહિનાની પુત્રી લારા આખા ઈટલીમાં ફેમસ થઈ ગઈ છે. રાજી થઈ સ્થાનિક શાસન તરફથી લારાને સ્પેશિયલ ૧૦૦૦ યુરોનું 'બેબી બોનસ' આપવામાં આવ્યું છે.

## ઐસી ભી ક્યા જલ્દી હૈ!



ચટ મંગની, પટ બ્યાહ ભાવના સામે ચીનને કોઈ વાંધો નથી, પણ મંગની - બ્યાહ પછી ચટ સંતાન સામે સાડી સાત વાર વાંધો છે, તકલીફ છે. આશ્ચર્યની વાત તો એ છે કે વસ્તિ વધારાનો દર ઘટી રહ્યો હોવાની સમસ્યાથી ગ્રસ્ત ચીનના યુનાન પ્રાંતમાં તો લગ્ન પછી બહુ જલદી બાળક ન અવતરવું જોઈએ એવી મતલબનો ફતવો બહાર પાડવામાં આવ્યો છે. લગ્ન, લિવ - ઈન રિલેશનશિપ અને પ્રેગ્નન્સી પર દંડ ફટકારવા જેવા સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલા એક અજબ ગજબના નિયમને કારણે બબાલ થઈ છે.

'સાઉથ મોર્નિંગ ચાઈના પોસ્ટ' અખબારમાં પ્રગટ થયેલા અહેવાલ અનુસાર જો કોઈ યુનાન પ્રાંતની બહારની વ્યક્તિ સાથે લગ્ન કરે તો એને ૧૫૦૦ યુઆન (આશરે ૧૯ હજાર રૂપિયા) દંડ ભરવો પડશે અને જો કોઈ મહિલા લગ્ન કર્યા પહેલા ગર્ભવતી બને તો તેને ત્રણ હજાર યુઆન (આશરે ૩૮ હજાર રૂપિયા) દંડ ફટકારવામાં આવશે. લગ્ન વગર સાથે રહેતા યુગલ પાસેથી દર વર્ષે ૫૦૦ યુઆન (આશરે ૬૩૦૦ રૂપિયા) વસૂલવામાં આવશે. પિક્ચર અભી બાકી હૈ...

લગ્ન કર્યાના દસ મહિના પહેલા જો સંતાનનો જન્મ થાય તો માતા - પિતાએ ૩ હજાર યુઆન (આશરે ૩૮ હજાર રૂપિયા) દંડ ભરવો પડશે. કોઈ દંપતી વચ્ચે થયેલી તકરારનો નિવેડો લાવવા ગામના અધિકારીઓને બોલાવવામાં આવે તો બંને પક્ષ તરફથી ૫૦૦ - ૫૦૦ યુઆન જમા કરાવવાના રહેશે.

## તેરા મેરા સાથ રહે, પણ ક્યાં સુધી?




ડિવોર્સ માટે, પ્રોપર્ટી માટે કે એવા અન્ય કોઈ કારણસર પતિ - પત્ની એકબીજાને અદાલતમાં ઘસડી જાય એની નવાઈ આજના સમયમાં ન લાગવી જોઈએ. જોકે, દક્ષિણ કોરિયાના એક હસબન્ડ વાઈફ વિરુદ્ધ કોર્ટમાં ગયા છે એનું કારણ જાણ્યા પછી તમારી હથેળી લમણે હળવી ટપલી મારી બેસશે તો કોઈને નવાઈ નહીં લાગે.

વાત જ એવી છે. દક્ષિણ કોરિયાની રાજધાની સોલમાં શાંતિપૂર્વક સ્નેહજીવન જીવી રહેલા યુગલના જીવનમાં અચાનક ભૂકંપ આવ્યો. પતિને માંદગી આવી અને એ પણ જીવલેણ ગણાતી લિવર સિરોસિસની બીમારી. ડોકટરે તો કહી દીધું કે લિવર ટ્રાન્સપ્લાન્ટ કરાવો અન્યથા ભાઈ તો વરસ દાડાના મહેમાન છે. સદનસીબે પતિના પેરેન્ટ્સ આર્થિક અને ભાવનાત્મક રીતે પણ ખમતીધર હોવાથી દીકરાની સારવાર માટે સમય અને સંપત્તિ ખર્ચવામાં પાછું વાળીને જોયું નહીં

સાત જનમ સાથ નિભાવવાનો વાયદો કે પછી 'તેરા મેરા સાથ રહે, ધૂપ હો છાંવ હો, દિન હો કે રાત રહે....', ગણગણવાનો આનંદ, એ મુગ્ધતાને હકીકતથી છેટું હોય છે એ આજની વાસ્તવિકતા છે. પત્ની પણ દિવસ- રાતનો વિચાર કર્યા વિના પતિની પડખે ઊભી સાંત્વના આપતી રહી. જોકે, અંગદાતા (લિવર ડોનર) મળતો નહીં હોવાથી અંતિમ સમય નજીક આવી રહ્યો હતો. 'કાખમાં છોકરું ને ગામમાં ધમાધમ'ની જેમ અચાનક ખબર પડી કે દર્દીની પત્નીનું લિવર ટ્રાન્સપ્લાન્ટ માટે પરફેક્ટ છે. આ હરખ ઝાઝો ટક્યો નહીં, કારણ કે પત્નીએ સાફ સાફ કહી દીધું કે 'મને ઈન્જેક્શનની સોય અને અણીદાર સાધનોની બહુ બીક લાગે છે એટલે લિવરનો હિસ્સો ડોનેટ કરવા હું સર્જરી નહીં કરાવી શકું.'

પતિનું આયુષ્ય બળવાન હોવાથી એક બ્રેન ડેડ ડોનરના લીવર ટ્રાન્સપ્લાન્ટથી જીવન સામાન્ય તો થઈ ગયું. સાજા નરવા થઈ ગયા પછી પતિને પત્નીના અણીદાર સાધન માટેની બીકનો ઈતિહાસ જાણવાની ચટપટી થઈ. ખણખોદ કરતા જાણવા મળ્યું કે ભૂતકાળમાં પત્નીએ નાની સર્જરી કોઈ પણ સમસ્યા વિના કરાવી હતી. પુરાવા સાથે ઉઘડો લેતાં ખબર પડી કે સર્જરીમાં કંઈ ઊંધું ચત્તું થયું તો બાળકો મા વિનાના થઈ જશે એવા કલ્પિત ભયને કારણે પત્નીએ ફોબિયાની વાત ઉપજાવી કાઢી હતી. અલબત્ત ખુલાસો પતિના ગળે ન ઊતર્યો અને બદઇરાદાથી સાથ છોડવા બદલ અને પત્ની ધર્મની અવગણના કરવા બદલ કેસ ઠોકી દીધો. અદાલતે પત્નીની તરફેણ કરી અંગદાન ઈચ્છાથી કરવાનું હોય એ ફરજિયાત ન હોઈ શકે એવો ચુકાદો આપ્યો. જોકે, અંતે પતિ - પત્ની છૂટાછેડા માટે સહમત થયા પણ બંને બાળકો પત્ની પાસે રહેશે અને ભૂતપૂર્વ પતિની સારવાર માટે પત્નીએ બનતી આર્થિક મદદ કરવાની રહેશે.

## દાંત ખોતરવાની સળીનો આયફેલ ટાવર, અમેરિકામાં!



બાળપણમાં ભોળપણ હોય તો કિશોરાવસ્થામાં કમાલ કરવાની વૃત્તિનો સળવળાટ શરૂ થાય. યુએસના ઈલિયોનેસ રાજ્યના એરિક નામના ૧૬ વર્ષના કિશોરે ફ્રાન્સના વિશ્વ વિખ્યાત સ્મારક આયફેલ ટાવરની પ્રતિકૃતિ બનાવી નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. અસલી ટાવરની જેમ પ્રતિકૃતિ કોઈ એન્જિનિયરીંગ કૌશલ નથી, પણ દાંત ખોતરવાની સળી (ટૂથપિક)ના બાંધકામની કમાલ છે. બાળપણમાં જ સિવિલ એન્જિનિયર પિતાએ બિલ્ડિંગ બાંધકામનો ચસ્કો લગાડ્યો હોવાથી એરિકમાં આ શોખ ઉછર્યો છે. સત્તાવાર માહિતી અનુસાર કિશોરએ ૧૭.૩૨ ફૂટ ઊંચા આયફેલ ટાવરનું બાંધકામ કર્યું છે. ૧૨ વર્ષની ઉંમરે એરિકે પોપસિકલ સ્ટિક (આઈસ લોલી સાથેની લાકડાની સળી)ની મદદથી ૨૦ ફૂટ ઊંચો ટાવર બાંધી ગિનેસ વર્લ્ડ રેકોર્ડ કર્યો હતો. ટૂથપિક સરખામણીમાં નાની અને ઝીણી હોવાથી આયફેલ ટાવર બાંધવામાં વધુ તકેદારી રાખવી પડી એવી સ્પષ્ટતા કરનાર એરિકની આંખો હવે વધુ વર્લ્ડ રેકોર્ડ માટે નવા સ્મારકની તલાશમાં છે.

## લ્યો કરો વાત!

*દૂર દૂર એટલે કેટલું દૂર? એની કોઈ વ્યાખ્યા ખરી? ભૂગોળ એમાં મદદ જરૂર કરી શકે. સાઉથ એટલાન્ટિક ઓશનમાં સ્થિત ૪૯ ચોરસ કિલોમીટરમાં પથરાયેલા બુવેટ આઈલેન્ડ પર જો તમે પહોંચી ગયા તો નજીકના સ્થળથી પણ તમે ખાસ્સા દૂર છો. ચારે તરફ ઘૂઘવતો સમુદ્ર જ નજરે પડે અને દક્ષિણ દિશામાં ૧૭૦૦ કિલો મીટર અંતર કાપ્યા પછી એન્ટાર્કટિકા કોસ્ટ પહોંચાય જ્યાં કોઈ મનુષ્યનો કાયમી વસવાટ નથી. પશ્ચિમ દિશામાં ૧૯૦૦ કિલોમીટર અંતર કાપી સાઉથ સેન્ડવીચ આઈલેન્ડ પહોંચાય અને આ ટાપુ પર તો માનવ વસતિ શૂન્ય છે. ઉત્તરમાં ૧૬૦૦ કિલોમીટર મુસાફરી કર્યા બાદ ગોફ આઈલેન્ડ પહોંચાય જ્યાં એક વેધશાળા છે જેમાં છ લોકો કામ કરે છે. બુવેટ આઈલેન્ડથી સૌથી નજીકની દુકાન ફક્ત ૨૨૫૦ કિલોમીટર દૂર ટિસ્ટિન દા કુનયા ટાપુ પર છે.*

*અહીં આપણને બધાને કિશોર કુમાર યાદ આવી જાય:*

*'તેરી દુનિયા સે હો કે મજબૂર ચલા, મૈં બહોત દૂર, બહોત દૂર, બહોત દૂર ચલા...'*

શરદ જોશી સ્પીકિંગ ___ સંજય છેલ
feedback@bombaysamachar.com

# સહુથી સેફ છપ્પરફાડ ભ્રષ્ટાચાર... પૂછો, કેમ?



બધા આચારમાં ભ્રષ્ટાચાર આ દેશમાં સૌથી સુરક્ષિત છે. ઘણા લોકો છુપી રીતે કામ કર્યા પછી પણ છાતી ઊંચી કરીને ચાલે છે. તમે લાંચની કમાણીથી બંગલો બનાવીને એમાં ઘણી પેઢીઓ સુધી શાનથી રહી શકો છો. તમે ભ્રષ્ટ આવકથી કાર ખરીદી બજારની વચ્ચોવચ હોર્ન વગાડો, બધા તમારી સાંભળશે. તમે એ જ કમાણીથી પત્ની માટે કિંમતી સાડી અને ઘરેણાં ખરીદ્યા, પછી એ પહેરી કોઈ લગ્ન પ્રસંગમાં એને લઈ જાવ, તો સમાજમાં બધા પૂછશે તમે આ સાડી ક્યાંથી ખરીદી? કોઈ એ પૂછશે નહીં કે આટલી કિંમતી સાડી ખરીદી કેવી રીતે? પૂછવાવાળા પણ ભ્રષ્ટ કમાણી કરે છે. એમને પણ કિંમતી વસ્તુઓ ખરીદવાની છે.

નાના શહેર અને ગામડામાં જાવ. ત્યાં રિટાયર્ડ તહસીલદાર અને સબ-ઈન્સપેક્ટર પોલીસનાં ઘર તરી આવશે. લોકોને એમના પર ગર્વ છે, કારણકે એ બધા એક સફળ વ્યક્તિની સફળતાની વાર્તા કરે છે. એરપોર્ટ પર કસ્ટમનો ભ્રષ્ટ ઓફિસર દરરોજ ચાળીસ- પચાસ હજાર રૂપિયાના નોટોથી ભરેલી બેગ લઈ ખુલ્લા દરવાજામાંથી બહાર નીકળી પોતાના ઘરે જાય છે.

બંગલાઓ, જમીન ઉપરાંતા એની પાસે બે કાર અને બે મોટરસાઈકલ પણ છે. બધા એને આવતા- જતા નમીને પ્રણામ જ કરતા હશે અને એની વિદેશી શરાબનો એક ઘૂંટ પીવા માટે તીવ્ર ઈચ્છા પણ રાખતા હશે. ભ્રષ્ટાચારને આપણે ત્યાં એક આદરણીય આચાર માનવામાં આવે છે. ઘણા લોકો એને વ્યવહારિક માને છે. ઉપરની કમાણી કરવું વ્યવહારિક ગણવામાં આવે છે.

ભ્રષ્ટાચાર આ દેશના જીવનની ઊંધી ગંગા છે. એ સમુદ્રમાંથી પાણી ભેગું કરી હિમાલય સુધી પહોંચાડે છે. એક ઈન્સ્પેક્ટર જ્યારે લાંચના સો રૂપિયા લે છે તો એ શાનથી કહે છે, 'હું એકલો નથી ખાતો, ઉપરવાળાઓને પણ ખવડાવવું હોય છે!' ભ્રષ્ટાચાર વ્યક્તિગત કુશળતા પર આધારિત એક સામુદાયિક કાર્ય છે. એમાં મનના તાર જોડાયેલા રહે છે. ભ્રષ્ટ માણસ જ્યારે પકડાય જાય છે ત્યારે એ ભ્રષ્ટાચારની કમાણીથી કેસ લડીને જીતે છે. બહાર લોકો એના સ્વાગતમાં ઊભા રહે છે અને કહેતા હોય છે, 'આવો દોસ્ત, આવો અને પાછો પોતાનો ધંધો ચાલૂ કરો!'


ભ્રષ્ટાચાર એ ગુનો નથી બનતો, કારણ કે એ બે આત્માની વચ્ચેનો રહસ્યમય સંબંધ છે. સાબિત તો તમે પતિ-પત્નીના સંબંધને પણ નથી કરી શકતા તો બે ભ્રષ્ટ માણસોના આર્થિક સંબંધોને શું સાબિત કરી શકશો? જે છુપી રીતે થયું છે, શું એને સાબિત કરી શકીશું? અને જે છડે ચોક કર્યું તો એ ગુનો કેમ કહેવાય? કોઈ ખરાબ ભાવના હોત તો છુપાઈને કરતે અને છુપાઈને કરતે તો તમે એનું શું કરી લેતે?

આ દેશમાં ભ્રષ્ટાચાર છાપરે ચઢીને વાયોલીન વગાડે છે. લોકો એ વાયોલીનના લયથી મંત્રમુગ્ધ રહે છે.એની પ્રશંસા કરે છે.

ભ્રષ્ટાચાર એક પથ્થર છે. દિવસ-રાત આ દેશ એ પથ્થરને હાથમાં લઈ માથા પર ઠોકતો રહે છે અને પીડાથી રડતો અફસોસ કરતો રહે છે તો તમે એનું શું કરી શકશો? ધીમે ધીમે પેલી પીડા એક મીઠી ગુદગુદી બની ગઈ છે એટલે આપણે પણ આને રોકવામાં અસમર્થ છીએ!

# પ્રેમમાં પડવું સહેલું છે, પણ તેની કેમેસ્ટ્રી અઘરી કેમ છે?

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com



પ્લેટોએ સિમ્પોઝિયમમાં પ્રેમને લેડર ઓફ લવ તરીકે વર્ણવ્યો છે. પ્રેમની વાત શારીરિક સુંદરતાથી શરૂ થાય પણ તેને આત્માની સુંદરતા, નૈતિકતા અને અંતે પરમ સત્ય તરફ લઈ જવો જોઈએ. સરવાળે પ્રેમ આત્માની ઉન્નતિનું માધ્યમ છે, જે જ્ઞાન તરફ લઈ જાય છે. આને સરળ ભાષામાં 'પ્લેટોનિક લવ' કહેવામાં આવે છે, મીન્સ શારીરિક વગરનો આધ્યાત્મિક પ્રેમ. હવે આવો પ્રેમ શોધવો ક્યાં એ એક અલગ વિષય છે.

આપણે જે સમજીયે છીએ એ પ્રેમમાં પણ ભારેખમ કેમેસ્ટ્રી સમાયેલી છે. આમ તો પ્રેમમાં પડવું એ સહેલું હશે, પણ એની કેમેસ્ટ્રી સમજવા જઈએ- એનું રસાયણ શાસ્ત્ર જો ઉકેલવા જઈએ તો પ્રેમને ભૂલી જવાય...!

આમેય પહેલેથી કેમેસ્ટ્રીમાં આપણો હાથ થોડો કાચો છે. એવું માનવામાં આવે છે કે માણસ પ્રેમમાં પડે એટલે મગજમાંથી ડોપામાઇન સાથે કેટલાય કેમિકલનાં ઝરણા વહે. એનાથી ઊલટું, પ્રેમ તૂટે તો ય પાછા કેમિકલની અવળી કેમેસ્ટ્રી ચાલુ થાય...

તમે કોઇને ચાહતા હોય એ કોમન છે, પણ લવની મજા એ લકી લોકોને હોય છે જેને પ્રતિપળ, પ્રતિક્ષણ કે પળેપળ કોઈ ચાહતું હોય...મૂળ વાત, સાઇકોલોજી કહે છે માણસ સવારે ઊઠે છે ત્યાંથી પ્રેમમાં જ પડતો હોય છે. ઘર, બાથરૂમ, કપડાં, પરિવાર, વાહન, ઘરબહારનાં દ્રશ્યો, સિગ્નલ પરની લાલ- પીળી- લીલી લાઇટ્સ, રસ્તા પર ભીખ માંગતું બાળક, ઓફિસ બોય, ચા, કોફી, ફોન પર દોસ્તો સાથે ગાળાગાળી, વ્યવસાય, પાન....પ્રેમ જ પ્રેમ છે ભાઇ... પ્રેમમાં રોમાન્સ અને રોમાંચની એક સાવ અલગ મઝા હોય છે, જે ના સમજે વો અનાડી હૈ!

-તો પછી પ્રેમનો સિલેબસ અભ્યાસક્રમ ખરો?

પહેલીવાર સિસ્ટમેટિક કામસૂત્રથી થયેલી શરૂઆત ૧૯૭૩માં લખાયેલી 'કલર્સ ઓફ લવ' પર પહોંચી, જ્યાં પ્રેમના પ્રકાર સમજાવવામાં આવ્યા. પ્રેમનો પહેલો પ્રકાર ઈરોઝ, સિમ્પલ રોમેન્ટિક પ્રેમ જેમાં સામા પાત્રની સુંદરતા પામવાની વાત છે. શારીરિક અને અંતરથી ચાહત હોય તો બધા શોખ પણ કોમન લાગવા લાગે, તમે રખડવાના શોખીન ન હોય પણ સામી વ્યક્તિ રખડવાની શોખીન હોય તો તમને પણ તે ગમવા લાગશે.

બીજો પ્રકાર છે, લ્યુડો આનંદ માણવા માગતો પ્રેમ. સાથે જર્ની કરો છો ને કંપની ગમી ગઇ મતલબ કે ગંભીરતા વગરનો રોમેન્ટિક લવ. બહુ ઊંડાણ વગરનો ટેમ્પરરી ફેસબૂકીયો પ્રેમ ઓનલાઈન થતાં સળગે અને ઓફલાઇન પર બુઝાઇ જાય.

ત્રીજો છે, કૌટુંબિક પ્રકારનો લવ - બીજાની જવાબદારી સમજે તે પ્રકારનો પ્રેમ. આમ તો આ રોમાન્સ બાયપ્રોડક્ટ છે, મળે તો ઠીક બાકી બહુ અપેક્ષા નથી હોતી. બહુ ઉત્સાહ ન હોય તો ધીમે ધીમે આગ ઓલવાઇ જાય. ચોથો પ્રકાર છે મેનિયા, જેમાં ઉપરનો પહેલો અને બીજાનો કલર મીક્ષ થાય. મિન્સ ઇરોઝ અને લ્યુડોઝનું જોઈન્ટ વેન્ચર તીવ્ર પ્રેમ જે ક્યારેક સુખી જીવડાઓના જીવનમાં ઝંઝાવાત લાવી શકે. પ્રેમનો પાંચમો પ્રકાર છે પ્રાગ્મા લવ, જે ઉપરનો બીજો અને ત્રીજાનું સંયુક્ત સ્વરૂપ છે. આમ તો થોડો આદર્શ ખરો, પણ વ્યાવહારિક પ્રેમ હોય એટલે સેલ્ફીસ ક્વોલિટી સાથેનો. છઠ્ઠો છે એગેપ, જે પહેલા અને ત્રીજાનું કોમ્બિનેશન છે. કોઈપણ અપેક્ષા વગરનો પ્રેમ છે. આમાં અનકન્ડિશનલ લવના આદર્શો મળે તો બોરિંગ થાય, કેમ કે વ્યવહારમાં લગભગ અશક્ય છે. અ લવેરિયા સાંભળીને થાકી ગયાને ?

લ્યો, એક ટ્રાયેંગલ થિયરી પણ ભણી લો. ત્રણ બાજુ છે, ઇન્ટીમસી, પેશન અને કમિટમેન્ટ. આમાં પણ મિક્સ થિયરીઓ બની. હજી તો સમજાય ત્યાં એક બીજા સાઇકોલોજિસ્ટ આઠ પ્રકારના પ્રેમ લાવ્યા. લખીને ગોખી નાખજો, જેમાં લવ નામનું મૂળભૂત તત્ત્વ જ ગાયબ હોય, ચોઇસ જેવું હોય, ખોટો પ્રેમ, ટાઇમપાસ પ્રેમ, લાગણીશીલ પ્રેમ, સાથ આપે એવો પ્રેમ, એકદમ પાકો પ્રેમ છોડો આટલી બધી થિયરી... આખી વાતનો સાર એટલો જ છે કે બાળપણથી ઘર પરિવાર, મિત્રો તથા આસપાસના વાતાવરણે જે શીખવ્યું એ જ પ્રેમનું હોમવર્ક હોય છે, પ્રેમની એક્ઝામ પણ એ ભણતર આધારિત જ હોય છે અને માણસ પ્રેમને એ વાતાવરણ મુજબ જ વિચારતો હોય છે. બાકી મજા કરો. કાલિદાસના સાહિત્ય મુજબ આ સિઝન જ પ્રેમની છે. આપણે ત્યાં જ બે શિયાળા છે, એક જ્યાં ઠંડીનો અહેસાસ થાય અને એ પછી રોમાન્સની કડક ઠંડી લાગે. મન થાય તો કાલિદાસનું ઋતુસંહાર પર નજર નાખજો. હા, પછી પાછી વસંત આવશે. જો કે આપણી વાત તો પતંગ કપાય નહીં ત્યાં સુધી, નહીં તો હોળીની આગ છે જ. રંગો સાથે... પાનખરથી વસંત... બધું પ્રેમ જ છે. ફક્ત ભોગવતા શીખવાની જરૂર છે.

### જાણી લો, લાલ ગુલાબનું લાલિત્ય...



પ્રેમમાં ગુલાબ આપવાનો રિવાજ સદીઓથી છે. આપણા સાહિત્યમાં પ્રેમનાં પુષ્પો વિષે અઢળક લખાયું છે. મોટાભાગની પ્રજાને કૉલેજમાં અલગ અલગ ડે મનાવવામાં આવ્યા ત્યારે ખબર પડી બાકી તો આપણે પ્રેમમાં જે ગુલાબ લઇને ફરતા હતા એ જ ગુલાબ બેસણાના ફોટામાં ચઢાવી દેતા. હા, ગુલાબ પણ કેવા? ગાઢ લાલ ગુલાબ એટલે ઉત્કટ અને એનર્જેટિક લવ. હળવો ગુલાબી એટલે ઇચ્છા ખરી ઉત્કટ પ્રેમ કરવાની પણ પહેલા કન્ફર્મેશન થાય પછી. એક અભ્યાસ મુજબ લાલ રંગ વ્યક્તિ અને વાતને વધુ આકર્ષક બનાવે છે. એવું માનવામાં આવે છે કે રોમેન્ટિક સંદર્ભમાં લાલ કપડાં પહેરેલી વ્યક્તિને ૨૦-૩૦% વધુ આકર્ષક દેખાતી હોય છે. ઇવન લાલ રંગથી શુશોભિત પ્લેસમાં વ્યક્તિ ૫૦% વધુ આકર્ષિત થાય છે. લાલ રંગ મગજમાં ડોપામાઈન વધારીને આનંદ અને ઉત્તેજના પેદા કરે છે. પીળું ગુલાબ મિત્રતા માટે હોય છે, ફર્સ્ટ સ્ટેપ. લવંડર ગુલાબ એટલે પહેલી નજરનો પ્રેમ. સાઇકોલોજી કહે છે કે લગ્ન પહેલા માણસ સાત વાર પહેલી નજરના પ્રેમમાં પડતો હોય છે, મનોમન કે સાચે દિલ તોડતો હોય છે. શી ખબર સાચું હશે? હા, સફેદ ગુલાબ લઈને ફરવાવાળાની પ્રજાતિ પણ આ ધરતી પર હયાત છે. જવા દો એનાથી કશું નહીં થાય, એ ગમતા પાત્રની ભક્તિ કરી શકે પણ પ્રેમ નહીં કરી શકે.

### ધ એન્ડ :

*જ્યારે બે પ્રેમી એકબીજાની આંખોમાં જુએ છે ત્યારે તેમના હૃદયના ધબકારા સિંક્રોનાઈઝ થઈ જાય છે.*

દર સપ્તાહે વાંચો
વિશેષ વાંચન સામગ્રી
ધર્મતેજ
તન-મન-ધનથી રહો તરોતાજા
ઈન્ટરવલ
લાડકી
પુરુષ
મેટિની
વીક-એન્ડ
ઉત્સવ
દરરોજ કંઈક નવું- દરરોજ કશું અનોખું!

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટાકાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693/ 7506569229. (બી-૧૬૮૮૩)

**મહેમાનોનો ઉતારો**
લગ્નપ્રસંગના બોરીવલી / કાંદિવલીમાં AC ફુલ્લી ફર્નિશ્ડ - બાપલી બંગલો. 9821112796. (૬૮૨-એ)

**પુરોહિત મહારાજ**
જૈન / સુરતી ઉંધીયું ઓર્ડરથી મળશે. નાના-મોટા કેટરીંગ માટે - 7304727162. (૬૭૪-સી)

## ૧૨. યાત્રા સહેલગાહ

**તુષાર નેગાંધી**
ઉત્તરાખંડ, ચારધામ, ગંગાસાગર, જગન્નાથપુરી, ચંપારેન, નેપાળ, મુક્તિનાથ, પુલહાશ્રમ, અયોધ્યા, વારાણસી, પ્રયાગરાજ. દેવીબેન પ્રવાસ 9833730639. (૬૭૬-એ)

॥ શ્રી હરિ ॥
દિવ્ય ટુર
39 વર્ષના અનુભવી
શશીકાંત .કે .પાઠક શાસ્ત્રીજી દ્વારા સંચાલિત
આસામ-મેઘાલય-અરુણાચલ પ્રદેશ અથવા ત્રિપુરા MAR TO APR
ચારધામ સ્પેશ્યાલિસ્ટ ચોપતા સાથે APR TO JUN
જગન્નાથપુરી કલકત્તા 10 DAY ALL INCLUSIVE TOUR સ્પેશ્યાલિસ્ટ JAN TO MAR
9819304112
(બી-૧૬૮૮૭)

## ૧૫. નોકરીજોઈએછે

**WANTED JOB**
**Retainership Consultant for Regulatory Compliance in Environment and Industry Available Chemical Engineer + M.Tech (Environment) IIT Powai Bombay Experienced 40 Years. 9869440138. (SDB-2964)**

## ૧૭. જગ્યા આપવી છે

**મલાડ વેસ્ટમાં**
ભાડા પર શુભ પ્રસંગ માટે લિબર્ટી ગાર્ડન, 2 Bed (દિવસ દીઠ 6,000/-) અને 3 Bed (દિવસ દીઠ 9,000/-) ઉપલબ્ધ (Air Conditioner) 7021469923. (બી-૧૬૮૬૭)

**શાંતાક્રુઝ વેસ્ટ**
650 કાર્પેટ કન્વર્ટ 2 બેડ, પોદ્દાર સ્કૂલ પાસે જુનું બિલ્ડીંગ રિ-ડેવલપમેન્ટ ચાન્સ સેલ અમિત 7045622403. (બી-૧૬૮૬૫)

**દેવલાલી**
૨ બેડરૂમનાં, 850' કારપેટનાં, 24 ફ્લેટ, ગ્રુપ બુકીંગ આવકાર્ય, રેડી પઝેશન. પરેશ - 9930803959 - 9930106054. (૬૭૮-એ)

**દેવલાલી**
૬ બેડરૂમ, ૨ હોલ, ૨ કિચન, ૩૨૦૦' બાંધકામ, ૩૬૫ વારનો પર્સનલ પ્લોટ, બંગલો વેચાણથી/ ભાડેથી. 9930803959, 9930106054. (૬૭૮-સી)

**બોરીવલી (વેસ્ટ)**
1 બેડરૂમ વેચાણથી, લિંક રોડ ટચ, 1.11 કરોડ સંપર્ક 9619611022. (જેપી-૪૫૩૪-એફ)

**''વિલેપાર્લાથી બાંદ્રામાં''**
તૈયાર /બંધાતામાંઃ ફ્લેટો - દુકાનો - ઓફિસો - ગોડાઉન લેવાં / વેચવા /ભાડેથી - 9869463304, 7738151065. (બી-૧૬૮૮૬)

**જુહુ**
શીવશક્તિ, 10મો રોડ, 2 BHK, 1100' કાર્પેટ, ભાડેથી- 9833766747. (૫૧૨-એ)

**ગોરેગામથી - બોરીવલીમાં**
**રેસીડેન્શીયલમાં - કોમર્શિયલમાં @ 18501/- ''ઈન્વેસ્ટર માટે સુવર્ણ તક''. ''શ્રીજી'' 9820045571. (જેપી-૪૫૩૪-ડી)**

**બાન્દ્રા (વેસ્ટ)**
ટર્નર રોડ, લીવલાયસન્સ 3 BHK, 2 બાથરૂમ, વેસ્ટર્લી, અનફર્નિશ્ડ ફ્લેટ, પાર્કિંગ નથી, ભાડું ૧,૨૦,૦૦૦/- મહિને, તુરંત કબજો, 9820296693. ''કટારીયા'' એજન્ટ. (બી-૧૬૮૮૪)

**દહિસર**
31મા માળે સુંદર SGNP વ્યૂ સાથેનું 2 BHK ફ્લેટ ભાડે ''AVANYA DYNAMIX" કાર્પેટ 536 ચો.ફૂટ પાર્કિંગ સાથે ભાડું - 37,000/- (નેગોશિયેબલ) ડિપોઝિટ 2,00,000/- અદ્‌ભુત ગ્રીન વ્યૂ આધુનિક લાઈફ સ્ટાઈલ સુપર કનેક્ટિવિટી સંપર્કઃ 9820054365. (૬૭૦-સી)

**માટુંગા ફાઈવ ગાર્ડન**
ત્રણથી પાંચ બેડરૂમના લકસરીયઝ ફ્લેટો, નવા બિલ્ડીંગમાં, OC સાથે, લેવા, જવાહર ઠક્કર ૯૮૨૧૩૬૩૧૧૩. (૩૨૪)

**ફ્લેટ વેચાણથી**
**૧) માટુંગા સેન્ટ્રલ નવા ટાવરમાં ૨ બીએચકે ૯૦૦' કારપેટ ૨) પરેલમાં ફુલ્લી ફર્નીશ્ડ ૧ બીએચકે ૫૦૦' કારપેટ વેચાણથી લેવા. હિતેશ મારૂ- ૯૮૨૦૧૫૩૨૦૮. (૬૮૭/એ)**

## ૧૭. જગ્યા આપવી છે

**કાંદિવલી વેસ્ટ**
ભાડેથી 1 બેડરુમ નવા બિલ્ડીંગમાં 35થી 40માં સ્ટેશન પાસે અને M.G. રોડ પર મળશે. Sanjiv-9821925693. (૬૯૨-એ)

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડેથી/વેચાણથી લેવા - વેચવા 'પંકજ નરેન્દ્ર વોરા' 9321103249. (૬૯૦-બી)

**જાંબલી ગલ્લીમાં**
**બોરીવલી વેસ્ટમાં 3/4/5 બેડરુમ ફ્લેટ ભાડે/વેચાણથી, રેડી વીથ ઓસી. એજન્ટ 9820076455 / 8369122078. (૬૯૩/એ)**

**ખાર (વેસ્ટ)**
મધુપાર્કની બાજુમાં ફક્ત ગુજરાતી માટે ૩ બેડરુમ ૧૧૫૦', ૪ બેડરુમ ૧૭૦૦', ૬ બેડરુમ ૨૩૦૦', (બધા જ ફ્લેટો કારપેટ એરિયામાં), ઓ.સી. સાથે, એરકંડીશન્ડ લોબી, જીમ, સર્વન્ટ ટોઈલેટ, પ્રોપર પાર્કિંગ સાથે વેચવાના. ફોનઃ- 9820156133. (બી-૧૬૯૦૨)

**માટુંગા**
પાંચ બગીચા બે નવા તૈયાર મકાન ત્રણ બેડરુમ કાર્પેટ ૧૨૩૦ એક મકાન અયોગ્ય પ્લાન, બીજું મકાન જબરદસ્ત સરસ પ્લાન, ભાવ ૬.૫૦ કરોડ, વિનોદઃ ૯૮૯૨૯૮૦૫૯૩. (બી-૧૬૯૦૪)

**કાંદિવલી વેસ્ટ**
2 બેડરુમ 751' કાર્પેટ ભુરાભાઈ હોલની બાજુમાં નવા બિલ્ડીંગમાં અનટચ્ડ 2.10 CR+ પાર્કિંગ સાથે સંજીવ- 9821925693. (૬૯૨-બી)

**દેવલાલી - વેચાણથી**
૧, ૨ બેડરૂમના ફ્લેટો, 600', 775', 1024' કારપેટ, ગ્રાઉન્ડ ફ્લોર. પરેશ - 9930803959, 9930106054. (૬૯૦-એ)

**દહીંસર (ઈસ્ટ)**
3 BHK - 1106' કાર્પેટ, હાયર ફ્લોર, સારી સોસાયટી, ઓ.સી. સાથે, ઓનરશીપથી. સંપર્કઃ બાબુભાઈ 93217 22820. (૬૯૪-એ)

**"BYCULLA EAST"**
**27 Salsette, OC Ready, 770' area, 4.5 Cr. : 9324626226, 9082475418. (673-A)**

**PAREL SEWRI BIGGEST**
**New Launches Builder from Bangalore and Dubai now in Mumbai 2, 3 Bed 3.75 and 5.75 cr++ Atal Setu views Plethora of Amenities Pre Register for Group Bookings and Bulk Discount + 91 9819082468. (B-16742)**

**WADALA WEST MOST PREMIUM**
**Luxurious 2200 Carpet Deck Flats 13 Cr. Possn 2027, 5 Star Amenities Rooftop Pool/ Club Ready OC Dadar Investors Flats 2100 cpt 10-13 Cr. 2500 cpt 13-16 Cr. Matunga 1 Flat per Floor, 12.5 Cr. Revised to 10.5 Cr. Brokers excuse +919004078342. (B-16797)**

AT CHEMBUR CAMP. Tolaram Nagar, Large 2 Bedrooms Hall Flat at 1.90 Crore. 1st Floor and Sufalam CHSL. Flat No. 1003, 10th Floor, Garage No. 14 Covered Parking. Prop Ranjeet Singh. +91 98212 63111, 9819300359. (B-16903)

**DADAR - MATUNGA WEST**
**Mega Launches Luxury high rises 2 Bed 2.9 to 3.9 Cr. 3 Bed 4.9 to 5.9 Cr. Pool, Gym, Play Area Get lowest Group Booking Price - 9819016316. (B-16798)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**કાંદિવલી (વેસ્ટ)**
SV રોડ, 400' કોર્નર શોપ વેચવાની છે. 9324614243. (૬૯૨/સી)

**મુલુંડ (વેસ્ટ)**
**ભાડેથી દુકાન આપવાની છે, એરીઆ ૨૦૦ સ્કવેર ફિટ કારપેટ, વોટર કનેક્શન સાથે, રેલવે સ્ટેશન નજીક. 9322280333. (૬૮૪-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000', ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578, 9987254333. (૩૬૮-સી)

## ૨૦. ધંધાદારી જગ્યા

**ફોર્ટ કાલાઘોડા**
**ઓફિસ 450'+ એટેચ વોશરૂમ + પેન્ટ્રી, જૂના ભાડાની જગ્યા વેચાણથી. ઓનર 9821231563. (૬૮૮/એ)**

## ૨૩. મનોરંજન

**હર્ષા માધુ - વર્ધમાન મેલોડી**
ગુજરાતી - મારવાડી લગ્નગીત, હિન્દી ઓર્કેસ્ટ્રા, જૈન ભક્તિ, પ્રાર્થના. સંપર્કઃ 9833578029. (૬૩૩-એ)

**બજેટથી પ્રાર્થનાસભા**
લગ્નગીત, સાંજી, સંગીતસંધ્યા, દાંડિયા, ભજન, Anniversary. મનસુખભાઈ - 9326801860. (૬૮૯/એ)

**પ્રાર્થના - 6,500/-**
દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી. કમલેશ માંડલિયાઃ- 9820889938. (૬૯૧/એ)

## ૨૭. ઔષધ ઉપચાર

■ ડાયાબિટીસ, મધુમેહમાં ઉપયોગી શ્રેષ્ઠ આયુર્વેદિક ઔષધ., ''જામુંન આમલા રસાયન.'' ખાત્રી કરો. સંપર્ક 9223347483. (બી-૧૬૯૦૫)

## ૩૧. નાણાંકીય

**''શેર ગોતો - કરોડપતી બનો''**
તમારાં ખોવાયેલાં - ગુમાવેલાં અથવાં વારસાગત 'શેર' અમે 'ફીમાં' ગોતી આપશું.. ''ઈન્વેસ્ટમેન્ટ હાઉસ'' - 9619315362, વોટસઅપ - 7977599396. (બી-૧૬૮૭૫)

## ૩૩. ધંધાદારી

ગીફ્ટ ડીડ
રીલીઝ ડીડ
સેલ ડીડ
વસીયત
પોઈંટ એડવાઈઝરી
9029077715
(બી-૧૬૮૩૭)

રીયલ ટેસ્ટ, પ્યોર ક્વોલીટી
VINIDAS®
સ્વાદિષ્ટ ચટણી, સોસ, સ્પ્રેડ, ડેઝર્ટ સોસ
મીઠી ચટણી, ફુદીના સોસ (પાણીપુરી), તીખી ચટણી અને જૈન તીખી, હોટ ગાર્લીક સોસ, ચાટ ચટણી, ડેઝર્ટ સોસીસ (આઈસ્ક્રીમ ટોપિંગ), સેન્ડવીચ સ્પ્રેડ, પિઝાટે (પીત્ઝા સોસ),
દરેક ટ્રેડીશનલ ચટણી, સ્પ્રેડ, ડેઝર્ટ સોસ, મુંબઈ, થાણે, વાશી, પુના, નાશિક, ગુજરાત, હૈદરાબાદ, ચૈનાઈ અને બેંગલોરનાં અગ્રગણ્ય ડ્રાયફ્રુટ, જનરલ પ્રોવિઝન સ્ટોર્સ અને સુપર-સ્ટોર્સમાં મળશે.
Mother & our Choice: Healthy & Tasty Choice*
M: 7977174474, 7506953328
www.naramsfood.com
વેપારિક પૂછ-પરછ આવકાર્ય
(એસડીબી-૩૦૧૩)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**■ હોમાત્મક - સુંદરકાંડ દ્વારા આર્થિક - માનસિક - શારીરિક સમસ્યા નિવારણ. ૯૯૯૮૭૮૭૧૪૩. (બી-૧૬૮૧૮)**

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675 / 9326448699. (કાંદિવલી). (૬૧૪/બી)

## ૪૬. વોટર પ્રુફિંગ

**WATERPROOFING CONSULTANCY**
**For Any Leakage, By 30 years experience Civil Engineer. 9833521709. (512-D)**

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપોર. - 9769691025 / 26822572. (એસડીબી-૧૬૮૨૪)


# ભારતીય મહિલા ક્રિકેટરોનું ૫-૦ની ક્લીન સ્વીપ સાથે વર્ષ ૨૦૨૫ને ગુડબાય

તિરુવનંતપુરમઃ ભારતીય મહિલા ટીમે મંગળવારે અહીં અંતિમ ટી-૨૦ ૧૫ રનથી જીતીને શ્રીલંકાનો ૫-૦થી વાઇટવૉશ કર્યો હતો. ટી-૨૦માં ભારતની ૫-૦ના વાઇટવૉશ સાથેની આ ત્રીજી જીત છે. શ્રીલંકાની બૅટ્સર્સને ભારતીય બોલર્સે સતતપણે અંકુશમાં રાખી હતી. શ્રીલંકા ૧૭૬ રનના લક્ષ્યાંક સામે સાત વિકેટે ૧૬૦ રન બનાવી શકી હતી. દીપ્તિ શર્મા ટી-૨૦માં સૌથી વધુ (૧૫૨) વિકેટ લેનાર બોલર બની છે.

પેસ બોલર અમનજોત કૌરે ૧૨મી ઓવરમાં હૅસિની (૬૫ રન) અને દુલાની વચ્ચેની ૭૯ રનની ભાગીદારી તોડી હતી. કવર્સમાં શેફાલીએ દુલાની (૫૦ રન)નો કેચ ઝીલ્યો હતો. ભારતની તમામ છ બોલર (દીપ્તિ, અરુંધતી, સ્નેહ રાણા, વૈષ્ણવી, શ્રી ચરની, અમનજોત)ને એક-એક વિકેટ મળી હતી. એક બૅટર રનઆઉટ થઈ.

**ભારત ૫/૭૭ અને છેલ્લે ૭/૧૭૫**

એ પહેલાં, ભારતે બૅટિંગ મળ્યા બાદ નબળી શરૂઆત કર્યા પછી ધમાકેદાર અંત જોયો હતો. ૧૧મી ઓવરમાં ભારતનો સ્કોર પાંચ વિકેટે માત્ર ૭૭ રન હતો, પરંતુ કૅપ્ટન હરમનપ્રીત કૌર (૬૮ રન, ૪૩ બૉલ, એક સિક્સર, નવ ફોર) તેમ જ અમનજોત કૌર (૨૧ રન) અને અરુંધતી રેડ્ડી (૨૭ અણનમ)એ ટીમના સ્કોરને પોણાબસો સુધી (૭/૧૭૫) પહોંચાડ્યો હતો. ■

# વડા પ્રધાન મોદી 'વિકસિત ભારત' વિશે હરમનપ્રીત, લિએન્ડર અને ગોપીચંદ સાથે કરશે ચર્ચા!

નવી દિલ્હીઃ ભારત વિકાસશીલ રાષ્ટ્ર છે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો આશય દેશને ૨૦૪૭ની સાલ સુધીમાં 'વિકસિત ભારત' બનાવવાનો છે, તેઓ એ દિશામાં દેશને પ્રતિદિન પ્રગતિમય બનાવવા પ્રયત્નશીલ રહ્યા છે અને એ જ હેતુથી તેઓ આવતા મહિને હરમનપ્રીત કૌર, લિએન્ડર પેસ અને પુલેલા ગોપીચંદ સહિતના દેશના જાણીતા સ્પોર્ટ્સપર્સન્સ સાથે મહત્ત્વની ચર્ચા કરશે. આગામી ૯-૧૨ જાન્યુઆરી દરમ્યાન પાટનગર દિલ્હીમાં ભારત મંડપમ ખાતે વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલૉગ (વીબીવાયએલડી)ના બૅનર હેઠળ ચર્ચાસત્ર યોજાશે જેમાં વડા પ્રધાન ખેલજગતની જાણીતી હસ્તીઓ સાથે (ખાસ કરીને ભારતને રમતગમતમાં કેવી રીતે વિકસિત બનાવવું એ સંબંધમાં) ચર્ચા કરશે. કેન્દ્રનું યુવા બાબતો તથા ખેલકૂદ ક્ષેત્ર સંબંધિત મંત્રાલય 'વિકસિત ભારત'ના અભિયાનમાં દેશના યુવા વર્ગને અર્થપૂર્ણ ભૂમિકા સોંપવા ઇચ્છે છે. પીએમ મોદી સ્પોર્ટ્સ સિવાયના ક્ષેત્ર બાબતમાં પણ સ્પોર્ટ્સપર્સન્સના અભિપ્રાયો અને આઇડિયા માગશે.

હરમનપ્રીતના નેતૃત્વમાં ભારત પહેલી વાર વર્લ્ડ કપ જીત્યું. લિએન્ડર પેસ ભારતનો ટેનિસ-લેજન્ડ અને ડબલ્સનો ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-વન છે અને તે ૨૯ વર્ષની લાંબી તથા શાનદાર કારકિર્દી દરમ્યાન ડબલ્સના પંચાવન ટાઇટલ જીત્યો હતો તેમ જ ૭૭૦ મૅચ જીત્યો હતો. પુલેલા ગોપીચંદ કૉમનવેલ્થના બે, એશિયન ચૅમ્પિયનશિપનું એક ટાઇટલ જીત્યો હતો.

# વર્ષ ૨૦૨૫ઃ ભારતીય ક્રિકેટ માટે યાદગાર, ઍથ્લીટો માટે દમદાર

નવી દિલ્હીઃ ખેલકૂદ ક્ષેત્રે ૨૦૨૫નું વર્ષ ભારત માટે ધમાકેદાર રહ્યું. ભારત તથા ભારતના યુવા વર્ગ માટે દમદાર તથા પ્રેરક બની રહેલું આ વર્ષ હવે પૂરું થવાની તૈયારીમાં છે ત્યારે એમાં ભારતીય ક્રિકેટમાં બની ગયેલી કેટલીક અસાધારણ ઘટનાઓ તેમ જ ઍથ્લેટિક્સ, ચેસ, બૅડમિન્ટન વગેરે રમતમાં ભારતીયોએ મેળવેલી સિદ્ધિઓ પર એક નજર કરી લઈએ. આ બનાવો યાદગાર છે અને ભારતીય રમતગમત ક્ષેત્ર માટે સીમાચિહ્નરૂપ પણ કહી શકાય. ૨૦૨૫ ભારતીય સ્પોર્ટ્સ માટે પરિવર્તનનું વર્ષ ગણી શકાય, કારણકે એમાં આંતરરાષ્ટ્રીય સ્તરની તથા રાષ્ટ્રીય સ્તરની 'ખેલ મહાકુંભ' જેવી સ્પર્ધાઓમાં ઝળકેલા ઍથ્લીટો-ખેલાડીઓ આવનારા વર્ષોમાં ભારતને વિશ્વ સ્તરે મોટું ગૌરવ અપાવી શકે. ઉત્તરાખંડની નૅશનલ ગેમ્સમાં સર્વિસીઝના સ્પર્ધકો સૌથી વધુ ૬૮ ગોલ્ડ મેડલ જીત્યા હતા, પરંતુ તેમના કુલ ૧૨૧ ચંદ્રક સામે બીજા નંબરે મહારાષ્ટ્ર રાજ્યને ૫૪ ગોલ્ડ મેડલ મળ્યા હતા અને આ રાજ્યના સ્પર્ધકો કુલ ૨૦૧ ચંદ્રક પર કબજો કર્યો હતો.

૨૦૨૫ના વર્ષમાં ભારતે હૉકીનો એશિયા કપ જીતવાથી માંડીને મહિલાઓ માટેના બ્લાઇન્ડ વર્લ્ડ કપ સુધીની અપ્રતિમ સિદ્ધિઓ મેળવી હતી.

ક્રિકેટ હોય કે ઍથ્લેટિક્સ કે પછી ચેસ, ભારતીયોએ એકંદરે કેટલીક નિરાશાને બાદ કરતા મોટી ઉપલબ્ધિઓ ૨૦૨૫ના વર્ષમાં હાંસલ કરી હતી. ૨૦૨૫નું વર્ષ આ સિદ્ધિઓને લીધે ભારત માટે ઐતિહાસિક બની ગયું બની ગયું એવું કહીએ તો પણ ખોટું નથી. ખાસ કરીને ક્રિકેટમાં દુબઈ ભારત માટે શુકનવંતુ પુરવાર થયું. ભારતીય ખેલાડીઓ અને ઍથ્લીટોએ જે અચિવ કર્યું એની શરૂઆત દેશમાં ધર્મની જેમ પૂજાતી ક્રિકેટની રમતથી કરીએ...

## ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ભારત ૧૨ વર્ષે ચૅમ્પિયન



માર્ચ, ૨૦૨૫માં ભારતે રોહિત શર્માની કૅપ્ટન્સીમાં વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી જીતી લીધી હતી. દુબઈમાં ૨૩મી ફેબ્રુઆરીએ ભારતે ૪૫ બૉલ અને છ વિકેટથી જીતીને દુશ્મન દેશ પાકિસ્તાનનું નાક કાપ્યું હતું. ફાઇનલમાં ભારતે ન્યૂ ઝીલૅન્ડને છ બૉલ અને ચાર વિકેટ બાકી રાખીને હરાવ્યું હતું. ન્યૂ ઝીલૅન્ડે ડેરિલ મિચલ (૬૩ રન) અને માઇકલ બ્રેસવેલ (૫૩ અણનમ)ની હાફ સેન્ચુરીની મદદથી સાત વિકેટે ૨૫૧ રન કર્યા હતા. વરુણ ચક્રવર્તી અને કુલદીપ યાદવે બે-બે વિકેટ લીધી હતી. એક-એક વિકેટ મોહમ્મદ શમી તથા રવીન્દ્ર જાડેજાને મળી હતી. રોહિત (૭૬ રન, ૮૩ બૉલ, ત્રણ સિક્સર, સાત ફોર) ઓપનિંગમાં ધમાકેદાર રમ્યો હતો અને શ્રેયસ ઐયર (૪૮ રન, ૬૨ બૉલ, બે સિક્સર, બે ફોર)એ પણ મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. બૅટિંગમાં કે. એલ. રાહુલના અણનમ ૩૪ ઉપરાંત ત્રણ ગુજરાતી પ્લેયર અક્ષર પટેલ (૨૯ રન), હાર્દિક પંડ્યા (૧૮ રન) અને રવીન્દ્ર જાડેજા (નવ અણનમ)નો પણ ઉપયોગી ફાળો હતો. ભારતે ૪૯ ઓવરમાં ૬/૨૫૪ના સ્કોર સાથે ૧૨ વર્ષે ટ્રોફી પર ફરી કબજો કર્યો હતો. નવાઈની વાત એ છે કે શમી અને શ્રેયસ હાલમાં ભારતીય ટીમમાં જગ્યા નથી મેળવી શકતા.

### સાઉથ આફ્રિકા સામે ક્રિકેટમાં ભારત એક શ્રેણી હાર્યા પછી બે જીત્યું

૨૦૨૫નું વર્ષ ભારતીય ક્રિકેટ માટે એક રીતે મિશ્ર રહ્યું. ઑસ્ટ્રેલિયામાં ટેસ્ટ-સિરીઝ ૧-૩થી હાર્યા બાદ ભારતીયો ઘરઆંગણે વેસ્ટ ઇન્ડિઝ સામે ૨-૦થી જીત્યા હતા. ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટ શ્રેણી ભારતે ૨-૨થી ડ્રૉ કરાવી હતી. ભારતે ઘરઆંગણે ઑસ્ટ્રેલિયા સામેની વન-ડે શ્રેણી ખાસ કરીને વિરાટ-રોહિતની મદદથી ૨-૧થી જીતી લીધી હતી. ઘરઆંગણે સાઉથ આફ્રિકાનો સામેની ટેસ્ટ-સિરીઝમાં ભારતનો ૨-૦થી રકાસ થયા બાદ ભારતે સાઉથ આફ્રિકાને વન-ડે શ્રેણીમાં ૨-૧થી અને ટી-૨૦ શ્રેણીમાં ૩-૧થી હરાવીને બદલો લીધો હતો.

### કૉમનવેલ્થનું યજમાનપદ મળ્યું, હવે ઑલિમ્પિક્સનું પણ મળી શકે

૨૦૩૦માં ૭૦ કરતાં વધુ દેશોની કૉમનવેલ્થ ગેમ્સ અમદાવાદમાં યોજાશે. ભારતને આ યજમાનપદ ૨૦૨૫ની સાલમાં મળ્યું અને હવે ટૂંક સમયમાં ૨૦૩૬ની ઑલિમ્પિક ગેમ્સનું યજમાનપદ પણ ભારતને (અમદાવાદને) મળવાની સંભાવના છે.

### હૉકીના એશિયા કપમાં ભારત વિજેતા

૨૦૨૫ની સાલમાં ભારતે મેન્સ હૉકી એશિયા કપમાં આઠ વર્ષના ઇન્તેજાર બાદ ચૅમ્પિયનપદ મેળવ્યું હતું. એ વિજય સાથે ભારત ૨૦૨૬ના હૉકી વર્લ્ડ કપ માટે ક્વૉલિફાય થયું હતું. ફાઇનલમાં ભારતે સાઉથ કોરિયાને (ખાસ કરીને દિલપ્રીત સિંહના બે ગોલની મદદથી) ૪-૧થી પરાજિત કરીને ટ્રોફી જીતી લીધી હતી. હૉંગ કૉંગ ઇન્ટરનૅશનલ સિક્સીસમાં પાકિસ્તાન સામે ભારતનો બે રનથી રોમાંચક વિજય થયો હતો.

### મહિલા ક્રિકેટરો પહેલી વાર વર્લ્ડ ચૅમ્પિયન

૨૦૨૫માં ભારતીય ક્રિકેટે સૌથી મોટી ઉપલબ્ધિ બીજી નવેમ્બરે માણી, જેમાં નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં હરમનપ્રીત કૌરની કૅપ્ટન્સી અને સ્મૃતિ મંધાનાની વાઇસ-કૅપ્ટન્સીમાં ભારતીય ક્રિકેટ ટીમ પહેલી જ વખત વર્લ્ડ ચૅમ્પિયન બની હતી. ટીમને (આઇસીસી અને બીસીસીઆઇ તરફથી) કુલ મળીને આશરે ૯૧ કરોડ રૂપિયાનું ઇનામ મળ્યું હતું. ટૂર્નામેન્ટની છેલ્લી કેટલીક મૅચોમાં ઈજાગ્રસ્ત મૂળ ઓપનર પ્રતીકા રાવલના સ્થાને શેફાલી વર્માને રમવા મળ્યું હતું અને રોમાંચક ફાઇનલમાં શેફાલીએ ૮૭ રન, દીપ્તિ શર્માએ ૫૮ રન, સ્મૃતિના ૪૫ રન તથા રિચા ઘોષએ ૩૪ રન કર્યા હતા અને ભારતે સાત વિકેટે ૨૯૮ રન કર્યા હતા. સાઉથ આફ્રિકા કૅપ્ટન લૉરા વૉલ્વાર્ટની સેન્ચુરી (૧૦૧ રન) છતાં ૨૪૬ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગયું હતું. ઑફ-સ્પિનર દીપ્તિ શર્માએ પાંચ વિકેટ અને બીજી ઑફ-સ્પિન સ્પેશ્યાલિસ્ટ શેફાલી વર્માએ બે વિકેટ લીધી હતી. સ્પિનર્સના જાદુઈ પર્ફોર્મન્સમાં શ્રી ચરની (એક વિકેટ) પણ જોડાઈ હતી. શેફાલીને ફાઇનલનો અને દીપ્તિને ટૂર્નામેન્ટનો સર્વોત્તમ પુરસ્કાર અપાયો હતો.

### બ્લાઇન્ડ વિમેન્સ વર્લ્ડ કપમાં ભારત વિજેતા

જોઈ ન શક્તી મહિલા ક્રિકેટરો માટે પહેલી જ વખત ટી-૨૦ વર્લ્ડ કપ યોજાયો હતો અને એમાં અપરાજિત ભારતે ચૅમ્પિયનપદ મેળવ્યું હતું. દૃષ્ટિ ન ધરાવતા ક્રિકેટરો માટેની મૅચમાં બૉલ બેરિંગ્સથી ભરેલો પ્લાસ્ટિકનો બૉલ વપરાય છે કે જેથી કરીને બૉલની મૂવમેન્ટ વખતે થતા અવાજ પરથી ખેલાડી બૉલની દિશા પારખી શકે અને એને આધારે પર્ફોર્મ કરી શકે. દીપિકા ટી. સી.ની કૅપ્ટન્સીમાં ભારતીય મહિલા ટીમે આ વર્લ્ડ કપમાં લીગ સ્તરે શ્રીલંકા, ઑસ્ટ્રેલિયા, નેપાળ, અમેરિકા અને પાકિસ્તાનને હરાવીને તેમ જ સેમિ ફાઇનલમાં ફરી ઑસ્ટ્રેલિયાને હરાવ્યું હતું. ફાઇનલમાં નેપાળ (૨૦ ઓવરમાં ૫/૧૧૪) સામે ભારત (૧૨.૧ ઓવરમાં ૩/૧૧૭)નો સાત વિકેટે શાનદાર વિજય થયો હતો.

### આરસીબીને પહેલી વાર મળ્યો આઇપીએલનો તાજ

રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)એ ૧૮ વર્ષના ઇન્તેજાર બાદ ૨૦૨૫ની સાલમાં પહેલી વખત આઇપીએલની ટ્રોફી જીતી લીધી હતી. ૨૦૦૯, ૨૦૧૧ અને ૨૦૧૬માં આરસીબી રનર-અપ રહી હતી, પણ આ વખતે એણે રજત પાટીદારની કૅપ્ટન્સીમાં ચૅમ્પિયનપદ મેળવી જ લીધું. ફાઇનલમાં આરસીબીએ શ્રેયસ ઐયરની કૅપ્ટન્સીમાં રમનાર પંજાબ કિંગ્સની ટીમને પરાજિત કરી એ સાથે આરસીબીની છાવણીમાં હર્ષોલ્લાસ છવાઈ ગયો હતો, ટીમનો લેજન્ડ વિરાટ કોહલી ભાવુક થઈને રડી પડ્યો હતો અને ટીમે આ યાદગાર જીત ટીમના ભૂતપૂર્વ સુપરસ્ટાર એબી ડિવિલિયર્સને અર્પણ કરી હતી.

## ચેસમાં દિવ્યા દેશમુખ વર્લ્ડ કપમાં ચૅમ્પિયન



નાગપુરની ૧૯ વર્ષીય ચેસ-સ્ટાર દિવ્યા દેશમુખે ફિડે વિમેન્સ વર્લ્ડ કપની ફાઇનલમાં ભારતની જ પીઢ ખેલાડી કૉનેરુ હમ્પીને હરાવીને ચૅમ્પિયનપદ મેળવી લીધું હતું. આ સર્વોચ્ચ સ્પર્ધાની બન્ને ફાઇનલિસ્ટ ખેલાડી ભારતીય હતી અને એવું પહેલી જ વખત બન્યું હતું.

### નીરજે ભાલો પહેલી વખત ૯૦ મીટર દૂર ફેંક્યો

ભાલાફેંકમાં ભારતના ઑલિમ્પિક મેડલ-વિજેતા અને વર્લ્ડ ચૅમ્પિયન નીરજ ચોપડાએ દોહા ડાયમંડ લીગમાં (કરીઅરમાં) પહેલી જ વખત ભાલો ૯૦ મીટર દૂર ફેંકીને ભારત માટે જવેલિન થ્રોમાં નવો ઇતિહાસ સર્જ્યો હતો. નીરજે આ જ વર્ષની શરૂઆતમાં ટેનિસ ખેલાડી હિમાની મોર સાથે લગ્ન કર્યા હતાં.

### તીરંદાજીમાં બન્ને હાથ વગર શીતલ દેવીએ મેળવી ઐતિહાસિક સિદ્ધિ

જમ્મુ-કાશ્મીરની ૧૮ વર્ષીય શીતલ દેવી બન્ને હાથ વિના તીરંદાજીની કમ્પાઉન્ડ ઇન્ડિવિજ્યૂઅલ ઇવેન્ટમાં વર્લ્ડ ચૅમ્પિયનશિપનો ગોલ્ડ મેડલ જીતનાર વિશ્વની સૌપ્રથમ મહિલા તીરંદાજ બની હતી. તેણે આ હરીફાઈમાં બન્ને પગની મદદ લીધી હતી અને અસાધારણ સિદ્ધિ હાંસલ કરી હતી.

### પૅરા વર્લ્ડ ઍથ્લેટિક્સમાં ભારત જીત્યું બાવીસ મેડલ

સપ્ટેમ્બર-ઑક્ટોબરમાં દિલ્હીમાં દિવ્યાંગો માટેની વર્લ્ડ પૅરા ઍથ્લેટિક્સ ચૅમ્પિયનશિપ યોજાઈ હતી જેમાં ભારતીય ખેલાડીઓ અને ઍથ્લીટો કુલ મળીને છ ગોલ્ડ મેડલ સહિત કુલ બાવીસ ચંદ્રક જીત્યા હતા અને આ સ્પર્ધામાં ભારત ૧૦મા સ્થાને રહ્યું હતું. પ્રથમ સ્થાને બ્રાઝિલે કુલ ૪૪ ચંદ્રક મેળવ્યા હતા.

### એશિયન યુથ ગેમ્સમાં ભારતીયો ૪૮ મેડલ જીત્યા

બહરીનમાં આયોજિત એશિયન યુથ ગેમ્સમાં ભારતે પોતાનો સર્વશ્રેષ્ઠ પર્ફોર્મન્સ બતાવ્યો હતો. એમાં ભારતના ઍથ્લીટો અને ખેલાડીઓ કુલ મળીને ૪૮ મેડલ જીત્યા હતા જેમાં ૧૩ ગોલ્ડ, ૧૮ સિલ્વર અને ૧૭ બ્રૉન્ઝનો સમાવેશ હતો. દેશના તમામ ઍથ્લીટો-ખેલાડીઓની વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભરપૂર પ્રશંસા કરી હતી.

### ખેલ ક્ષેત્રે ભારતની અન્ય મોટી સિદ્ધિઓઃ

(૧) પુરુષો અને મહિલાઓના ખો-ખો વર્લ્ડ કપમાં ભારતે ચૅમ્પિયનપદ મેળવ્યું હતું.

(૨) ઝારખંડનો અનિમેશ કુજુર ભારતનો ફાસ્ટેસ્ટ દોડવીર બન્યો હતો. તેણે ૧૦૦ મીટરની દોડ ૧૦.૧૮ સેકન્ડમાં અને ૨૦૦ મીટરની દોડ ૨૦.૩૨ સેકન્ડમાં પૂરી કરી હતી.

(૩) ભારતીય મહિલાઓની આઇસ હૉકી ટીમ એશિયા કપમાં ઐતિહાસિક બ્રૉન્ઝ મેડલ જીતી હતી.

(૪) દિવ્યાંગો માટેની ભાલાફેંકમાં સુમીત ઍન્ટિલ ચૅમ્પિયનશિપના વિક્રમ સાથે સતત ત્રીજી વાર વર્લ્ડ ચૅમ્પિયનશિપ ગોલ્ડ જીત્યો હતો.

(૫) પહેલી જ વખત વર્લ્ડ બૉક્સિંગ કપ સિરીઝ યોજાઈ જેમાં ભારતીય મુક્કાબાજો કુલ મળીને ૪૦ મેડલ જીત્યા જેમાં ૧૩ ગોલ્ડ સામેલ હતા.

(૬) નિશાનબાજીના આઇએસએસએફ વર્લ્ડ કપમાં ભારતીયો કુલ ૨૮ મેડલ જીત્યા જેમાં ૧૧ ગોલ્ડ, નવ સિલ્વર અને આઠ બ્રૉન્ઝનો સમાવેશ હતો. ભારતીયો આ ઇવેન્ટમાં ચીન પછી બીજા નંબરે હતા.

(૭) બૅડમિન્ટનમાં ભારતના ત્રણ ખેલાડી ટાઇટલ જીત્યાઃ ઑસ્ટ્રેલિયન ઓપનમાં લક્ષ્ય સેન, યુએસ ઓપનમાં આયુષ શેટ્ટી અને સૈયદ મોદી ઇન્ટરનૅશનલમાં ગાયત્રી/ટ્રિશાની જોડી ચૅમ્પિયન.

(૮) બૅડમિન્ટનની વર્લ્ડ ચૅમ્પિયનશિપની ડબલ્સમાં સાત્વિક/ચિરાગની જોડીએ કાંસ્યચંદ્રક જીતી લીધો હતો.

(૯) ટેબલ ટેનિસમાં દિયા-માનુષની જોડી ટ્યૂનિસ કન્ટેન્ડર ટૂર્નામેન્ટમાં મિક્સ્ડ ડબલ્સની ટ્રોફી જીતી હતી. લાગૉસ કન્ટેન્ડરમાં સાથિયા-આકાશે મેન્સ ડબલ્સમાં ચૅમ્પિયનપદ મેળવ્યું હતું.

(૧૦) વેઇટલિફ્ટિંગમાં ભારતની મીરાબાઈ ચાનુ વર્લ્ડ ચૅમ્પિયનશિપમાં ૪૮ કિલો વર્ગમાં સિલ્વર મેડલ જીતી હતી. ■

# વર્ષાન્તને કારણે નિરસ કામકાજે સેન્સેક્સમાં સાધારણ ૨૦ પૉઈન્ટનો અને નિફ્ટીમાં ત્રણ પૉઈન્ટનો ઘસરકો

## છેલ્લા પાંચ સત્રમાં સેન્સેક્સમાં ૮૯૨.૪૦ પૉઈન્ટનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વર્તમાન કેલેન્ડર વર્ષ ૨૦૨૫ના આખરી દિવસોમાં રજાઓના માહોલ વચ્ચે વૈશ્વિક ઈક્વિટી માર્કેટ સાંકડી વધઘટે અથડાઈ ગઈ હોવાના નિરુત્સાહી નિર્દેશો વચ્ચે આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં પણ રોકાણકારોના નિરસ સેન્ટિમેન્ટ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૨૭૫૯.૮૯ કરોડની ચોખ્ખી વેચવાલી જળવાઈ રહી હોવાનું એક્સચેન્જની આંકડાકીય માહિતી પરથી જાણવા મળતા સ્થાનિકમાં ઈક્વિટી માર્કેટ પણ નિરસ કામકાજો વચ્ચે સાંકડી વધઘટે અથડાઈ ગયું હતું અને સતત પાંચમાં સત્રમાં પીછેહઠ જળવાઈ રહી હતી, જેમાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૨૦.૪૬ પૉઈન્ટનો અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૦.૪૬ પૉઈન્ટનો અને ૩.૨૫ પૉઈન્ટનો ઘસરકો આવ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે છેલ્લા પાંચ સત્રમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૮૯૨.૪૦ પૉઈન્ટનું ધોવાણ થઈ ગયું છે.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૮૪,૬૯૫.૫૪ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૪,૬૦૦.૯૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪,૪૭૦.૯૪ અને ઉપરમાં ૮૪,૮૦૬.૯૯ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૨૦.૪૬ પૉઈન્ટ અથવા તો ૦.૦૨ ટકાના ઘટાડા સાથે ૮૪,૬૭૫.૦૮ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૫,૯૪૨.૧૦ના બંધ સામે ૨૫,૯૪૦.૯૦ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૨૫,૮૭૮થી ૨૫,૯૭૬.૭૫ની રેન્જમાં રહીને અંતે સાધારણ ૦.૦૧ ટકા અથવા તો ૩.૨૫ પૉઈન્ટના ઘટાડે ૨૫,૯૩૮.૮૫ની સપાટીએ બંધ રહ્યો હતો.

એકંદરે ગઈકાલે જાહેર થયેલો નવેમ્બર મહિનાનો ઔદ્યોગિક ઉત્પાદનનો આંક ૨૫ મહિનાની ઊંચી સપાટીએ રહ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલ છતાં વૈશ્વિક મિશ્ર અહેવાલ સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટ પાંખાં કામકાજો અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની એકતરફી વેચવાલીના દબાણને ધ્યાનમાં લેતાં રોકાણકારો નવી લેવાલીથી દૂર રહ્યા હોવાનું વૅલ્થ મેનેજમેન્ટ મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્સિયલ સર્વિસીસનાં રિસર્ચ હેડ સિદ્ધાર્થ ખેમકાએ જણાવ્યું હતું.

વધુમાં રેલિગેર બ્રોકિંગનાં રિસર્ચ વિભાગના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું કે વર્તમાન કૅલૅન્ડર વર્ષની અંતિમ એક્સપાયરી પૂર્વે બજાર સાંકડી વધઘટે અથડાઈને અંતે નગણ્ય નરમાઈના અન્ડરટોને બંધ રહ્યું હતું.

દરમિયાન આજે બીએસઈ ખાતે કુલ ૪૩૪૭ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાંથી ૨૩૨૦ શૅરના ભાવ ઘટીને, ૧૮૬૪ શૅરના ભાવ વધીને અને ૧૬૩ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૦૮ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૧૯૫ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા અને પાંચ શૅરમાં નીચલી સર્કિટ લાગી હતી. વધુમાં આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૧ શૅરના ભાવ વધીને અને ૧૯ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. આજે મુખ્ય વધનાર શૅરોમાં ટાટા સ્ટીલમાં સૌથી વધુ ૨.૦૩ ટકાનો વધારો નોંધાયો હતો. ત્યાર બાદ અનુક્રમે મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં બે ટકાનો, બજાજ ફિનસર્વમાં ૧.૨૫ ટકાનો, એક્સિસ બૅન્કમાં ૧.૧૩ ટકાનો, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં ૦.૮૮ ટકાનો અને ભારતી એરટેલમાં ૦.૮૭ ટકાનો વધારો જોવા મળ્યો હતો. આ સિવાય મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૨.૧૦ ટકાનો ઘટાડો ઈટર્નલમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ઈન્ડિગોમાં ૧.૩૭ ટકાનો, ઈન્ફોસિસમાં ૧.૨૮ ટકાનો, એચસીએલ ટેક્નોલૉજીસમાં ૦.૯૨ ટકાનો, બજાજ ફાઈનાન્સમાં ૦.૮૩ ટકાનો અને અલ્ટ્રાટેક સિમેન્ટમાં ૦.૭૫ ટકાનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી બાવીસ શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતા, જ્યારે ૨૮ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યાના અહેવાલ હતા.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર આજે બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ અને મિડકેપ ઈન્ડેક્સમાં અનુક્રમે ૦.૨૦ ટકાનો અને ૦.૦૫ ટકાનો ઘટાડો આવ્યો હતો. તેમ જ બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં સૌથી વધુ કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૦.૮૧ ટકાનો ઘટાડો આવ્યો હતો. આ સિવાય આઈટી ઈન્ડેક્સમાં ૦.૮૧ ટકાનો, બીએસઈ ફોકસ્ડ આઈટીમાં ૦.૭૭ ટકાનો, રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૦.૭૪ ટકાનો, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૦.૪૫ ટકાનો અને સર્વિસીસ ઈન્ડેક્સમાં ૦.૩૯ ટકાનો ઘટાડો આવ્યો હતો. જોકે, તેની સામે વધનાર ઈન્ડેક્સમાં સૌથી વધુ મેટલ ઈન્ડેક્સમાં ૧.૯૫ ટકાનો ઉછાળો આવ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે પીએસયુ બૅન્ક ઈન્ડેક્સમાં ૧.૮૧ ટકાનો, ઑટો ઈન્ડેક્સમાં ૧.૦૩ ટકાનો, કૉમોડિટી ઈન્ડેક્સમાં ૦.૬૫ ટકાનો અને બૅન્કેક્સમાં ૦.૫૯ ટકાનો સુધારો આવ્યો હતો. દરમિયાન આજે એશિયન બજારોમાં માત્ર હૉંગકૉંગનાં હૅંગસૅંગ ઈન્ડેક્સમાં સુધારો જોવા મળ્યો હતો, જ્યારે દક્ષિણ કોરિયાના કોસ્પી, જાપાનના નિક્કી ૨૨૫ અને શાંઘાઈના એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હતું. જોકે, આજે આ અહેવાલ લખાઈ રહ્યો છે ત્યારે યુરોપના બજારોમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. આ સિવાય આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪૭ ટકા વધીને બેરલદીઠ ૬૨.૨૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

### ફેડરલની મિનિટ્સની જાહેરાત પૂર્વે વૈશ્વિક સોના-ચાંદીમાં રિબાઉન્ડ

# વિશ્વ બજારથી વિપરીત સ્થાનિક ચાંદીમાં ₹ ૩૧૧૧ની અને સોનામાં ₹ ૨૧૮૨ની નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની આજે મોડા સાંજે થનારી જાહેરાત પૂર્વે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોના અને ચાંદીના ભાવમાં અનુક્રમે ૧.૩ ટકાનું અને ૩.૫ ટકાનું રિબાઉન્ડ જોવા મળ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ છતાં ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં આજે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૧૭૩થી ૨૧૮૨નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૧૮૨નો ઘટાડો જોવા મળ્યો હતો.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર આજે હાજરમાં ૯૯૯ ટચ ચાંદીનાં વેરારહિત ધોરણે ભાવ ગઈકાલના બંધ સામે કિલોદીઠ રૂ. ૩૧૧૧ના ઘટાડા સાથે રૂ. ૨,૩૨,૩૨૯ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ઊંચા મથાળેથી માત્ર ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ લેવાલી રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી. તે જ પ્રમાણે હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૧૭૩ ઘટીને રૂ. ૧,૩૪,૦૬૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૨૧૮૨ ઘટીને રૂ. ૧,૩૪,૫૯૯ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં પણ સ્ટોકિસ્ટો અને રોકાણકારો સહિત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગનો વસવસો રહ્યો હતો.

દરમિયાન ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોનાના ભાવમાં ટકાવારીની દૃષ્ટિએ બે મહિનાનો સૌથી મોટો ઘટાડો નોંધાયા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનાના ભાવ ૧.૩ ટકાના બાઉન્સબૅક સાથે અનુક્રમે ઔંસદીઠ ૪૩૮૭.૨૯ ડૉલર આસપાસ અને ૪૪૦૧.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે શિકાગો મર્કન્ટાઈલ એક્સચેન્જે ચાંદીના વાયદાના માર્જિનમાં વધારો કરતાં ગઈકાલે હાજરમાં ચાંદીના ભાવમાં ઑગસ્ટ, ૨૦૨૦ પછીનો સૌથી મોટો કડાકો બોલાઈ ગયા બાદ આજે ઘટ્યા મથાળેથી ૩.૫ ટકાના બાઉન્સબૅક સાથે ઔંસદીઠ ૭૪.૭૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે ગઈકાલે સોનામાં નવા વર્ષ પૂર્વે નફારૂપી વેચવાલીનું દબાણને કારણે ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું. તેમ છતાં ફેડરલ રિઝર્વ હળવી નાણાનીતિ અપનાવે તેવો આશાવાદ, કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલી અને ભૂરાજકીય તણાવ જેવાં તેજી માટેનાં મૂળભૂત પરિબળો યથાવત્ રહ્યાં હોવાથી આજે ઘટ્યા મથાળેથી લેવાલી નીકળતા ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાનું માર્કેટ પ્લસના વિશ્લેષક ઝેઈન વાવદાએ જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં વાર્ષિક ધોરણે વર્ષ ૧૯૭૯ પછીનો સૌથી મોટો ૬૬ ટકાનો ઉછાળો આવ્યો છે. સોસિયેટ જનરલના વિશ્લેષકોએ જણાવ્યું હતું કે ગઈકાલે શિકાગો મર્કન્ટાઈલ એક્સચેન્જ (સીએમઈ)એ ચાંદીના વાયદાના માર્જિનમાં વધારો કરતાં ભાવ જે ઔંસદીઠ ૮૩.૬૨ ડૉલરની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા તેમાં ઑગસ્ટ, ૨૦૨૦ પછીનો સૌથી મોટો કડાકો નોંધાયો હતો. વધુમાં સીએમઈ જૂથે ટ્રેડરો માટે ચાંદીના વાયદામાં વેપાર માટે આવશ્યક સિક્યોરિટી ડિપોઝીટ જે કોન્ટ્રાક્ટદીઠ ૨૨,૦૦૦ ડૉલર હતી ૧૩.૬ ટકા વધારીને કોન્ટ્રાક્ટદીઠ ૨૫,૦૦૦ ડૉલર કરી હોવાથી પણ ભાવમાં કડાકો બોલાયો હતો. નોંધનીય બાબત એ છે કે આ વર્ષમાં અમેરિકાએ ચાંદીનો મુખ્ય ખનીજની યાદીમાં સમાવેશ કરવાની સાથે પ્રવર્તમાન પુરવઠાખેંચ અને ઔદ્યોગિક માગમાં વધારો થવાથી આ વર્ષમાં અત્યાર સુધીમાં ચાંદીના ભાવમાં ૧૫૯ ટકાનો જબ્બર ઉછાળો આવ્યો છે.

# આઈઆઈપીના પ્રોત્સાહક ડેટા અને રિઝર્વ બૅન્કની ડૉલરમાં વેચવાલીએ ડૉલર સામે રૂપિયો ૨૩ પૈસા ઉછળ્યો

મુંબઈઃ ગત નવેમ્બર મહિનાના ઔદ્યોગિક ઉત્પાદનમાં અપેક્ષિત ૨.૫ ટકાની વૃદ્ધિ સામે ૬.૭ ટકાની વૃદ્ધિ થઈ હોવાના ગઈકાલના મોડી સાંજના પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત ડૉલરમાં રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની આક્રમક વેચવાલી રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે ૨૩ પૈસા ઉછળીને ૮૯.૭૫ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારાતરફી વલણ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૭૫૯.૮૯ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૯.૯૮ના બંધ સામે ભાવ ટૂ ભાવ ૮૯.૯૮ની સપાટીએ ખૂલ્યા બાદ નીચામાં ૮૯.૯૮ અને ઉપરમાં ૮૯.૭૨ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૨૩ પૈસાના સુધારા સાથે ૮૯.૭૫ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો આઠ પૈસા નબળો પડ્યો હતો.

એકંદરે આજે સત્રના આરંભમાં ડૉલર સામે રૂપિયામાં નરમાઈ હતી, પરંતુ ત્યાર બાદ રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની ડૉલરમાં વેચવાલી નીકળતા ખરીદદારોની ડૉલરમાં લેવાલી નીકળી હતી. સંભવતઃ રિઝર્વ બૅન્ક ડૉલર સામે રૂપિયાની ૯૦ની સપાટી જાળવી રહી છે, પરંતુ સામે શોર્ટ પોઝિશન કવર કરવા ૮૯થી ૮૯.૨૦ના મથાળે ખરીદી પણ કરી રહી હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી ઍડ્વાઈઝર્સના ટ્રેઝરી હેડ અને એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અનિલ ભણસાળીએ જણાવ્યું હતું. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૬ ટકા વધીને ૯૭.૯૯ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪૭ ટકા વધીને બેરલદીઠ ૬૨.૨૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૨૦.૪૬ પૉઈન્ટ અને ૩.૨૫ પૉઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યા હોવાથી રૂપિયામાં સુધારો સીમિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## ગુજરાત

# અમદાવાદના કલાણા ગામે જૂથ અથડામણ, ૪૨ની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જિલ્લાના સાણંદ તાલુકાના કલાણા ગામમાં સોશ્યલ મીડિયામાં પોસ્ટ મુકવાને પગલે બે જૂથો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. સ્થિતિ એટલી ભયાનક હતી કે સોમવાર રાત્રિથી શરૂ થયેલો પથ્થરમારો મંગળવાર સવાર સુધી ચાલ્યો હતો. જેના પગલે ગામમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ હતી. પથ્થરમારામાં અનેક ગાડીઓના કાચ તૂટી ગયા હતા અને રસ્તાઓ પર ઈંટોના ટુકડાઓનો ખડકલો જોવા મળ્યો હતો. ઘટનાની ગંભીરતા જોતા પોલીસ કાફલો ગામમાં ઉતારી દેવામાં આવ્યો હતો. પોલીસે ઘટનામાં ૪૨ લોકોને રાઉન્ડ અપ કર્યા હતા. આ પથ્થરમારાની ઘટના બાદ પોલીસની કડક કાર્યવાહીના ડરથી કલાણા ગામના મોટાભાગના લોકોના ઘર ખાલી કરી પલાયન થયા હતા. પોલીસે ગામમાં ડ્રોન કેમેરાની મદદથી સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. ગામમાં ૮૦થી વધુ પોલીસ જવાનો ચુસ્ત બંદોબસ્ત સાથે ખડે પગે તહેનાત છે.

આ સમગ્ર મામલે અમદાવાદ ગ્રામ્ય જિલ્લા પોલીસવડાએ કહ્યું હતું કે, સોશ્યલ મીડિયામાં વર્ચસ્વની લડાઈ હોય તેને લઈ મનદુઃખ થયું છે. સાણંદ જીઆઈડીસી પોલીસ સ્ટેશન વિસ્તારમાં કલાણા ગામ આવે છે. બે જૂથના યુવકો વચ્ચે સામે જોવાની બાબતને લઈ ઝઘડો થયો હતો.

બંને જૂથના લોકોએ સામસામે પથ્થરમારો કરતા સામસામી ફરિયાદ નોંધાઈ છે. ગામમાં પોલીસ દ્વારા કોમ્બિંગ ચાલુ છે. ગામમાં બંદોબસ્ત છે અને હાલ શાંતિ છે. જે લોકો શંકાસ્પદ છે તેઓની પૂછપરછ ચાલુ છે. જેની સંડોવણી હશે તેને છોડવામાં નહીં આવે. મોડી રાત્રે બબાલ થયા બાદ આજે સવારે ફરી બે જૂથ વચ્ચે પથ્થરમારો થયો હતો. એક વર્ષ જૂની અદાવતને લઈ લડાઈ ચાલતી હતી. જિલ્લા પોલીસવડાએ કહ્યું કોઈને પણ છોડવામાં નહીં આવે.

# પ્રેમલગ્નના નિયમોમાં ફેરફારની શક્યતા, બ્રહ્મસમાજની સીએમ સામે રજૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં અમુક સેલિબ્રિટીના આંતરજ્ઞાતિય પ્રેમલગ્નો ચર્ચાનો વિષય બન્યો છે. ઘણા સમયથી પ્રેમલગ્નો મામલે વિવાદો થઈ રહ્યા છે. અલગ અલગ સમાજોએ રાજ્ય સરકાર સામે આ અંગે રજૂઆતો કરી છે ત્યારે રાજ્ય સરકાર પ્રેમલગ્નની નોંધણીમાં અમુક ફેરફાર કરે તેવી શક્યતા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર વર્ગ-૨ના અધિકારીની મંજૂરી વિના સીધી લગ્નની નોંધણી થશે નહીં અને આ સાથે ભાગેડુ લગ્નના કિસ્સામાં માતા-પિતાને નોટિસ આપવામાં આવે, તેવી જોગવાઈઓ ઉમેરવામાં આવે, તેવી સંભાવના છે. બુધવારે ગુજરાત પ્રધાનમંડળની બેઠકમાં આ અંગે નિર્ણય લેવાય તેવી શક્યતા સૂત્રોએ વ્યક્ત કરી હતી.

આ દરમિયાન સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના પ્રતિનિધિઓએ ગુજરાતના લગ્ન નોંધણી નિયમોમાં ફેરફારની માગ કરી હતી, જેમાં પુત્રીનાં પ્રેમલગ્નમાં માતાપિતાની મંજૂરી ફરજિયાત બનાવવાનો આગ્રહ રાખવામાં આવ્યો છે.

બ્રહ્મ સમાજના પ્રમુખ શૈલેષ ઠાકરના નેતૃત્વમાં સમુદાયના નેતાઓનું એક પ્રતિનિધિમંડળ સોમવારે ગાંધીનગર સચિવાલય ખાતે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને મળ્યું હતું અને રજૂઆત કરી હતી.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રજૂઆત સાંભળી હતી અને ખાતરી આપી કે સરકાર વિચારણા કર્યા બાદ યોગ્ય નિર્ણય લેશે.

# ન્યૂ યરની ઉજવણીમાં મહિલાઓ સુરક્ષિત રહે તે માટે ૭૧ ‘શી’ ટીમ તહેનાત કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ૩૧મી ડિસેમ્બરની ઉજવણી અને નવા વર્ષને વધાવવા માટે અમદાવાદના શહેરીજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને શહેરના એસ.જી.રોડ, સી.જી. રોડ, સિંધુ ભવન રોડ જેવા પ્રાઈમ લોકેશન તથા પાર્ટી પ્લોટ, ફાર્મ હાઉસ, ક્લબ જેવાં સ્થળોએ યુવાનો એકત્રિત થઈ નવા વર્ષની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરતા હોય છે. આ ઉજવણીમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અમદાવાદ શહેર પોલીસ સંપૂર્ણ રીતે સજ્જ અને કટિબદ્ધ છે. નવા વર્ષની ઉજવણીમાં નાગરિકોની સુરક્ષા વ્યવસ્થા જળવાઈ રહે તે માટે શહેર પોલીસ દ્વારા વિશેષ તૈયારીઓ કરી દેવામાં આવી છે. કુલ ૯૦૪૦ જેટલા અધિકારી, કર્મચારીઓ નાગરિકોની સુરક્ષામાં ખડેપગે રહેવાના છે, જેમાં ડી.સી.પી., એ.સી.પી., પી.આઈ. કક્ષાના અધિકારી મોડી રાત સુધી રસ્તા પર ઊતરી વિવિધ કામગીરીઓ સંભાળશે.

# પ્રેમમાં પડે, પછી વહેમમાં, અંતે ડેમમાંઃ હરિપ્રકાશદાસ સ્વામીનો બફાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સ્વામિનારાયણ સંપ્રદાયના હરિપ્રકાશદાસ સ્વામીએ પ્રેમ લગ્ન વિશે નિવેદન આપીને વિવાદનો મધપૂડો છંછેડ્યો છે. રાજકોટના રેસકોર્સ મેદાનમાં હનુમાન ચાલીસા યુવા કથાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કથાકાર તરીકે વ્યાસપીઠ પર બિરાજમાન હરિપ્રકાશદાસજી સ્વામીએ આજના સમયમાં થતા પ્રેમ વિશે ટકોર કરતા મોટો વિવાદ સર્જાયો છે. આજના સોશ્યલ મીડિયાના આધુનિક યુગમાં થતા પ્રેમ વિશે યુવાનોને ટકોર સાથે પ્રેમનું વર્ણન કરતા કહ્યું હતું કે, આજનો પ્રેમ એટલે સોમવારે સામા મળ્યા, મંગળવારે માયા લાગી, બુધવારે બોલ્યા ચાલ્યા,ગુરુવારે ગમી ગયા અને શુક્રવારે સોગંદ ખાધા પછી પૂરું. પ્રેમ કરવો હો તો રાધા અને કૃષ્ણ જેવો કરવો કારણ કે રાધા અને કૃષ્ણનો પ્રેમ એ સાચો પ્રેમ હતો.

સ્વામીએ લવ મેરેજ અને અરેન્જ મેરેજ વચ્ચેનો તફાવત ખૂબ જ સરળ અને લોકબોલીમાં સમજાવતા જણાવ્યું હતું કે, જ્યારે આપણે બધાને કહીને અને પરિવારની સાથે બેસીને જમીએ તેને અરેન્જ મેરેજ કહેવાય છે, પરંતુ જે એકલા અને છાનામાના જમી લે, તેને લવ મેરેજ કહેવાય છે. તેમણે લગ્નમાં પારિવારિક સહમતી અને સામાજિક મર્યાદાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. આજના જમાનાનો પ્રેમ અજીબ છે. પહેલા લોકો પ્રેમમાં પડે, પછી મુશ્કેલીમાં પડે અને અંતે બંને જણા ડેમમાં પડવાનો વારો આવે છે. છેલ્લા થોડા સમયથી અલગ અલગ પંથના સાધુસંતો આવા બફાટ કરીને બિનજરૂરી વિવાદો ઊભા કરે છે અને તેને કારણે લોકોમાં ઉચાટ ફેલાય છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**નિભાવ કાર્ય**

ડે. ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (W), પ.રે. કેરેજ, રિપેર વર્કશોપ, N. M. જોષી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૧૩, ટેન્ડર નોટીસ નં. EL/WA/PL/ ૨૦૨૫-૨૬/૩૦ તા. ૨૪.૧૨.૨૦૨૫ મંગાવે છે. કામનું નામઃ લોઅર પરેલ વર્કશોપ ખાતે નિભાવ સુવિધા માટે પાવર સપ્લાય ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું અપગ્રેડેશન. કામની અંદા. કિંમતઃ ₹ ૩,૮૦,૨૫,૩૪૪.૮૫. બાનાઃ ₹ ૩,૪૦,૧૦૦/- ટેન્ડરની સુપ્રતિ માટે છેલ્લી તા. અને સ.: ૨૦.૦૧.૨૦૨૬, ૧૨.૦૦ ક. સુધી. ટેન્ડર ખોલવાનીઃ ૨૦.૦૧.૨૦૨૬ના ૧૨.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો.

0951

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly



**PUBLIC NOTICE**

Shri Dr Anil B Amin. a member of the PARIJAT Flat owners Co-operative Housing Society Ltd., having address at 95 Marine Drive and holding Flat No. 30 and Garage No. 10 in the building of the society, died on 10/10/2025 without making any nomination.

The Society hereby invites claims or objections from the heir or heirs or other claimants/objectors to the transfer of the said shares and interest of the deceased member in the capital/property of the Society in the name of his son Mr. Minesh Anil Amin, within a period of 15 days from the date of publication of this notice, with copies of such documents and other proofs in support of his/her/their claims/ objections for transfer of shares and interest of the deceased member in the capital/property of the Society.

If no claims/objections are received within the period prescribed above, the Society shall be free to deal with the shares and interest of the deceased member in the capital/property of the Society in such manner as is provided under the bye-laws of the Society.

The claims/objections, if any, received by the Society for transfer of shares and interest of the deceased member in the capital/property of the Society shall be dealt with in the manner provided under the bye-laws of the Society.

For and on behalf of
The Parijat Flat owners Co-op. Housing Society Ltd.
Hon. Secretary

Place: Mumbai Date: 31/12/2025


# ગુજરાતમાં ભરશિયાળે માવઠાની શક્યતા, બે દિવસ કમોસમી વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ફરી એક વખત માવઠાની આગાહી કરવામાં આવી છે. ગુજરાતના હવામાનના અમદાવાદ કેન્દ્રએ ગુજરાતના હવામાનમાં મોટો બદલાવ આવશે અને બે દિવસ વરસાદની આગાહી કરી હતી. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડાયરેક્ટર, એ.કે. દાસે ગુજરાતના હવામાન અંગે જણાવ્યું હતું કે, ૩૧મી ડિસેમ્બરે કચ્છ, દ્વારકા, જામનગર, મોરબી, પાટણ અને બનાસકાંઠામાં હળવો વરસાદ થવાની આગાહી આપવામાં આવી છે

લઘુતમ તાપમાન અંગેની વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, રાજ્યમાં હાલ પૂર્વથી દક્ષિણપૂર્વ તરફનો પવન ફૂંકાઈ રહ્યો છે. આ સાથે જ આગામી બે દિવસ દરમિયાન લઘુતમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. ત્યારબાદ આગામી બે દિવસ માટે બેથી ત્રણ સેલ્સિયસ ઘટાડો થવાની સંભાવના છે. જે બાદ ત્રણ દિવસ તાપમાનમાં વધારો થવાની શક્યતા છે.


**પશ્ચિમ રેલવે બાંદ્રા ટર્મિનસ ⇌ જયપુર વચ્ચે નોન સ્ટોપ સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન દોડાવશે**

| ટ્રેન નં. | પ્રારંભ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૯૭૦૬ | બાંદ્રા ટર્મિનસ– જયપુર | ૦૫.૦૧.૨૦૨૬થી ૨૩.૦૨.૨૦૨૬ | ૧૪.૪૦ ક. (સોમવાર) | ૦૮.૪૫ (બીજા દિવસે) |
| ૦૯૭૦૫ | જયપુર– બાંદ્રા ટર્મિનસ | ૦૪.૦૧.૨૦૨૬થી ૨૨.૦૨.૨૦૨૬ | ૧૮.૪૦ ક. (રવિવાર) | ૧૧.૨૦ (બીજા દિવસે) |

**સંરચનાઃ** ફર્સ્ટ AC, AC 2 - ટિયર, AC 3 - ટિયર, AC 3 - ટિયર (ઈકોનોમી) અને સ્લીપર ક્લાસ કોચેસ.

વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નં. ૦૯૭૦૬ની માટે બુકીંગ ૩૧/૧૨/૨૦૨૫થી તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર ખૂલશે. ઉપરોક્ત ટ્રેઈન સ્પેશિયલ ભાડા પર સ્પેશિયલ ટ્રેન તરીકે દોડશે.

**પશ્ચિમ રેલવે**
wr.indianrailways.gov.in
અમને લાઈક કરોઃ facebook.com/WesternRly
અમને ફોલો કરોઃ X.com/WesternRly
અમને ફોલો કરોઃ Instagram/WesternRly

કૃપા કરીને તમામ આરક્ષિત ટીકીટો માટે અસલ ID પ્રૂફ સાથે રાખો.


# અમદાવાદના ઈન્કમટેક્સ ઓવરબ્રિજનો જોઈન્ટ એક્સપાન્શન ખુલી ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં વધુ એક બ્રિજ જર્જરિત થતા ભ્રષ્ટાચારનો મામલો ફરી એક વખત ચર્ચાના ચગડોળે ચડ્યો છે. સુભાષ બ્રિજ પર તિરાડ અને સ્પાન બેસી જવાની ઘટનાને હજી એક મહિનો થયો નથી ત્યારે શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા ઇન્કમટેક્સ ઓવરબ્રિજ પર જોઈન્ટ એક્સપાન્શનના બોલ્ટનો ભાગ ખુલી ગયો જતા સ્પાનને જોડતો ભાગ ખુલી જતા ખળભળાટ મચી ગયો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દર ૬ મહિને બ્રિજ ઇન્સ્પેક્શન કરાવે છે અને જેની પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે ત્યારે ઇન્કમટેક્સ બ્રિજમાં જોઈન્ટ એક્સપાન્શન ખુલી જતા મનપા તંત્રમાં ચાલતા ભ્રષ્ટાચારને મુદ્દે રાજકારણ ગરમાયું છે.

મળતી માહિતી મુજબ, ૬ વર્ષ પહેલા બનાવવામાં આવેલા ઇન્કમટેક્સ ઓવરબ્રિજ પરના જોઈન્ટ એક્સ્પાન્શનના ભાગમાં જે બોલ્ટ લગાવવામાં આવેલા છે તે ભાગ ખુલી ગયેલો જોવા મળ્યો છે.


**પશ્ચિમ રેલવે**

**પાર્સલ SLR/VPની લિઝિંગના કોન્ટ્રાક્ટ માટે ઈ- ઓક્શન**

મુંબઈ ડિવિઝનથી ઉપડતી ટ્રેનોમાં લિઝ આઉટ પાર્સલ SLR/VPના કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન DRM (C) - BCT દ્વારા મંગાવવામાં આવે છે. કેટલોગ IREPS વેબસાઈટ પર પહેલાથી જ પ્રકાશિત કરવામાં આવી છે. વિગતો નીચે મુજબ છે.

કોન્ટ્રાક્ટના પ્રકારઃ પાર્સલ | કોન્ટ્રાક્ટ મુદતઃ ૩ વર્ષ | કેટેગરીઃ પાર્સલ SLR

| ઓક્શન કેટલોગ નં. | લોટ નંબર | ઈ-ઓક્શનની તારીખ & સમય |
|---|---|---|
| MMCT-PLS- ૨૬-૦૧ | 02133-SLR-F1 BDTS-JBP-25-3 | લોટ માટે ઈ-ઓક્શન ૦૧.૦૧.૨૦૨૬ના ૧૨.૦૦ કલાકે શરૂ થશે. પ્રારંભિક કૂલિંગ મુદત ૩૦ મિનિટનો છે. |
| | 02133-SLR-F2 BDTS-JBP-25-3 | |
| | 21903-SLR-F1 BDTS-BKN-25-2 | |
| | 21903-SLR-R1 BDTS-BKN-25 2 | |
| | 20907-SLR-F1 DDR-BHUJ-25 2 | |
| MMCT-PLS- ૨૬-૦૨ | 22444-SLR-F1 BDTS-CNB-25 1 | લોટ માટે ઈ-ઓક્શન ૦૩.૦૧.૨૦૨૬ના ૧૨.૦૦ કલાકે શરૂ થશે. પ્રારંભિક કૂલિંગ મુદત ૩૦ મિનિટનો છે. |
| | 02133-SLR-R1 BDTS-JBP-25-4 | |
| MMCT-PLS- ૨૬-૦૩ | 22564-SLR-F1 UDN-JYG-25-1 | લોટ માટે ઈ-ઓક્શન ૧૨.૦૧.૨૦૨૬ના ૧૨.૦૦ કલાકે શરૂ થશે. પ્રારંભિક કૂલિંગ મુદત ૩૦ મિનિટનો છે. |
| | 12961-SLR-R1 MMCT-INDB 25-2 | |
| | 22913-SLR-R1 BDTS-SHC-24 1 | |

નોંધઃ સંભવિત બિડરોએ IREPS વેબસાઈટ www.ireps.gov.in પર પાર્સલ SLE/VPsની લિઝિંગ માટે કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શનની મુલાકાત લેવા વિનંતી.

0955

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ X.com/WesternRly

## ભાંડુપમાં બસ અકસ્માતની ગોઝારી ઘટના

# પચીસ વર્ષથી ડ્રાઈવિંગ કરતા ડ્રાઈવર સાવંતે બ્રેકને બદલે એક્સિલરેટર દબાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાંડુપ રેલવે સ્ટેશન નજીક યુટર્ન લેતી વખતે બેસ્ટની બસે ૧૫ પ્રવાસીને કચડ્યાની ગોઝારી ઘટના પચીસ વર્ષથી ડ્રાઈવિંગ કરતા ડ્રાઈવરની ભૂલને કારણે બની હોવાનું કહેવાય છે. બ્રેકને બદલે ડ્રાઈવરે એક્સિલરેટર દબાવ્યાને કારણે બસ પ્રવાસીઓ પર ધસી ગઈ હોવાનું પોલીસને લાગે છે, પણ ડ્રાઈવરે બ્રેક ફેઈલ થયાનો દાવો કર્યો હતો. આ મામલે અકસ્માતગ્રસ્ત બસની તપાસ બાદ ચોખવટ થઈ શકશે, એવું અધિકારીનું કહેવું છે.

ગયા વર્ષે ડિસેમ્બરમાં જ કુર્લામાં બેકાબૂ બનેલી બેસ્ટની બસે ૧૭ જણને અડફેટે લીધા હતા, જેમાંથી સાતનાં મોત નીપજ્યાં હતાં. આ ઘટનાને વર્ષ વીત્યું નથી ત્યાં સોમવારની રાતે ૯.૫૦ વાગ્યાની આસપાસ ભાંડુપ પશ્ચિમમાં બેસ્ટની બસે ૧૪ને અડફેટે લીધા હતા. બસની રાહ જોતા બસસ્ટોપ પાસે ઊભેલા પ્રવાસીઓ પર બસ ધસી ગઈ હતી, જેમાં ત્રણ મહિલા સહિત ચારનાં મૃત્યુ થયાં હતાં.

મૃતકોની ઓળખ વર્ષા જગન્નાથ સાવંત (૨૫), માનસી મેઘશ્યામ ગુરવ (૪૯), પ્રતિમા સંદીપ રાસમ (૩૫) અને પ્રશાંત દત્તુ શિંદે (૪૨) તરીકે થઈ હતી. ચારેય મૃતક ભાંડુપ પશ્ચિમના અલગ અલગ પરિસરના રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. અકસ્માતમાં જખમી ૧૦ જણને સારવાર માટે મહાપાલિકાની રાજાવાડી અને સાયન હૉસ્પિટલ સહિત અન્ય ખાનગી હૉસ્પિટલોમાં દાખલ કરાયા હતા.

આ પ્રકરણે ભાંડુપ પોલીસે ભારતીય

(જુઓ પાનું ૪) ▶▶

### ...પણ ડ્રાઈવરનો દાવો છે કે બ્રેક ફેઈલ થઈઃ બસની તપાસમાં સ્પષ્ટતા થશે

### વીજળીના થાંભલાને કારણે અનેકનો જીવ બચ્યો?

મુંબઈઃ ભાંડુપમાં બેકાબૂ બસ ફૂટપાથ પર ધસી આવી ત્યારે વીજળીના એક થાંભલા સાથે ભટકાઈ હતી, જેને કારણે અનેક્ના જીવ બચ્યા હોવાનું ઘટનાસ્થળે હાજર લોકોનું કહેવું છે. સ્ટેશન નજીક સાડીની દુકાન ધરાવતા વેપારી મોબાઈલ પર વાત કરતા દુકાન બહાર ઊભા હતા ત્યારે આ ઘટના બની હતી. વેપારીના કહેવા મુજબ ગણતરીની સેકંડમાં બસે પ્રવાસીઓને કચડ્યા હતા. વીજળીના થાંભલા સાથે ભટકાવાને કારણે બસ ઊભી રહી હતી. થાંભલાને કારણે અનેકના જીવ બચ્યા હોવાનું કહી શકાય. અન્ય એક વેપારીએ પણ થાંભલાએ અનેકના જીવ બચાવ્યા હોવાનો દાવો કર્યો હતો. ■

### ઘટનાની ખાતાકીય તપાસનો આદેશઃ મૃતકના કુટુંબને બે લાખ રૂપિયાની સહાય

મુંબઈઃ ભાંડુપમાં બેસ્ટની બસ નીચે ૧૪ પ્રવાસી કચડાયાની ઘટનાની ખાતાકીય તપાસનો આદેશ બેસ્ટના જનરલ મૅનેજરે આપ્યો હતો. આ અકસ્માતમાં મૃત્યુ પામેલાઓના કુટુંબને બે લાખની આર્થિક સહાયની જાહેરાત પણ બેસ્ટે કરી હતી.

બેસ્ટના જણાવ્યા મુજબ ભાંડુપ પશ્ચિમથી નરદાસ નગર જનારી રૂટ નંબર-૬૦૬ની બસ ભાંડુપ રેલવે સ્ટેશન પાસેના બસસ્ટોપ નજીક આવી ત્યારે ડ્રાઈવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો, જેને પગલે બસ સ્ટોપ પર ઊભેલા પ્રવાસીઓ પર બસ ધસી ગઈ હતી. આ ઘટનામાં ૧૪ પ્રવાસી બસની અડફેટે આવી ગયા હતા. જખમી ૧૦ પ્રવાસીને સારવાર માટે મહાપાલિકાની રાજાવાડી અને સાયન હૉસ્પિટલ તેમ જ ખાનગી હૉસ્પિટલોમાં દાખલ કરાયા હતા. તેમની સારવારની જવાબદારી પણ બેસ્ટે ઉઠાવી હતી.

અકસ્માતમાં ત્રણ મહિલા સહિત ચાર જણનાં મૃત્યુ થયાં હતાં. જીવ ગુમાવનારા પ્રવાસીઓ માટે બેસ્ટે શોક વ્યક્ત કર્યો હતો અને તેમના કુટુંબીજનોને બે-બે લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી હતી. એ સિવાય આ ઘટનાની ખાતાકીય તપાસનો આદેશ આસિસ્ટન્ટ જનરલ મૅનેજરને આપવામાં આવ્યો હતો. તપાસ બાદ અહેવાલ રજૂ કરવાનું જણાવાયું હતું. ■

# આજે મુંબઈમાં પોલીસનો ચાંપતો બંદોબસ્તઃ ૧૭,૦૯૯ પોલીસ તહેનાત

### વિવિધ સિક્યોરિટી એજન્સીના જવાનો અને ટ્રાફિક પોલીસ ખડેપગેઃ ઠેકઠેકાણે નાકાબંધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નવા વર્ષને વધાવવા થર્ટીફર્સ્ટની રાતે વિવિધ ઠેકાણે થનારા કાર્યક્રમો અને પાર્ટીઓને ધ્યાનમાં રાખી મુંબઈ પોલીસ દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવવાની તૈયારી કરી લીધી છે. વિવિધ સિક્યોરિટી એજન્સીના જવાનો, ટ્રાફિક પોલીસ અને ૧૭,૦૯૯ પોલીસ શહેરના માર્ગો પર તહેનાત રહેશે. ઠેકઠેકાણે નાકાબંધીની પણ જાહેરાત કરવામાં આવી હોઈ દારૂના નશામાં વાહન ચલાવનારા પર કડક નજર રાખવામાં આવશે અને કાયદાનો ભંગ કરનારાઓનું આવી બનશે, એવું એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

થર્ટીફર્સ્ટની રાતે દરિયાકિનારા, હૉટેલ અને મૉલ જેવાં સ્થળોએ મોટી સંખ્યામાં નાગરિકોની ભીડ થતી હોય છે. પરિણામે આવાં સાર્વજનિક સ્થળો, હૉટેલ, શૉપિંગ મૉલ સહિતના વિવિધ ઠેકાણે પોલીસ દ્વારા આખી રાત પેટ્રોલિંગ કરવામાં આવશે.

ડેપ્યુટી પોલીસ કમિશનર અકબર પઠાણે જણાવ્યું હતું કે નવા વર્ષની પૂર્વસંધ્યાએ શહેરમાં કડક પોલીસ વ્યવસ્થા ગોઠવી દેવામાં આવશે. આ માટે ૧૦ એડિશનલ પોલીસ કમિશનર, ૩૮ ડેપ્યુટી પોલીસ કમિશનર, ૬૧ આસિસ્ટન્ટ પોલીસ કમિશનર સાથે ૨,૭૯૦ પોલીસ અધિકારી અને ૧૪,૨૦૦ કોન્સ્ટેબલ તહેનાત રહેશે.

અધિકારીના જણાવ્યા મુજબ મહત્ત્વનાં સ્થળોએ એસઆરપીએફની પ્લૅટૂન્સ, ક્યૂઆરટીની ટીમ, બીડીડીએસની ટીમ, આરસીપી, હોમગાર્ડ્સને

(જુઓ પાનું ૪) ▶▶

# ૩૧મી ડિસેમ્બરે બેસ્ટ આ રૂટ પર દોડાવશે વધારાની બસ

મુંબઈ : ૨૦૨૫ની સાલની વિદાયને હવે ગણતરીના કલાકો બાકી છે. ત્યારે નવા વર્ષનું સ્વાગત કરવા માટે, વહીવટીતંત્ર પ્રવાસીઓની સગવડતા માટે અનેક પગલાં લઇ રહ્યું છે. મુંબઈ લોકલ ટ્રેનો પછી, બૃહન્મુંબઈ ઇલેક્ટ્રિસિટી સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ એન્ટરપ્રાઇઝ બેસ્ટ પણ ૩૧ ડિસેમ્બરની રાત્રે પ્રવાસીઓ માટે ખાસ બસો દોડાવશે. ૩૧ ડિસેમ્બરની રાત્રે મુંબઈવાસીઓની મુસાફરીને વધુ આરામદાયક બનાવવા માટે આ સુવિધા પૂરી પાડવામાં આવી છે. ■

### કયા રૂટ પર દોડશે વિશેષ બસ?

૩૧ ડિસેમ્બરની રાત્રે નવા વર્ષને વધાવવા માટે ગેટવે ઓફ ઈન્ડિયા, જુહુ ચોપાટી, ગોરાઈ ખાડી અને માર્વે ચોપાટી પર મોટી સંખ્યામાં લોકો ભેગા થાય છે. આને ધ્યાનમાં રાખીને, આ સ્થળોએ ખાસ બસ સેવાઓ ચલાવવામાં આવશે. બેસ્ટ રેગ્યુલર રૂટ ઈ-૮૬, ૨૦૩ અને ૨૩૧ તેમજ અઈ રૂટ અ-૨૧, અ-૧૧૨, અ-૧૧૬, અ-૨૪૭, અ-૨૭૨ અને અ-૨૯૪ પર વધારાની બસો દોડાવશે. આ ખાસ બસો ૩૧ ડિસેમ્બરના રોજ રાત્રે ૧૦ થી ૧૨:૩૦ વાગ્યા સુધી દોડશે. જેથી મુસાફરો નવા વર્ષની ઉજવણી કર્યા પછી સુરક્ષિત અને આરામથી ઘરે પરત ફરી શકશે. વધુમાં, બેસ્ટની લોકપ્રિય હેરિટેજ ટૂર બસ સેવા ૩૧

(જુઓ પાનું ૪) ▶▶

## ચૂંટણીનો હાઈવોલ્ટેજ ડ્રામા

# મહિલા ઉમેદવાર ઢળી પડયા, પૈસાના બળે ઉમેદવારી આપી હોવાનો આક્ષેપ કર્યો

મુંબઈઃ છત્રપતિ સંભાજી નગરઃ મહાનગરપાલિકા ચૂંટણી માટે એબી ફોર્મ ભરવામાં ગણતરીના કલાકો બાકી હતા ત્યારે નાટ્યાત્મક ઘટના જોવા મળી હતી. મહા યુતિ તૂટી ગયા બાદ વફાદારોએ વિચાર્યું હતું કે તેમને ઉમેદવારી સરળતાથી મળી જશે. પરંતુ તેમને ઉમેદવારી નહીં મળે એની જાણ થતા છત્રપતિ સંભાજી નગરમાં પ્રધાન અતુલ સાવેના કાર્યાલયની બહાર એક નાટ્યાત્મક ઘટના બની હતી.

છેલ્લા અનેક વર્ષોથી પક્ષ પ્રત્યે વફાદાર રહેવા છતાં ઉમેદવારી ન મળતા મહિલા ઉમેદવારોએ તીવ્રપણે અસંતોષ વ્યક્ત કર્યો હતો. કેટલાક પુરુષ ઉમેદવારો પંડાલમાં અડ્ડો જમાવી બેઠા હતા. બ્લડ પ્રેશર વધી જવાથી કેટલાક મહિલા અસ્વસ્થ થઈ ગઈ. વોર્ડ નંબર ૨૨માં ઉમેદવારી નહીં મળતા ઉમેદવાર રડી પડ્યા. ઉમેદવારની પત્ની પોતાની લાગણીઓ કાબૂમાં ન રાખી શકી.

બીજી તરફ અન્ય વોર્ડના મહિલા ઉમેદવારે પણ મોટો હોબાળો મચાવ્યો. લતા દલાલ વર્ષો જૂના ભાજપ કાર્યકર છે. તેમની ઉમેદવારી નકારવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. પરિણામે આ વખતે ઘણા લોકોએ પક્ષ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા. વફાદાર હોવા છતાં આ

(જુઓ પાનું ૪) ▶▶

## ‘મહાયુતિ દ્વારા અપમાનિત’

# આઠવલેએ ગુસ્સામાં ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી, ૩૯ને તક

મુંબઈ : બીએમસીની ચૂંટણી માટે પક્ષો દ્વારા બેઠક ફાળવણી થઈ રહી છે. ત્યારે મહાયુતિનાં સાથી પક્ષોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયાના રાષ્ટ્રીય અધ્યક્ષ રામદાસ આઠવલે બેઠક ફાળવણીને લઈને નારાજ છે. તેમણે નારાજગી વ્યક્ત કરતા કહ્યું હતું કે ભાજપે મોડી રાત્રે ફક્ત સાત બેઠકોનો પ્રસ્તાવ મૂક્યો હતો, પરંતુ હવે ઓછા સમયમાં નવી જગ્યાએ ઉમેદવારો ઉભા રાખવા અશક્ય છે. મુંબઈમાં અમારી તાકાત વંચિત બહુજન આઘાડી કરતા વધારે હોવા છતાં અમને બેઠકોની ફાળવણીમાં બાકાત રાખવામાં આવ્યા, જેના કારણે સમગ્ર મહારાષ્ટ્રમાં આરપીઆઇ કાર્યકરોમાં ભારે રોષ છે. તેમણે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે ૩૯ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે.

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય ચૂંટણીઓ માટે રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા દ્વારા ૩૯ ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી હતી. અમે બીજા નેતાઓ જેવા નથી જે વારંવાર તોડી-મરોડીને વાત કરે અથવા અનુકૂળતા મુજબ ભૂમિકા બદલે. મૂળભૂત રીતે, અમે પક્ષ, કાર્યકરો અને તેમના આત્મસન્માનને ભૂલીને સમાધાન કરતા નથી, કારણ કે કાર્યકરોની તાકાત એ જ પક્ષની ખરી તાકાત છે. તેથી અમે

(જુઓ પાનું ૪) ▶▶

# શરદ પવાર એનડીએમાં જોડાઈ જશેઃ કૉંગ્રેસી નેતા

મુંબઈઃ મહાનગરપાલિકા ચૂંટણીમાં અભૂતપૂર્વ ઉથલપાથલ જોવા મળી રહી છે. ૧૨થી વધુ જગ્યાએ મહાગઠબંધનમાં તિરાડ પડી છે. આ બેઠકો પર ભાજપ અને શિવસેના એકબીજા સામે લડશે. બીજી તરફ પુણેમાં કોંગ્રેસ અને વંચિત બહુજન આઘાડી (વીબીએ) ગઠબંધન તૂટી ગયું છે. વીબીએના અધ્યક્ષ પ્રકાશ આંબેડકરે માહિતી આપી હતી કે પુણેમાં પાટીલોને કારણે અમારું કોંગ્રેસ સાથેનું ગઠબંધન તૂટી ગયું છે. પ્રકાશ આંબેડકરે પુણેમાં વંચિત બહુજન આઘાડીને પોતાની તાકાત પર લડવાનો આદેશ આપ્યો હતો. બેઠકોની વહેંચણીને કારણે કોંગ્રેસ અને વંચિતનું ગઠબંધન તૂટી ગયું છે. મીડિયા સાથે વાત કરતી વખતે આંબેડકરે બીજો એક ધડાકો પણ કરતા ચર્ચા થઈ રહી છે.

પ્રકાશ આંબેડકરે જણાવ્યું હતું કે જો કોઈ મુંબઈમાં કોંગ્રેસ સાથેના અમારા ગઠબંધનથી

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

# બાઈક ટેક્સી ઓપરેટરો દ્વારા થયેલા ઉલ્લંઘનો ટ્રાન્સપોર્ટ પેનલની નજરે ચઢ્યા

મુંબઈ : ૧૮ ડિસેમ્બરના રોજ યોજાયેલી એસટીએની મીટિંગની મિનિટ્સ મુજબ, મહારાષ્ટ્ર બાઇક ટેક્સી નિયમો, ૨૦૨૫ ના પાલનની તપાસ કરવા માટે નિયુક્ત પરિવહન વિભાગની સમિતિએ એમએમઆરમાં બાઇક ટેક્સી ઓપરેટરો ઉબેર, રેપિડો અને ઓલા દ્વારા અનેક ઉલ્લંઘનો શોધી કાઢ્યા હતા. જેમ કે ટેક્સી તરીકે નોન-ઇલેક્ટ્રિક અને ખાનગી બાઇકનો ઉપયોગ, ૧૩ માર્ચના આદેશ હેઠળ એસટીએ દ્વારા મંજૂર કરાયેલા ભાડા કરતાં વધુ ભાડું વસૂલવું, ૧૫ કિલોમીટરની માન્ય મર્યાદાથી વધુ મુસાફરોને લઈ જવું અને ડ્રાઈવરોની ફરજિયાત પોલીસ ચકાસણી વિના સેવાઓ ચલાવવી.મિનિટ અનુસાર, પરિવહન વિભાગે અત્યાર સુધીમાં ત્રણેય કંપનીઓની કુલ ૮૬૩ બાઇક ટેક્સીઓ પર દંડ ફટકાર્યો છે.

રેકોર્ડ મુજબ રોપેન ટ્રાન્સપોર્ટેશન સર્વિસીસ પ્રાઇવેટ લિમિટેડ (રેપિડો) દ્વારા સંચાલિત બાઇક ટેક્સીઓને સૌથી વધુ ૭૦૨ને દંડ ફટકારવામાં આવ્યો હતો, ત્યારબાદ ઉબેર ઇન્ડિયા સિસ્ટમ્સ પ્રાઇવેટ લિમિટેડ (ઉબેર) ૮૫ અને ટેક્નોલોજીસ

(જુઓ પાનું ૪) ▶▶

# ‘ભાડા પર કે પેઈંગ ગેસ્ટ તરીકે રહેતા હોવ તો નોકરી નહીં’

### એક કંપનીના નિયમ પર સોશ્યલ મીડિયામાં ટીકાઓનો વરસાદ

મુંબઈઃ ભાડાના મકાનમાં અથવા પેઈંગ ગેસ્ટ તરીકે રહેતા હોવ તો નોકરી માટે અરજી જ કરશો નહીં, એવો ફતવો મુંબઈની એક કંપનીએ બહાર પાડ્યો છે. જેનો સ્ક્રીનશોટ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેને કારણે સોશિયલ મીડિયા પર આ બાબતે જોરદાર ચર્ચા શરૂ થઈ હતી.

નોકરી સંદર્ભે કંપનીએ આપેલી જાહેરાતમાં કહેવામાં આવ્યું હતું કે, આધાર કાર્ડ મુંબઈના સરનામાનું હોવું જોઈએ. પેન કાર્ડ પણ હોવું જરૂરી છે. આ ઉપરાંત જે ઉમેદવારો ભાડાના મકાનમાં અથવા પેઈંગ ગેસ્ટ તરીકે રહે છે, તેઓ આ નોકરી માટે પાત્ર નથી. તેમણે અરજી કરવી નહીં. આવો એક સ્ક્રીનશોટ સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. ત્યારબાદ સોશિયલ મીડિયા પર ટીકાઓનો પૂર ઉમટ્યો હતો.

કેટલાક લોકોએ એવું પણ કહ્યું છે કે આવી કંપનીઓ પગાર પણ ઓછો આપે છે. અન્ય વ્યક્તિએ કહ્યું હતું

કે જો નોકરીની ઈચ્છા રાખનાર

(જુઓ પાનું ૪) ▶▶

VIETNAM 11 DAYS



SCAN FOR MORE DETAILS
DEP DATES 22nd JAN | 05th FEB | 21st FEB | 07th MAR | 19th MAR | 11th APR
23rd APR | 07th MAY | 21st MAY | 04th JUN | 18th JUN | 26th SEP
PACKAGE INCLUSIONS
• Glass Bridge, Fansipan Mountain, Fanicular Ride, Basket Boat, Bana Hill, Cu Chi Tunnel અને Golden Bridge નો અદભુત અનુભવ.
• Halong Bay Cruise પર રાત્રી મુકામ નો અવિસ્મરણીય અનુભવ.
• રીટર્ન ઈકોનોમી ક્લાસ એરફેર.
• આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
• ગુજરાતી, હિન્દી અને ઇંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
• વીઝા, એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.
SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74

# ઘાટકોપરમાં ગળું ચીરી મહિલાની હત્યા કરવાના કેસમાં પડોશીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઉછીનાં લીધેલાં નાણાં પાછાં ન આપનારી મહિલાની ગળું ચીરી હત્યા કર્યા બાદ મૃતદેહને ઝાડીઝાંખરાંમાં ફેંકી દેવામાં આવ્યો હોવાની ઘાટકોપરમાં બનેલી ઘટનામાં પોલીસે પડોશીની ધરપકડ કરી હતી.

પંતનગર પોલીસે સોમવારે પકડી પાડેલા આરોપીની ઓળખ મોહમ્મદ ઈરફાન ઉર્ફે ચાંદ ફકરેઆલમ અન્સારી (૪૨) તરીકે થઈ હતી. કોર્ટે પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી આરોપીની વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે.

પ્રાથમિક માહિતી અનુસાર ઘાટકોપરના કામરાજ નગર સ્થિત રાયઝિંગ સિટીમાં રહેતી અમિનાબી સિદ્દીકી (૪૧)એ પડોશમાં રહેતા આરોપી અન્સારીની પત્ની પાસેથી સાડાછ લાખ રૂપિયા ઉછીના લીધા હતા. આમાંથી ત્રણ લાખ રૂપિયા સિદ્દીકીએ પાછા આપ્યા હતા, પરંતુ બાકીના સાડાત્રણ લાખ રૂપિયા હજુ ચૂકવ્યા નહોતા.

વારંવાર માગવા છતાં રૂપિયા પાછા ન મળતાં હોવાથી

(જુઓ પાનું ૪) ▶▶

# ટિકિટ ન મળતાં એનસીપીના કાર્યકરોનો નાગપુરમાં હંગામોઃ પાર્ટી ઑફિસમાં તોડફોડ

નાગપુરઃ નાગપુર મહાનગરપાલિકાની ચૂંટણી માટે ટિકિટ ન મળતાં નારાજ અજિત પવાર જૂથના એનસીપીના ઇચ્છુક ઉમેદવાર અને તેના સમર્થકોએ ભારે હંગામો મચાવ્યો હતો. રોષે ભરાયેલા કાર્યકરોએ પાર્ટી ઑફિસમાં તોડફોડ કરી હોવાનું પોલીસે જણાવ્યું હતું. નાગપુરના ગણેશ પેઠ વિસ્તારમાં નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર જૂથની શહેર અને ગ્રામીણ કચેરી આવેલી છે. ભાજપ સાથે યુતિ ન થતાં એનસીપીએ સ્વબળે ચૂંટણી લડવાનું નક્કી કર્યું હતું, જેને પગલે ઇચ્છુક ઉમેદવારોને ટિકિટ મળવાની આશા વધી હતી. એ સિવાય સોમવારથી પક્ષ દ્વારા ઇચ્છુક ઉમેદવારોને ‘એબી’ ફૉર્મ પણ વહેંચવાનું શરૂ કરાયું હતું.

મળતી માહિતી અનુસાર ઇચ્છુક ઉમેદવાર અવિનાશ પારડીકરને ટિકિટ ન મળતાં તે નારાજ થઈ ગયો હતો, જેને પગલે રાજકીય વાતાવરણ ગરમાયું હતું. રોષે

(જુઓ પાનું ૪) ▶▶

# ૧૫ જાન્યુઆરીએ નોકરિયાત વર્ગને ભરપગારે રજા

મુંબઈઃ ૧૫ જાન્યુઆરીના રોજ મુંબઈ, ઠાણે સહિત ૨૯ મહાનગરપાલિકાઓમાં યોજાનારી સામાન્ય ચૂંટણીમાં મતદાન કરવા માટે સરકાર દ્વારા તમામ નોકરિયાત વર્ગ માટે ભરપગારે રજા જાહેર કરવામાં આવી છે. આમ રાજ્યની તમામ સરકારી, અર્ધ-સરકારી અને ખાનગી સંસ્થાઓના તમામ કર્મચારીઓ માટે આ વર્ષની મકરસંક્રાંતિ ફળી છે.

આપણા લોકશાહી દેશમાં ૧૮ વર્ષથી વધુ ઉંમરના તમામ નોંધાયેલા નાગરિકો દરેક ચૂંટણીમાં મતદાન કરે તે અપેક્ષિત છે. આ બાબતને ધ્યાનમાં રાખતા, લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૩૫ (બી) મુજબ, મતદાનના દિવસે સામાન્ય રીતે મતદારો પોતાનો મતાધિકાર ભોગવી શકે તે માટે સવેતન રજા આપવામાં આવે છે અથવા કેટલીક જગ્યાએ કામના

(જુઓ પાનું ૪) ▶▶

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.